કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ત્રેપનમું · અંક સાતમો · માહે જુલાઈ · ઓગણીસ સો છોંતેર

સળંગ ૬૩૧મો અંક

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત



પટ્ટડકલમાં ઈ. ૭૪૫માં રચાએલા ભગવાન વિરૂપાક્ષના મંદિરના સ્તંભો પર કોરેલાં 'દર્પણો'ની અનુપમ કંડારણાનું એક દૃષ્ટાંત. જ્વાલાપુંજમાંથી નીંગળતા અશ્વ શા તેજીલા વેગે અગોચરમાં વિચરમાન બલાઢ્ય વૃષભરૂપી 'ઈહામૃગ'નું એક વિરલ શોભન.

(આ અંકમાંના લેખ 'કૌન્તલીય મંદિરોનાં શોભાંકનો'માંનું ચિત્ર ૧૨)



ચોમાસું
(કલાકાર: ના. શ્રી. બેન્દ્રે)

'ઋતુસંહાર'માં કાલિદાસને પ્રાવૃટ્વર્ણનની પ્રેરણા કઈ રીતે મળી હશે એ આ ચિત્ર જોતાં સહેજે સમજી શકાશે. વર્ષાના છંટકાવથી કોળી ઊઠેલી ધરતીનું આ દર્શન દૃષ્ટિ અને અંતર બંનેને તૃપ્ત કરે છે. કલાકારે પોતાના ચિત્રફલકની મર્યાદામાં યે કોઈ ઊંચી ટેકરી પરથી દેખાતા વિશાળ ભૂમિપટને અહીં અજબ કૌશલથી આલેખ્યો છે. પગ તળેના ઢાળ પરથી વૃક્ષોની હારેહારે નજરને નીચે ઉતારી, તળેટીના વિશાળ પટમાં ફેરવીને પછી દૂરદૂરની ટેકરીઓ પર ચડાવી છેક તેની પેલી મેર સુધી પહોંચાડીને વિસ્તૃત દૃશ્ય-વિસ્તારને એમણે આવરી લીધો છે. દૂર તળેટીમાં દેખાતું નવસલિલથી તૃપ્ત જલાશય, ચોપાસ પ્રસરેલી હરિયાળી રંગછટામાં પ્રાણ પૂરે છે એટલું જ નહિ, પણ પેલી દૂરની ટેકરીઓ પર ઝળૂંબી રહેલા મેઘાચ્છાદિત આકાશના અ-તીવ્ર પ્રકાશને પ્રતિબિંબિત કરીને ચિત્રમાં એક અનોખી તેજઆભા પ્રકટ કરે છે. પ્રમાણભારવાળા સંયોજન દ્વારા ચિત્રમાં સધાએલું ઊંડાણ, મોટે ભાગે એક-લીલા-રંગની વૈવિધ્યસભર રંગછટા, ને તેની વચ્ચે જલાશય, તથા ટેકરીઓ પર કેવળ થોડાશા દેખાતા આકાશ વડે કલાકારે તેજછાયાનું જે સમતોલન જાળવ્યું છે એ કેવળ એમની કલાદૃષ્ટિ જ નહિ એમના કલાકૌશલનું પણ દ્યોતક છે.

(બ્લૉકો: કલાકારના સૌજન્યથી)

પરબે / રાજેન્દ્ર શાહ

• ગાન •

લીમડાની છાયમહીં માટલું મેલીને બેસું બગડે બપોરના ઉનાળુ,
આવતાં-જતાંને જરા ટાઢક નીરીને, સૂના મારગને તીર દંન ગાળું.

કૂવેથી કોશનો ન લ્હેકો
ન ઊડતો યે પંખીનો સૂર, નહિ પાવો,
કોઈ રે ખૂણેથી હોલું બોલે ક્યારેક–
સૂના રાનમહીં એ જ એક લ્હાવો;
ખુલ્લી તે સીમની લૂ આંહીંભીની થાય, ને હું સોણલેઘડીક આંખ ઢાળું.

ઝાંઝરીની છોળ જાણે હોય ના બોલાવતી,
અરધી તે ઊંઘમાંથી એમ કૈં ડોલાવતી.
કોરે મૂકેલ કાળી ઠીબમાંથી કૂતરું કો
લબકારે લેતું જાય પાણી,
વાંકી તે પૂંછડીને આછી હલાવતું
પોતે પરાયું નહિ જાણી;
આ રે ઘડૂલિયે આવે પાતાળ, હું તે કોઈને ય કેમ કરી ટાળું?

કોઇ લ્યો રે! / હરીશ મીનાશ્રુ

• ગાન •

ફાગણ વચ્ચે ગંધ-છકેલું ફળિયું તે કોઈ લ્યો રે!
ટહુકે ટહુકે કોયલ જેવું
મઘમઘવાની હોડ બકેલું ફળિયું તે કોઇ લ્યો રે!

કોક ફૂલના ઉઘાડ જેવું
જતું-આવતું રૂપ ઉઘાડેછોગ ઘૂંટતું ફળિયું તે કોઇ લ્યો રે!
લથબથ શમણાંની છાલક જેવું ભીંજવતું
છલ્લંછલ્લા ઊંઘ ચૂંટતું ફળિયું તે કોઇ લ્યો રે!

ભૂલકાંઓની ઇટ્ટાકિટ્ટા હથેળિયુંમાં
છબછબિયાં કરતું વરસાદી ફળિયું તે કોઇ લ્યો રે!
ઘરડેરાંની એકલવાયી આંખ્યે
ટાઢુંટબૂકલું ગેરવતું ભીનુંછમ અવસાદી ફળિયું તે કોઇ લ્યો રે!

નવરાતરની રમઝટ રાતે
ગરબે રમતી કુંવારકાનાં ફેરફૂદરડી પગલાંની કુમાશ
વેરતું ઝાંઝર-ભીનું ફળિયું તે કોઇ લ્યો રે!

ગધાપચીસીની નજરુંમાં
કોક રૂપાળી કન્યા કેરા ચકળવકળ ઉલ્લેખ જેટલું
ટીખળ-ભીનું ફળિયું તે કોઇ લ્યો રે!

છાતી પર માએ લીંપેલી હળુહળુ ઓકળિયું તે કોઇ લ્યો રે!
ગયા જનમનાં ગલગલિયાં જેવું ગમતીલું ફળિયું તે કોઇ લ્યો રે!

વનમાં પ્રવેશે? / ગીતા પરીખ

• મિશ્ર •

આજે ખરે તું વનમાં પ્રવેશે?

આ આંગણે તો ભણકારતા હજી
દોરી કૂદંતા પદ કૂમળા તવ;
મસ્તીભરી પાયલ–ઝંકૃતિની
હજી અહીં રેલમછેલ વ્હેતી.
ને પીઠી–ભીનાં પગલાં તણો યે
હજી સુકાયો નહિ રંગ આંહી.
શમે બધું શેં સ્થિર-ગંભીરા થઈ
પીઢત્વમાં? તું વનમાં પ્રવેશે?!

ના, ના; અહીં તો ઋતુઓની લીલા
થંભી ગઈ છે ચિર કો વસંતે!

છે / જયંત વસોયા

• ગઝલ •

જેટલો આકાશનો વિસ્તાર છે
એટલો મુજ શબ્દનો વ્યાપાર છે.

દર્પણોમાં જોઈને થાકી ગયો,
થાય છે કે બિંબ પણ હદપાર છે.

લાગણીને ત્રાજવે તોળી જુઓ,
સાવ હળવી યાદમાં પણ ભાર છે.

કઇ દશામાં હું શ્વસું છું–શી ખબર,
છે મજા—કે મૌનનો સહકાર છે.

છાપરું / બટુકરાય પંડ્યા

• ગઝલ •

સંસ્મરણમાં સળવળે છે છાપરું,
મીણ થઈને પીગળે છે છાપરું;
ચાંદની છે ને વિજોગણ રાત છે,
ક્યાંક ડૂસકાં સાંભળે છે છાપરું.

મોભને ખીલા જડેલા જોઇને
દુઃખમાં ભેગું ભળે છે છાપરું;
આભમાંથી લૂ ઝરે વૈશાખની,
ભીતરે ભડકે બળે છે છાપરું.

હાથતાળી દઈ ગયો મનમેહુલો,
નેવે નેવે ટળવળે છે છાપરું;
આંકડા ભીડેલ નળિયાં સામટાં
બથ ભરી ઘેરી વળે છે છાપરું.

કાગડે કાગ્ કાગ્ કર્યું છે ત્યારથી–
છાના પદરવ સાંભળે છે છાપરું.

ઢોંગ

ફાધર વાલેસ

'ઢોંગ' શબ્દ સાંભળતાં આપણે સૌ અસ્વસ્થ થઈએ છીએ. તો યે આજકાલ એ ઘણો સાંભળવો પડે છે. યુવાન પેઢીને ઢોંગ ખપતો નથી. નવા યુગમાં ઘણાં પાપ માફ થાય છે, પણ ઢોંગનું પાપ તો નહિ.

અને એ નવા યુગનો એક મોટો ઉપકાર છે. એણે આપણો ઢોંગ છતો કર્યો છે. પડદો ખસેડચો છે, બુરખો તોડચો છે, શણગાર ઉતાર્યો છે. સમાજની પોલ ઉઘાડી કરી મૂકી છે. એથી સમાજને રોષ થયો છે, પણ ભારે મોટો લાભ પણ થયો છે.

સારા શબ્દો લઈને આપણે ઢોંગનો વ્યવહાર ઢાંકતા હતા. વિવેક, શિષ્ટાચાર, સભ્યતા. સારો દેખાવ અને સૌમ્ય વર્તન અને મીઠા શબ્દો. ભદ્ર સમાજ અને ઊજળા વર્ગો. હા; અને ઢોંગ અને દંભ અને પોલ, ખોટું તો ઘણું હતું, પણ દેખાતું ન હતું. હવે ખોટું ઘણું દેખાય છે એટલે લોકો અફસોસ કરે છે. પણ ખરો અફસોસ પહેલાંનો જ હતો, ખોટું દેખાતું ન હતું તો ય હતું જ એ સાચો અફસોસ હતો. હવે ખોટું બહાર લાવ્યા એ માટે તો અભિનંદન જ ઘટે. રોગ હતો. છૂપો હતો. કોઈને ખબર નહોતી. હવે એ રોગ બહાર આવ્યો છે. સૌને દેખાય છે. સારું થયું. એનો ઉપાય કરી શકીશું.

આજના યુવાનો બહારનો 'વિવેક' નથી પાળતા, ચિત્રવિચિત્ર કપડાં પહેરે છે, અસ્તવ્યસ્ત વાળ રાખે છે, પરંપરા સાચવતા નથી તેનું આ કારણ છે. વિવેક ને સભ્યતાની સામે એમને વાંધો તો નથી, પણ જૂની પેઢીના હાથમાં વિવેક અને સભ્યતા ઢોંગનું ઢાંકણું બની ગયાં હતાં એટલે જ તેઓ એનો વિરોધ કરે છે. ઔપચારિક દેખાવ તો દેખાવ જ બની ગયો હતો, એટલે હવે યુવાન લોકોએ એવા ઔપચારિક દેખાવનો અસ્વીકાર કર્યો છે અને વિચિત્ર બેઢંગ બેહૂદા દેખાવો ધારણ કરે છે. દેખાવનો જ વિરોધ છે. સારો માણસ સારાં કપડાં પહેરે એવી સમજૂતી હતી, એટલે સારાં કપડાં પહેરે એ સારો માણસ થાય એવું સમીકરણ થયું હતું. માટે હવે કેટલાક યુવાનો ફાટેલાં જ કપડાં પહેરે, ભિખારીનો જ વેશ ધારણ કરે, જેથી એ સમીકરણ તૂટે. દેખાવની સામે દેખાવ છે.

દેખાવ જાય ત્યારે આપણી સલામતી જાય. દેખાવની પાછળ આપણે સુરક્ષિત હતા. કોઈ પૂછતું નહોતું ને કોઈ તપાસ કરતું નહોતું. આપણો કેવા છીએ એ આપણે જાણીએ અને આપણે ભગવાન જાણે; બાકી એમાં કોઈને કંઈ પૂછવાનો અધિકાર ન હતો. પણ હવે પૂછે છે અને તપાસ કરે છે—અને જવાબ આપવો પડે છે ને ખુલ્લા થવું પડે છે. આપણા પૈસા આવે છે તે ક્યાંથી આવે છે, આપણા ઘરમાં ચાલે છે—અરે આપણા મનમાં ચાલે છે તે શું ચાલે છે એ કહેવાની ફરજ પણ હવે પડે છે. ખુલ્લો જમાનો છે. ઉઘાડું વર્તન છે.

વર્તન જાહેર થાય એનો ક્ષોભ લાગે. પણ વર્તન જાહેર થવાનું છે એ જાણીએ તો એનો ફાયદો થાય, કેમ કે એ ખયાલથી વર્તન શુદ્ધ રાખવા પ્રેરણા મળે. ગુપ્ત રહેવાનું હોય એ કાર્ય ખોટું પણ હોય, પણ જાહેરમાં આવવાનું હોય એ કાર્ય શુદ્ધ જોઈએ, અને તેથી એ શુદ્ધ રાખવા પ્રયત્ન કરીએ. ઢોંગ જાય ત્યારે સગવડ જાય, એટલે કે દુરાચાર ઢાંકી રાખવાની સગવડ જાય; પણ ઢોંગ જાય ત્યારે શુદ્ધતા આવે, કારણ કે સદ્વર્તન રાખવાની જરૂર જણાય. હિસાબ તપાસાશે એની ખાતરી છે, માટે એ ચોખ્ખો રાખીએ ને!

અને હિસાબ પૂરો ચોખ્ખો નહિ રખાય તો ય એનો ખયાલ રહેશે, અને એથી નમ્ર થવાશે, ને હોઈએ તેવા દેખાઈએ એનો સંતોષ રહેશે. વર્તન હવે ખુલ્લું છે, માટે આપણાથી બને એટલું સારું ને ચોખ્ખું એ રાખીએ; અને જેમાં ન બને એમાં આપણી મર્યાદા જોઈને હકીકત સ્વીકારીએ, કે આટલી ઊણપ છે તે આપણે જાણીએ છીએ ને ભલે બીજા જાણે. એટલે ઊણપની સાથે સચ્ચાઈ છે, ભૂલની સાથે પ્રાયશ્ચિત્ત છે. આપણે જોઈએ તેટલા સારા નથી, પણ એનો એકરાર પણ છે, ને એમાં આપણો ઉગારો છે.

સાહિત્યમાં આત્મકથાઓ તો પહેલાં પણ લખાતી હતી, પરંતુ જૂની અને નવી આત્મકથાઓમાં ફેર છે. આધુનિક આત્મકથાઓ જે નિખાલસતાથી, ખુલ્લા દિલથી, અંતરના ભાવો પણ અને અપ્રિય પ્રસંગો પણ વ્યક્ત કરીને લખાય એ રીતે પહેલાં તો લખાતી નહોતી. કોઈ વખત ચોંકાવનારી હકીકતો અને શરમની બીનાઓ પણ, આજની આત્મકથાઓમાં વાંચવા મળે છે. લેખક પોતાનું જીવન ખુલ્લું કરે એટલે ખુલ્લું જ કરે. સારી વાતોની સાથે ખરાબ પણ જણાવી દે છે. આજે વાચકોની એ અપેક્ષા છે અને લેખકોની એ તૈયારી છે. આજે નર્યું સત્ય જોઈએ, પૂરું વૃત્તાંત જોઈએ. અને એ કહેવા તૈયારી ન હોય તો આત્મકથા ન લખી શકાય.

આત્મકથા તો આપણે લખવાના નથી, પણ આત્મકથા લખી શકાય એવું નિખાલસ જીવન જોઈએ. બારીઓ ખુલ્લી છે. દુનિયાને જોવા દો. કંઈ જ ખાનગી નથી, કંઈ જ છૂપું નથી. આપણી ભૂલો પણ છુપાવવી નથી ને આપણી ઊણપો ઢાંકવી નથી. બધાને જોવા દો. જેવા હોઈએ તેવા દેખાઈએ. સારુ પાસું પણ આવે અને ખરાબ પણ આવે. ખરાબ પાસું દેખાય તો જ સારુ પણ સાચું મનાશે ને? બધું સારુ સારુ દેખાય એ સાચું કેમ હોય?

જીવનમાં મિશ્રણ છે. માટે મિશ્રણ દેખાશે તો જ સાચું જીવન હશે. હૃદયમાં સારા-નઠારા ભાવો છે. માટે સારા-નઠારા ભાવો દેખાશે તો જ સાચું હૃદય હશે. અને આપણે તો સાચું હૃદય બતાવવું છે. જેવું છે તેવું. બીજી મૂડી નથી, અને જે છે તે દુનિયાની આગળ ધરવી છે. પહેલાં તો સંકોચ હતો. આ જેવુંતેવું દિલ દુનિયા જોશે તો શું કહેશે? જૂના જમાનામાં હોત તો સાહસ પણ ન થાત. પણ નવા યુગમાં એ સાહસ કરવાની છૂટ મળી છે, અરે ફરજ પડી છે. હવે દિલ જેવું છે તેવું બતાવી શકાય—અને બતાવવું જોઈએ. સંકોચનો અંત આવ્યો અને ઢોંગનો અંત આવ્યો. મોટો ઉપકાર થયો.

વર્તમાન યુગનું એક પાયાનું મૂલ્ય નિખાલસતા છે. ખુલ્લું દિલ, સીધો વ્યવહાર, જગજાહેર જીવન. એકબીજાનું સાચું મોં જોવાનું. એકબીજાનું સાચું દિલ પરખવાનું. એ નવી ઓળખાણમાં નવા અને ઊંડા અને સાચા સંબંધોની આશા છે. □


સમાજ કે ધર્મે ઘડેલાં બીબાંમાં રહી નિશ્ચેતન ઢીંગલીઓ બનશો મા. તપથી શક્તિ મેળવજો; ભાવનાથી શુદ્ધિ મેળવજો; અભ્યાસથી કાર્યદક્ષતા મેળવજો; જ્ઞાનથી સંસ્કારસમૃદ્ધિ ભેગી કરજો; છે તે જ જીવનમાં રસ કેળવી ઉલ્લાસ અનુભવજો;—અને આમ ઘડાએલી માનવતાને વ્યક્ત કરજો—શબ્દમાં, વિચારમાં, ચારિત્ર્યમાં ને કર્તવ્યમાં,—કોઇનો ભય ધાર્યા વિના, કશાની આશા રાખ્યા વિના. ગુજરાતને મહાન રાષ્ટ્ર થવું હોય, સંસ્કારનો મંત્ર દેવો હોય, તો તેની ઊગતી પ્રજાએ આ માનવતા સર્જાવવી જ પડશે.

આજથી બરાબર પચાસ વર્ષ ઉપર, ઈ. ૧૯૨૬માં, કનૈયાલાલ મુનશીએ 'કુમાર'ના વાચકો માટે મોકલેલો જીવન સંદેશ.

ટૉમસ જેફર્સન

કાનૂન, રાજનીતિ, ઇતિહાસ, ગણિત, કૃષિશાસ્ત્ર, વૈદક, ધર્મ, તત્ત્વજ્ઞાન, ભાષા, સાહિત્ય, સંગીત, સ્થાપત્ય વગેરે અનેક ક્ષેત્રના સમકાલીનોમાં અગ્રગણ્ય; વિવિધ વિજ્ઞાનના સંશોધનાત્મક અભ્યાસનો સ્થાપક; અનેક વ્યાવહારિક સાધનોનો શોધક; ચુનંદો કલમબાજ તથા વ્યક્તિસ્વાતંત્ર્યનો પૂજારી, વર્જિનિયા યુનિવર્સિટી અને

અમેરિકાના સ્વાતંત્ર્યનો ઘડવૈયો





લેખક • **અશોક હર્ષ**

કેટલીક વ્યક્તિઓને એમનાં કાર્યો મહાન બનાવે છે, કેટલીકને એમનાં વક્તવ્યો અને વિચારો. અમેરિકાએ આમાંની બીજી શ્રેણીમાં આવતો એક એવો મહાપુરુષ પેદા કર્યો, જેણે એ નવી દુનિયામાંથી બ્રિટિશ સામ્રાજ્યની જડ ઉખેડી નાખીને 'યુનાઈટેડ સ્ટેઈટ્સ' નામનું નવું જ રાષ્ટ્ર જગતના નકશા પર અંકિત કર્યું. જ્યૉર્જ વૉશિંગ્ટનની જેમ જ ત્યાંના વર્જિનિયા સંસ્થાનમાં જન્મેલા એ મહાપુરુષનું નામ ટૉમસ જેફર્સન. વૉશિંગ્ટન જો અમેરિકન આઝાદીનો લડવૈયો હતો, તો જેફર્સન એ આઝાદીનો ઘડવૈયો હતો.

ટૉમસના વડવા વેલ્સથી આવી વર્જિનિયામાં વસેલા. તેના પિતા પીટર જેફર્સને એક ચુનંદા મોજણીદાર તરીકે નામ કાઢેલું. રિવાન્ના નદીને કાંઠે એણે શેડવેલ મુકામે જમીન ખરીદીને ત્યાં જ વસાહત સ્થાપી. વર્જિનિયાના છેક પશ્ચિમ છેડે વસેલો તે ત્રીજો કે ચોથો વસાહતી હતો. એ નિર્જન અને અણખેડ ભૂમિ ઉપરનું જીવન ત્યારે ભારે કપરું હતું. માણસની કિંમત ત્યારે તેનાં બાવડાંના બળ પરથી અંકાતી, નહિ કે તેણે સંચિત કરેલી સંપત્તિ પરથી. વર્જિનિયા અને ઉત્તર કૅરોલિના રાજ્યો વચ્ચેની સીમારેખા જોશુઆ ફ્રાય સાથે મળીને એણે નક્કી કરી એટલું જ નહિ પણ વર્જિનિયાનો સંપૂર્ણ ચોકસાઈપૂર્વકનો પહેલો નકશો પણ એણે જ તૈયાર કરેલો. આ પીટર અને તેની પત્ની જેન રૅન્ડૉલ્ફનું ત્રીજું સંતાન ટૉમસ. ઈ. ૧૭૪૩ના એપ્રિલની ૧૩મીએ શેડવેલ મુકામે તેનો જન્મ.

પીટર જેફર્સને પોતાનું ઘડતર જાતકેળવણીથી જ કર્યું હતું અને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન હાંસલ કર્યું હતું, પરંતુ ભણતરની કિંમત એ પૂરેપૂરી સમજતો હોઈ પોતાના પુત્ર ટૉમસને માટે તે કાળે ઉપલબ્ધ સારામાં સારા શિક્ષણનો તેણે પ્રબંધ કરેલો. ટૉમસની પણ જ્ઞાનપિપાસા એટલી પ્રબળ હતી કે હાથલાગ્યું એકેએક પુસ્તક તે વાંચી કાઢતો. શેડવેલની રક્તિમ ટેકરીઓ પર તેનાં વાચનમનન ચાલુ જ રહેતાં. ગ્રીક, લૅટિન અને ફ્રેન્ચ શીખી તેણે પુરાણી પ્રશિષ્ટ કૃતિઓ સાથે સમકાલીન સાહિત્યનો યે રસાસ્વાદ માણવા માંડયો. પરંતુ એનો ઉત્સાહ કેવળ વિદ્યાભ્યાસંગ પૂરતો જ મર્યાદિત નહોતો. એ એક ચુનંદો ઘોડેસવાર અને અચૂક નિશાનબાજ પણ હતો, અને વાયોલિન-વાદનમાં તો એની સિદ્ધહસ્તતાને લઈને એકેએક મહેફિલમાં તે સત્કાર પામતો.

ઈ. ૧૭૬૦માં તે વિલિયમ ઍન્ડ મૅરી કૉલેજમાં દાખલ થઈ બે વર્ષે સ્નાતક થયો. અહીં ડૉ. વિલિયમ સ્મૉલે એનામાં ગણિત અને વિજ્ઞાનનો રસ જાગ્રત કર્યો અને વર્જિનિયાના એ સમયના નામાંકિત કાયદાશિક્ષક જ્યૉર્જ વાઈથ સાથે પરિચય કરાવી આપ્યો, જેની દોરવણી નીચે ટૉમસે કાયદાનો અભ્યાસ કરી, વકીલાતની પરીક્ષા પાસ કરી ચોવીસમે વર્ષે એણે પ્રૅક્ટિસ શરૂ કરી, ને થોડા સમયમાં જ એક સફળ વકીલ તરીકે તે ઝળકી ઊઠયો. અમેરિકન ક્રાન્તિએ અદાલતો બંધ કરાવી ત્યાં સુધીમાં તો જેફર્સન તેની બંડખોર વિચારસરણીને લઈને તેના સંસ્થાનના અને પછી સમગ્ર દેશના નેતૃત્વ માટે સમર્થ બની ચૂકયો હતો.

ક્રાન્તિ પૂર્વેના સમયનો ઉપયોગ જેફર્સને પોતાની વકીલાત જમાવવા પાછળ તેમજ પોતાના બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસ પાછળ કરેલો. ઈ. ૧૭૫૭માં પિતાનું અવસાન થતાં માતા, છ બહેનો અને નાના ભાઈની જવાબદારી એના પર આવી પડયા છતાં એ જરાયે ક્ષુબ્ધ નહોતો થયો, કારણ એ પિતાની જેમ જેટલી ઉત્કટ જિજ્ઞાસા ધરાવતો હતો એટલું જ એના જેવું દૃઢ મનોબળ પણ ધરાવતો હતો. વર્જિનિયાના ખેડૂવર્ગની ચાલી આવતી પરંપરામાં જ ખૂંચી રહેવાને બદલે એણે પોતાની શક્તિઓ જુદી જ દિશામાં વાળી—જૂનવાણી સમાજનો અંત લાવી નવા સમાજનું નિર્માણ કરવાની. એના પિતરાઈઓને એ અવારનવાર જે શિખામણ આપતો રહેતો એ એક રીતે જોતાં એની જીવનદૃષ્ટિની દ્યોતક છે કે, 'પ્રામાણિક હૃદય એ અવ્વલ દરજ્જાનો આશીર્વાદ છે, સુજ્ઞ મગજ એ પછીના દરજ્જાનો.' એના કહેવા પ્રમાણે, કાયદાએ તેને માનવીની કાળી બાજુ બતાવી આપી, કવિતાએ ઊજળી. આમ કાયદા ને કવિતાની સમતુલા જાળવતા જેફર્સને કૃષિશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રનો રસ પણ ઓછો નહોતો કેળવ્યો, શેડવેલ મુકામેના એના ઘરની સામે આવેલી ટેકરી પર સાફસૂફી આદરી તેણે એને 'મૉન્ટીસેલો' (ઈટાલિયનમાં 'નાનો પર્વત') નામ આપ્યું અને ત્યાં પોતાને મનપસંદ નવું



છવ્વીસ વર્ષની વયથી જેફર્સને આલ્બેમેરલ કાઉન્ટીમાં એક ઉચ્ચોચ્ચ ટેકરી પર પોતાની રુચિ પ્રમાણે એક ઘર બાંધવાની યોજના ઘડવા માંડી હતી. એ માટે એણે જાતે અનેક નકશા કરેલા. નાનકડા ડુંગર માટેના ઇટાલિયન શબ્દ પરથી એણે એના ઘરને 'મૉન્ટેસીલો' નામ આપેલું. એના ઘરની આસપાસના પાંચ હજાર એકરમાં પથરાએલી પોતાની જમીન પર એ ખેતી અને બાગબાનીના અવનવા પ્રયોગો અજમાવતો. યુરોપમાં એણે જોએલાં રોમન સ્થાપત્યનાં કલાત્મક તત્ત્વોને એણે અહીં આગવી રીતે પ્રયોજ્યાં હતાં. વર્જિનિયામાં એણે બીજાં પણ ઘણાં મકાનોની રચના કરેલી જેમાં 'પૉપ્લર ફૉરેસ્ટ', 'ફાર્મિંગ્ટન', 'બ્રેમો', 'બાર્બોર્સવિલે' વગેરે આજે યે ખ્યાત છે. એક રીતે અમેરિકન સ્થાપત્યરચનાની આગવી લાક્ષણિકતાનો એ જનક હતો. 'સ્થાપત્ય એ એનો એક આનંદદાયક વ્યાસંગ હતો. વર્જિનિયા યુનિવર્સિટીના રેક્ટર નિમાયા પછી એણે એને એક ઉચ્ચોચ્ચ વિદ્યાધામ બનાવવાની ભવ્ય કલ્પના પણ વિચારી હતી.

મકાન બાંધવા માંડ્યું. પરંતુ એ ત્યાં રહેવા જાય એ પહેલાં શેડવેલવાળું મકાન આગમાં ભરખાઈ જતાં તેનાં પુસ્તકો, કામનાં કાગળિયાં વગેરે તેમાં સ્વાહા થઈ ગયાં. આ અંગે એક મિત્રને લખેલા પત્રમાં તેણે જણાવેલું : 'લગભગ ૨૦૦ પૌંડનાં પુસ્તકોને બદલે એટલી કિંમતની ચલણી નોટો સળગી ગઈ હોત તો મને તેનો જરા યે અફસોસ ન થાત.'

ઈ. ૧૭૭૦માં એ મૉન્ટીસેલો રહેવા ગયો એના આગલા વર્ષે તે વર્જિનિયાની ધારાસભા (હાઉસ ઑવ બર્જેસીસ)માં ચૂંટાએલો, ને ૧૭૭૫માં તે વિખેરી નંખાઈ ત્યાં સુધી તેનો સભ્ય રહ્યો. મૉન્ટીસેલો મુકામેના નિવાસ દરમિયાન એ ખેતી માટેનાં બીઆરણ, ખાતર અને ઓજારો પાછળ જ દત્તચિત્ત રહ્યો. ચાલુ હળમાં એણે કેટલાક સુધારા કર્યા જેથી હળપતિઓનું કામ પહેલાંના કરતાં ઘણું સરળ બની રહ્યું. ખેતીવાડીનો તેનો આ શૉખ આજીવન ટકી રહેલો. જ્યૉર્જિયા અને દક્ષિણ કૅરોલિનામાં ડાંગર અને ઑલિવની ખેતીનો પ્રવેશ એણે જ એની ઉત્તરાવસ્થામાં કરાવેલો, જે પર એ ઓછો મગરૂબ નહોતો. એના કહેવા પ્રમાણે, 'કોઇ પણ દેશમાં કોઈ ઉપયોગી વનસ્પતિનો ઉમેરો એ તેની સંસ્કૃતિની મોટામાં મોટી સેવા ગણાય.' સ્થપતિ તરીકે પણ એની ખ્યાતિ ઓછી ન હતી, અન મૉન્ટીસેલો મુકામેનો પોતાનો નિવાસ પોતાને પૂર્ણ સંતોષપ્રદ ન નીવડે ત્યાં સુધી તેના નિર્માણ અને પુનર્નિર્માણ પાછળ વર્ષો લેખે સમય અને હજારો લેખે નાણાં તે ખરચતો રહેલો.

ઈ. ૧૭૭૨ના જાન્યુઆરીની ૧લીએ ૨૪ વર્ષની માર્થા (વેલ્સ) સ્કેલ્ટન સાથે લગ્નગ્રંથિથી તે જોડાયો. જૉન વેલ્સની એ પુત્રી નાનપણમાં બાથર્સ્ટ સ્કેલ્ટનને પરણેલી અને તેનાથી એને એક પુત્ર પણ થએલો, જે બાલ્યાવસ્થામાં જ મરી પરવારેલો. ટૉમસ જેફર્સન સાથેના પરિણીત જીવનમાં તેણે કુલ છ સંતાનોની ભેટ ટૉમસને આપી, જેમાંથી માત્ર બે પુત્રીઓ—માર્થા ને મેરી (અથવા મારિયા) જ પુખ્ત વયે પહોંચેલી. માર્થા સ્કેલ્ટન અત્યંત ખૂબસૂરત ગણાતી અને તેના દ્વિતીય પતિની તે પૂર્ણ પ્રેમભાજન રહેલી.

જમીનજાગીર, ઢોરઢાંખર, સંખ્યાબંધ ઘોડાઓ અને અનેક ગુલામો છતાં એ શાંતિભર્યા જીવનને બદલે જેફર્સનના તરવરિયા સ્વભાવ અને બંડખોર વિચારસરણીને રાજકારણની અશાંતિ વધુ આકર્ષક લાગી અને તે તરફ એ વધુ ને વધુ ખેંચાતો ગયો. અત્યાર સુધીમાં એને એ પ્રતીત થઈ ચૂક્યું હતું કે, બ્રિટન તેનાં આ અમેરિકન સંસ્થાનોના સુખ કે સ્વાતંત્ર્યની રજમાત્ર દરકાર વિના તેમનું જેમનું તેમ શોષણ જ કરતું રહેવાનું. એનો સવાલ એ હતો કે 'જે મુક્ત માનવીઓ નવી ભૂમિમાં ખૂન અને પસીનો રેડીને ઠરીઠામ થયા છે તેમના પર ૩૦૦૦ માઈલ દૂરના રાજા અને પાર્લમેન્ટનું શાસન શા માટે? જેની પાર્લમેન્ટમાં અમેરિકાનો એકે પ્રતિનિધિ નથી એવા એક બહારના રાષ્ટ્રની દખલ શા માટે?'

પરંતુ બ્રિટન એનાં અમેરિકન સંસ્થાનો પર વધુ ને વધુ કરબોજ લાદતું જ રહેતાં હવે તો હરેક સંસ્થાનવાસીને તેનો પ્રતિકાર અનિવાર્ય લાગ્યો—યુદ્ધ સુધ્ધાંનું પણ જોખમ ખેડીને. એવામાં, જેફર્સનના ધારાસભ્ય તરીકેના પાંચમા વર્ષમાં, ક્રાન્તિની ધૂંધવાતી મનોદશામાં ચીનગારી ચાંપનાર બૉસ્ટનનું પ્રખ્યાત ચા-પ્રકરણ ઊભું થયું. બ્રિટને નામચીન 'બૉસ્ટન પૉર્ટ ઍક્ટ' પસાર કરી બૉસ્ટનનું બારું બંધ કર્યું અને જેફર્સન મેદાને પડ્યો. વર્જિનિયાની ધારાસભાએ બૉસ્ટનવાસીઓની સહાનુભૂતિમાં ઉપવાસદિનની જાહેરાત કરી. વર્જિનિયાના બ્રિટિશ ગવર્નરે તુરત જ ધારાસભા વિખેરી નાખતાં જેફર્સને સંસ્થાનોના પૂર્ણ સ્વાતંત્ર્યની પોતાની માગ વધુ બુલંદ બનાવી. એણે તૈયાર કરેલી 'અ સમરી વ્યૂ ઑવ ધ રાઈટ્સ ઑવ બ્રિટિશ અમેરિકા'ની ૨૩ પાનાંની પુસ્તિકાએ તેને વર્જિનિયા સિવાયનાં સંસ્થાનોમાં પણ અપ્રતિમ લોકપ્રિયતા અપાવી. આ પુસ્તિકામાં એણે મોઘમ ધમકી આપેલી કે સંસ્થાનોનો કચવાટ જો દૂર કરવામાં નહિ આવે તો બ્રિટન તેની અમેરિકન પ્રજાનું તેની સાથેનું જોડાણ ગુમાવશે. અલબત્ત, આ ધમકી શિખામણરૂપે ગલેફાએલી હતી, પરંતુ એ શિખામણની અવગણનાથી ઊભી થનારી પરિસ્થિતિ વિષે સહેજ પણ શંકા રહેવા દેવામાં નહોતી આવી.

એક સંસ્થાન પરની આપત્તિને તમામ સંસ્થાનો પરની આપત્તિ ગણીને બધાં સંસ્થાનોના પ્રતિનિધિઓની કૉંગ્રેસ વરસે એક વાર કોઈ અનુકૂળ સ્થળે મળે એવો ઠરાવ ૧૭૭૪ના ઑગસ્ટની ૧લીએ વિલિયમ્સબર્ગ મુકામે મળેલા ધારાસભ્યોના સંમેલને પસાર કર્યો. આ અન્વયે પહેલી 'કૉન્ટિનેન્ટલ કૉંગ્રેસ' ફિલાડેલ્ફિયા મુકામે મળી અને બ્રિટિશ માલની આયાત બંધ કરવાના પ્રતિજ્ઞાપત્ર પર સહીઓ લઈ સાથોસાથ સમ્રાટ પર અરજી કરવાનું નક્કી કર્યું. જેફર્સન એની માતાની બીમારી તથા પાછળથી મૃત્યુના કારણે એમાં યથેષ્ટ ભાગ ન લઈ શક્યો, પરંતુ એ પછીની કૉંગ્રેસમાં એ અતિ મહત્ત્વની સમિતિ પર લેવામાં આવ્યો જેણે બૉસ્ટન મુકામે છાવણી નાખી પડેલા સરસેનાપતિ જ્યૉર્જ વૉશિંગ્ટન તરફથી બ્રિટન સામે બહાર પાડવામાં આવનાર જાહેરનામું તૈયાર કરવાનું હતું. જેફર્સને મુસદ્દો તૈયાર કર્યો, પણ તે વધુપડતો કડક લાગતાં જૉન ડિકિન્સને તે હળવો બનાવ્યો, એટલું જ નહિ, સમ્રાટ પર બીજી અરજી મોકલી આપી. જેફર્સન આ પછી પોતાની પત્ની અને ત્રણ વર્ષની પુત્રી પૅટ્સી સાથે રહેવા મૉન્ટીસેલો ચાલ્યો ગયો, પણ શાંતિથી રહી શક્યો નહિ; કારણ સંસ્થાનો તરફથી બ્રિટન સામે યુદ્ધની નોબત વાગી ચૂકી હતી. સંસ્થાનોનું સ્વાતંત્ર્ય એ હવે માત્ર ચર્ચાનો વિષય નહોતો રહ્યો. જેફર્સન પાછો ફિલાડેલ્ફિયા ઊપડી ગયો, અને એના ત્યાં પહોંચવાના બીજા જ દિવસે તા. ૧૫મી મે ૧૭૭૬ના રોજ કૉંગ્રેસે

ઠરાવ પસાર કરી દરેક સંસ્થાનને તેની પોતાની સરકાર નવેસરથી રચી લેવા એલાન આપ્યું. આ એલાન થતાં જ બ્રિટિશ તાજ તરફી ઘણાખરા અધિકારીઓ ડહાપણ વાપરી પોતાની જાતે જ તરત ખસી ગયા.

જેફર્સન સામે હવે તેના પોતાના અને દેશના ભાવિનું ચિત્ર સ્પષ્ટ ઊપસી આવ્યું. વર્જિનિયાના એના પ્રતિનિધિમંડળે ઈ. ૧૭૭૬ના જૂનની ૭મી ને શુક્રવારે કૉંગ્રેસ સમક્ષ એવો સ્પષ્ટ અને અસંદિગ્ધ પ્રસ્તાવ રજૂ કર્યો કે તેણે આ સંયુક્ત સંસ્થાનો મુક્ત અને સ્વતંત્ર છે અને ન્યાયોચિતપણે હોવાં જોઈએ એવી જાહેરાત કરી, બ્રિટિશ તાજ સાથેનું પોતાનું જોડાણ છેદી નાખી, ગ્રેટબ્રિટન સાથેના પોતાના તમામ રાજકીય સંબંધોનો અંત આણી દેવો જોઈએ. પ્રતિનિધિમંડળ તરફથી રિચાર્ડ હેન્રી લીએ પેશ કરેલા આ પ્રસ્તાવ પરની ચર્ચામાં ભારે વિવાદ ઊભો થતાં કૉંગ્રેસે વચલો માર્ગ કાઢયો કે એ પરનો નિર્ણય પહેલી જુલાઈ સુધી મુલતવી રાખવો, પરંતુ એ દરમિયાન, મજકૂર પ્રસ્તાવ જો ઠરાવરૂપે પસાર થાય તો, 'આ ઠરાવની ફરજ પાડનાર' કારણો દર્શાવતું એક જાહેરનામું ઘડી કાઢવામાં આવે. એ માટે એક સમિતિ નિયુક્ત કરવામાં આવી. સમિતિ પર જેફર્સન ઉપરાંત ઍડમ્સ, લિવિંગ્સ્ટન, ફ્રાન્કલિન અને મેજર શેરમાન હતા, પણ તેના અધ્યક્ષ તરીકે એ જાહેરનામું તૈયાર કરવાની સઘળી જાુમ્મેદારી ૩૩ વર્ષના ટૉમસ જેફર્સન પર નાખવામાં આવી. રક્તકેશી એ ઊંચા પાતળા તરવરિયા વર્જિનિયન યુવાનને ઈર્ષાની નજરે જોતા જૉન ઍડમ્સનો પણ એ મત હતો કે ચુનંદા કલમબાજ તરીકે ટૉમસ જેફર્સન અજોડ છે.

અને પોતાની જ ડિઝાઈન મુજબના મેજ પરથી એ પછીના ૧૭ દિવસમાં એ જુવાને એવું તો જાહેરનામું તૈયાર કર્યું કે જે આજ પર્યંત હરેક અમેરિકન ચિત્તમાં પડઘાતું રહ્યું છે. અમેરિકન માનસની અભિવ્યક્તિરૂપ સ્વાતંત્ર્યનું એ ઘોષણાપત્ર એણે કશા જ પૂર્વાધાર વિના–કોઈ પુસ્તક, પુસ્તિકા કે અગાઉના કોઈ પણ લખાણના આધાર વિના આત્મસૂઝથી જ ઘડી કાઢેલું છે. ઈ. ૧૭૭૬ના જુલાઈની ૪થીએ અમેરિકામાં અને જગતભરમાં પ્રસિદ્ધ થએલા આ જાહેરનામામાં જેફર્સને પોતાના એ અફર મંતવ્યને જ વાચા આપી છે કે માનવમાત્રના અધિકારો એકસરખા જ છે, અને એ અધિકારોની સુરક્ષા માટે જ શાસનતંત્રની સ્થાપના થએલી છે. એ કેવળ ઘોષણાપત્ર જ નથી, એને પરિણામે અસ્તિત્વમાં આવેલા નવા રાષ્ટ્રને અનેક આદર્શો પણ એણે પૂરા પાડેલા છે.

યુદ્ધનાં વર્ષો દરમિયાન જ ઈ. ૧૭૭૯માં જેફર્સનને વર્જિનિયાના ગવર્નર તરીકે ચૂંટવામાં આવ્યો. આ પદે રહી સેનાપતિ વૉશિંગ્ટનને બધી જ રીતનો સહકાર એણે આપ્યે રાખ્યો. ઈ. ૧૭૮૦માં વર્જિનિયાની રાજધાની રિચમંડ ખસેડવામાં આવી, કારણ દુશ્મનોએ ચાર્લ્સ્ટન લીધા પછી લૉર્ડ કૉર્નવૉલિસનાં સૈન્યો ઉત્તર કૅરોલિના અને વર્જિનિયાની સરહદે આવી લાગ્યાં હતાં. એક બાજુ વધુ ને વધુ સૈનિકોની ચાલુ રહેલી માગ, અને બીજી બાજુ પૈસા અને પુરવઠાની તંગીએ જેફર્સનને એક વાર તો એટલો નિરાશ કરી દીધેલો કે ગવર્નરપદનું રાજીનામું આપી દેવા તે તૈયાર થઈ ગએલો!


આ પરિસ્થિતિમાં કૉર્નવૉલિસ રિચમંડ તરફ આગળ વધતાં બધા જ ધારાસભ્યો રિચમંડથી શાર્લોટ્સવિલા ઊપડી ગયા. આ સ્થળાંતર પછી ધારાસભાનું પુનર્ગઠન ન થતાં જેફર્સન તેના ગવર્નરપદના છેલ્લા દિવસોમાં એવા એક રાજ્યનો વડો રહેલો જેની ધારાકીય અને વહીવટી બંને પાંખો નકામી નીવડી હતી. કેટલાક ચરિત્રલેખકોએ જેફર્સને આ ગાળામાં પોતાની અધિકૃત ફરજોની ઉપેક્ષા કર્યાનો આક્ષેપ તેના પર મૂકયો છે, પરંતુ હકીકત એ છે કે જેફર્સને તંત્રને છેહ દેવાને બદલે તંત્રે એને છેહ આપ્યો હતો. પૅટ્રિક હેન્રીએ એ અરસામાં બંધારણને જ ઉડાવી દઈ સરમુખત્યારશાહી સ્થાપવાની હિમાયત કરી હતી અને એની જ પ્રેરણાથી જ્યૉર્જ નિકોલસે જેફર્સનના વહીવટની તપાસની માગણી કરેલી. જો કે તેમાં એ સફળ થયો નહિ, કારણ માત્ર અફવાઓ સિવાય એની પાસે કોઈ પુરાવા ન હતા. ઈ. ૧૭૮૧ના ડિસેમ્બરમાં ધારાગૃહે જોકે એના પ્રત્યે આભારદર્શક કુલ ૧૯ ઠરાવો પસાર કર્યા, પરંતુ પોતાની સામેના નાપાયાદાર આક્ષેપોથી જેફર્સનનું મન ખાટું થઈ ગયું અને પોતાના ઉત્તરાધિકારી નેલસનને રાજ્યધુરા સોંપી એ પાછો પોતાનાં ખેતરો, પુસ્તકો અને પોતાના કુટુંબમાં ડૂબી ગયો.

ઈ. ૧૭૮૨ના સપ્ટેમ્બરની ૬ઠ્ઠીએ જેફર્સનની પ્રિય પત્નીનું અવસાન થવા ન પામ્યું હોત તો જેફર્સન ફરી પાછો રાજકારણમાં પ્રવેશ્યો જ ન હોત. આ આઘાતે પ્રેરેલા ઘેરા વિષાદમાંથી એને બહાર લાવવા કેટલાક મિત્રોએ પ્રયાસો આદર્યા, અને બ્રિટન સાથે સુલેહની વાટાઘાટો માટેના પંચમાં રહેવાની ના પાડી દેનાર એને ૧૭૮૨ નવેમ્બરની ૧૨મીએ ફરી સુલેહપંચમાં સર્વાનુમતે નિયુક્ત કરવામાં આવ્યો. 'સ્વાતંત્ર્યના પવિત્ર હેતુ'એ સક્રિય રાજકારણમાં પ્રવેશ પછી એવી એકે સમિતિ નહિ હોય જેમાં જેફર્સન ન હોય—અને તે પણ મોટે ભાગે તો અધ્યક્ષપદે. સંધિ માટેની જરૂરી વિગતોનો હેવાલ એણે ઘડી કાઢયો અને ૧૭૮૩ના સપ્ટેમ્બરની ૩જીએ પારી(સ) મુકામે યુદ્ધના અંત અને અમેરિકી સંસ્થાનોના સ્વાતંત્ર્યને લગતી સંધિ થવા પામી.

આ પછી નવજાત રાષ્ટ્રના વ્યાપારવાણિજ્ય આદિને લગતી સંધિમાં ફ્રાન્કલિન અને ઍડમ્સને સહાય કરવા જેફર્સનને ફ્રાન્સ મોકલવામાં આવ્યો. ઈ. ૧૭૮૪ના ઑગસ્ટની ૬ઠ્ઠીએ તે પોતાની પુત્રી માર્થા સાથે પારી(સ) પહોંચ્યો અને ૧૭૮૫માં ફ્રાન્કલિનના ઉત્તરાધિકારી તરીકે ફ્રાન્સ માટેના મંત્રી તરીકે તેની નિમણૂક કરવામાં આવી. ફ્રાંસમાં એણે જોએલી સંપત્તિની અસમાનતા એનામાં ઘેરી ખિન્નતા પ્રેરી રહી, કારણ



અનુમાનો કે વિચારો કરવા કરતાં એના અમલમાં જેફર્સન માનતો હતો. 'મૉન્ટીસેલો'માં પોતાની રુચિ અને સગવડ માટે એણે સંખ્યાબંધ અવનવી સગવડો ને રચનાઓ કરી હતી. એમાંની આ બે: આરામથી બેસવા ને લખવા માટે એણે એક ખાસ ખુરશી બનાવેલી. ઊઠબેસની સરળતા માટે એની બેઠક ફરી શકતી, આરામથી પગ લંબાવીને બેસી શકાતું અને ફાવે એ રીતે આઘુંપાછું થઈ શકે એવું મેજ બનાવેલું. અને એ મેજ પર લખવામાં અનુકૂળ થઈ શકે એવા ઢાળવાળી એક 'લેખનપેટી' કરેલી જેના ખાનામાં કાગળ ને લખવાનાં સાધનો રાખી શકાય તથા એ બધું સંકેલીને એને ગમે ત્યાં લઈ જઈ શકાય. જીવનને વધુ સગવડભર્યું ને આનંદપ્રદ બનાવવા આવાં તો અનેક સાધનો એણે શોધેલાં. ભોંયરામાંથી ઉપર ઘરમાં દારૂ લઈ આવવા, રસોડામાંથી ભોજનખંડમાં ખાદ્યસામગ્રી લાવવા, નકશા બનાવવા માટે જરૂરી બધી સગવડ સાચવવા, જમીન ખેડવામાં વધુ ઓછું બળ પડે એવું સરળ આકારનું હળ બનાવવામાં એમ જેનાથી મહેનત ઘટે અને સરળતા વધે એવાં અનેક સાધનો એણે ઊપજાવ્યાં હતાં. રુચિ, બુદ્ધિપ્રતિભા, સ્થાપત્ય ને રાચરચીલાંની આગવી રચના, અંદર-બહારની સુંદરતા ને બાંધણી એમ અનેક દૃષ્ટિએ મૉન્ટેસીલો જેફર્સનની બહુમુખી પ્રતિભા તથા વટ પ્રત્યેના એના ગૌરવનું દ્યોતક હતું.



merly firmness his invasions on the rights of the people:
time after such dissolutions
he has refused for a long space of time to cause others to be elected,
the legislative powers, incapable of annihilation, have returned to
the people at large for their exercise, the state remaining in the mean time
exposed to all the dangers of invasion from without & convulsions within:
has endeavored to prevent the population of these states; for that purpose
obstructing the laws for naturalization of foreigners; refusing to pass others
to encourage their migrations hither, & raising the conditions of new ap-
-propriations of lands:

માત્ર ૧૭ દિવસના ગાળામાં, કોઈ પણ પ્રકારના પૂર્વાધાર વિના—અગાઉના આવા કોઈ લખાણના આધાર વિના કેવળ પોતાની પ્રતિભાવંત આત્મ-સૂઝથી જેફર્સને અમેરિકાના સ્વાતંત્ર્યના ઘોષણાપત્રનો મુસદ્દો તૈયાર કર્યો ત્યારે એની વય માત્ર ૩૩ વર્ષની જ હતી. અહીં એના જ હસ્તાક્ષરોમાં એના એ મુસદ્દાનો અંશ આપ્યો છે. અમેરિકાના માનસની અભિવ્યક્તિ રૂપ આ ઘોષણાપત્રમાં પોતાનાં અફર મંતવ્યોને એણે વાચા આપી છે કે માનવમાત્રના અધિકારો એકસરખા જ છે. અને એ અધિકારોની સુરક્ષા માટે જ શાસનતંત્રની સ્થાપના થએલી છે. એ કેવળ ઘોષણાપત્ર જ નથી, એને પરિણામે અસ્તિત્વમાં આવેલા નવા રાષ્ટ્રને અનેક આદર્શો પણ એણે પૂરા પાડયા છે. પોતાની કબર પર, પોતે ભોગવેલા ઉચ્ચોચ્ચ અધિકારોના ઉલ્લેખને નહિ પણ આ ઘોષણાપત્રના લખનાર તરીકે ઓળખ મૂકવાની એણે ઇચ્છા રાખી હતી.

એ માનતો કે જમીન એ તો માનવમાત્રનો મઝિયારો વારસો છે, અને મિલ્કતને લગતા કાયદા એ માનવીના નિસર્ગદત્ત અધિકારોનું ઉલ્લંઘન છે.

ફ્રાન્સમાં જેફર્સન તેના પુરોગામી બેન્જામિન ફ્રાન્કલિન જેટલો લોકોની આંખોમાં ન વસી શકયો, પણ તેણે એવી ખેવના પણ નહોતી રાખી. ફ્રાન્કલિનની લોકપ્રિયતાની એને અદેખાઈ પણ નહોતી, કારણ તે પોતે ફ્રાન્કલિનને 'અમેરિકાનો સૌથી મહાન પુરુષ' ગણતો. એ પોતાની રાજનૈતિક ફરજને ચુસ્તપણે વળગી રહ્યો, ને ૧૭૮૫માં પ્રુશિયા સાથે વ્યાપારી સંધિ કરી. એવી જ સંધિ બ્રિટન સાથે કરવાના આશયે ઈ. ૧૭૮૬માં તે ઍડમ્સ સાથે લંડન ઊપડયો, પણ ત્યાં એ માટેની એમની વાટાઘાટોનું કશું પરિણામ ન આવ્યું. જેફર્સનને ત્યાંની પ્રજાનો ઉદ્યાનપ્રેમ અને યાંત્રિક સાધનસામગ્રી ગમ્યાં; પરંતુ તેમનાં સ્થાપત્ય અને તેમની રીતભાત વિષે તેનો ખયાલ બહુ ઊંચો ન હતો.

ફ્રાન્સમાં રાજક્રાંતિ થતાં જ (જે જેફર્સન અંતરથી ઇચ્છતો હતો) પ્રમુખ વૉશિંગ્ટને તેને ફ્રાન્સથી પાછો બોલાવી લીધો. ઈ. ૧૭૮૯ના નવેમ્બરની ૧૩મીએ વર્જિનિયા પાછા ફરતાં જ મિત્રો અને શુભેચ્છકો તેની વિદેશમંત્રીની નિમણૂક બદલ તેને અભિનંદન આપવા ધસી આવ્યા જો કે તેને પોતાને એવી કોઈ જાણ કરવામાં નહોતી આવી. પ્રમુખ વૉશિંગ્ટનના મંત્રીમંડળમાં વિદેશમંત્રીના સર્વોચ્ચ પદ પરની એની નિયુક્તિ પછી પોતાનું ખાતું સંભાળ્યા પહેલાં એણે પુત્રી પૅટ્સીનાં લગ્ન પતાવ્યાં અને જિંદગીના છેડે પહોંચેલા ૮૪ વર્ષના બેન્જામિન ફ્રાન્કલિનની પણ મુલાકાત લીધી.

ઈ. ૧૭૯૦ના માર્ચની ૨૧મીએ તે છેલ્લાં પાંચ વર્ષથી યુનાઇટેડ સ્ટેટ્સના પાટનગર બનેલા ન્યૂ યૉર્ક પહોંચ્યો. વૉશિંગ્ટનના પ્રમુખપદ નીચે અહીં એનું મુખ્ય કામ એવી વિદેશનીતિ વિકસાવવાનું હતું જે રાષ્ટ્રના વાણિજ્ય-સ્વાતંત્ર્યને દૃઢ બનાવવા સાથે યુરોપિયન યુદ્ધોમાં યુનાઇટેડ સ્ટેટ્સનું તાટસ્થ્ય જાળવી રાખે. પોતાની નવી ફરજ પર હાજર થતાં પ્રમુખના નિવાસસ્થાને ભોજન-સમારંભમાં એને એના પછીની કક્ષાના મંત્રી નાણામંત્રી હૅમિલ્ટન સાથે મુલાકાત થઈ. હૅમિલ્ટનનું વલણ બ્રિટન તરફી હોઈ એણે જેફર્સનની વિદેશનીતિમાં બિનજરૂરી દરમિયાનગીરી કરવા માંડતાં બંને વચ્ચે ખટરાગ ઊભો થવા પામ્યો. વૉશિંગ્ટને આ બાબતમાં ખેદ વ્યક્ત કરતાં જેફર્સનને લખ્યું: 'હું તમો બંનેને માટે પુષ્કળ અને હાર્દિક આદર ધરાવું છું'. પરંતુ સતત દરમિયાનગીરીથી તંગ આવી ગએલો જેફર્સન પોતાના પદનું રાજીનામું આપવા તત્પર થઈ ગયો, ત્યાં બનાવોએ નવો વળાંક લીધો. ફ્રાન્સમાં ૧૭૯૩ના જાન્યુઆરીની ૨૧મીએ ત્યાંના સમ્રાટ લૂઈ સોળમાનો શિરચ્છેદ કરવામાં આવ્યો, અને એ પછીના અગિયાર દિવસ રહીને ફ્રાન્સે બ્રિટન, હોલૅન્ડ અને સ્પેઈન સામે યુદ્ધ જાહેર કર્યું. આ પરિસ્થિતિમાં જેફર્સનને વર્ષના અંત સુધી પોતાના પદે ચાલુ રહેવા વિનંતી કરવામાં આવી જેનો સ્વીકાર કરી વર્ષાંતે પોતાના પદનું રાજીનામું આપી તે છૂટો થયો.

વયના એકાવનમા વર્ષે જાહેર જીવનમાંથી પોતાની બીજી વારની આ નિવૃત્તિને જેફર્સને આખરી જ ગણેલી, અને એના ઉત્તરાધિકારી એડમંડ રૅન્ડૉલ્ફે અમેરિકાના ખાસ દૂત તરીકે સ્પેઈન જવા કરેલી વિનંતીને પણ એણે નકારી કાઢેલી. પ્રમુખ વૉશિંગ્ટન પર હેમિલ્ટનનો પ્રભાવ એટલો વધી ગએલો, અને ભલે નિર્દોષપણે પણ એણે એવી ભૂલો કરવા માંડેલી કે જેફર્સનને આ નવા અમેરિકન પ્રજાસત્તાક માટે તે ભયરૂપ લાગતી હતી. રાષ્ટ્રને આ આપત્તિમાંથી બચાવવા તેણે મૅડિસનને લખ્યું. તરત વિરોધીઓ તેના પર તૂટી પડયા અને તેને વૉશિંગ્ટનના દુશ્મન તરીકે ખપાવવા લાગ્યા. જેફર્સને આ સંબંધે વૉશિંગ્ટન પર પત્ર લખતાં તેણે તેનો એવો ટાળભર્યો જવાબ આપેલો કે બંનેના ૨૦ વર્ષના સંબંધનો ત્યાં જ અંત આવી ગયો. વૉશિંગ્ટન ત્યારે ઘરડો થઈ ગયો હતો, તેની તબિયત લથડી ચૂકી હતી અને ઊતરતી કક્ષાના રાજકારણીઓથી જ તે ઘેરાએલો રહેતો હતો.

મૅડિસન જાણતો હતો કે જેફર્સનની ગૂંડણી પક્ષને વધુ પ્રતિષ્ઠા અપાવશે, એટલે એ તેને ફરી જાહેર જીવનમાં ખેંચી આવ્યો. જેફર્સન સ્વેચ્છાએ ખેંચાયો કારણ નવા ચૂંટાએલા પ્રમુખ ઍડમ્સ હૅમિલ્ટનનો હથિયાર નહોતો, ઊલટો જેફર્સનનો તો એ મિત્ર હતો, અને એના હાથ નીચે ઉપપ્રમુખપદ પૂરતું શાંતિમય અને ઉપદ્રવરહિત હતું. એ પદે રહીને રાષ્ટ્રને પોતાની સેવા આપવા સંમત થએલો. (અનુ૦ પૃષ્ઠ ૨૭૪)

તહકુબી

'ધ લૉ ઑવ ધ જંગલ' નામના કાવ્યમાં આંગ્લ કવિ રુડિયાર્ડ કિપ્લિંગે ગાયું છે: 'ફૉર ધ સ્ટ્રેંગ્થ ઑવ ધ પૅક ઈઝ ધ વુલ્ફ / ઍન્ડ ફૉર ધ સ્ટ્રેંગ્થ ઑવ ધ વુલ્ફ ઈઝ ધ પૅક'.—**એકના બળે સંઘ છે અને સંઘના બળે એક**

અનુવાદક : **'દેવી-પ્રભુ'**

લગભગ ત્રીસેક વર્ષ પહેલાંની વાત છે. ત્યારે લશ્કરમાં વેટરીનરી ડૉક્ટર તરીકે પૂનામાં હું એક નાનું પશુ-ચિકિત્સાલય ચલાવતો હતો. એક દિવસ મેં મારા દવાખાના પાસે મોટરગાડીઓની લાંબી કતાર લાગતી જોઈ. એમાંથી પોતાનાં કુટુંબ અને પાળેલાં કૂતરાં સાથે લશ્કરી અફસરોને ઊતરતા મેં જોયા. એ સૌએ આવીને મને ઘેરી લીધો. અને એમાંની એક બાઇએ મને કહ્યું: 'ડૉક્ટર, આ બધાં કૂતરાંને હવે ચિર નિદ્રામાં પોઢાડી દેજો.'

એ લોકો ભારત છોડીને હવે સ્વદેશ જઈ રહ્યાં હતાં. પોતે અહીં પાળેલાં કૂતરાંનું હવે શું કરવું એ એમને માટે એક મોટો પ્રશ્ન હતો.

મેં એમને કહ્યું કે 'મને આઠેક દિવસનો સમય આપો. હું એમને માટે કંઈક બીજો રસ્તો કાઢી શકીશ એવી મને આશા છે. જો એમ નહિ બની શકે તો પછી તમે કહો છો તેમ આપણે એમનો નિકાલ કરી નાખીશું.'

સૌએ મારી વાત કબૂલ રાખી. કૂતરાંને રાખવાની મારી પાસે કોઈ ખાસ જગ્યા નહોતી એટલે એમને બધાંને લેબોરેટરીના મોટા ખંડમાં લઈ જવા મેં મારા એક સાથીને કહ્યું. પણ પછી જ્યારે હું એ ખંડમાં ગયો ત્યારે ચકિત થઈ ગયો, કારણ ત્યાં પ્રયોગો માટે રાખેલાં મોટાં ટેબલો સાથે સંખ્યાબંધ કૂતરાંને બાંધી રાખ્યાં હતાં અને ટેબલો પર અનેક વિઝિટિંગ કાર્ડ, ચિઠ્ઠીઓ અને જૂનાં બિલોની પાછળ લખેલી નોંધો વગેરે પડયાં હતાં. વળી એક કાચની પહોળી બરણીમાં રૂપિયાની નોટો ભરેલી પણ મેં જોઈ. કૂતરાંઓ પાસે પ્યાલા, રકાબીઓ, પાથરણાં ને એમને ઓઢાડવા માટે ધાબળાઓ પણ પેલાં લોકો મૂકી ગયાં હતાં. મેં થોડાં કાર્ડ વાંચ્યાં.

'સેલીને સાચવવા ને તમારી ફી માટે હું પચાસ રૂપિયા મૂકી જાઉં છું.'

'તમારે ન છૂટકે એ કામ કરવું પડે તો તેને દર્દ ન થાય એ રીતે પતાવવા વિનંતી...અને એને દાટવાનું ન ભૂલશો.'

'તમે જે કંઈ કરો એ વિષે મને જરૂર લખજો.'

'ડેલાઈલા હાલ ગરમીમાં આવી છે તો એનું ખાસ ધ્યાન રાખશો.'

'બ્રૂનો અમારા પડોશમાં બધે એક સરદારનું માન પામતો, એટલે એને સરદારને છાજે એવી રીતે વિદાય આપજો.'

મેં એ બધાં કૂતરાં તરફ નજર ફેરવી. કેટલાંક પગ ઉપર માથું ટેકવીને પડયાં હતાં, કેટલાંક નાસીપાસ બની સાંકળ ખેંચતાં હતાં; કોઈક ધૂરકી રહ્યાં હતાં. એ બધાંની નજર મારા ઉપર મંડાએલી હતી. મને વધુ નવાઈ તો એ લાગી કે એમનો પ્રાકૃતિક લડાયક જુસ્સો કોઈમાંયે દેખાતો નહોતો. જાણે કોઈ અકલ્પિત ભય અને શંકાથી તેઓ પોતાનો મૂળ સ્વભાવ ભૂલી ગયાં હતાં. અન્યથા જુદા જુદા પ્રદેશના અને ભિન્નભિન્ન જાતિનાં હોવાને કારણે આમ એકઠાં થતાં સંપીને રહી જ ન શકે. બધાં મળી સુડતાલીસ કૂતરાં હતાં અને એમને જીવાડવાં કે રામશરણ કરવાં એ મારા પર છોડવામાં આવ્યું હતું.

આ બધાંને સંભાળવાં, એમને ખવડાવવું-પીવડાવવું, એમની હાજત સાચવવી અને એમને સ્વચ્છ ને નીરોગી રાખવાં એ કામ કંઈ નાનુંસૂનું ન હતું. એ બધાંને સાંકળે બાંધી રાખવાનું મને ઠીક ન લાગ્યું. બીજી બાજુ પ્રયોગશાળાના ખંડમાં એમને છૂટાં મૂકી દઉં તો અંદરોઅંદર લડી પડી કકળાટ મચાવી દે અને ભાંગફોડ કરે એનો ભય પણ હતો. પણ છતાં હિંમત કરીને મેં એમને મુક્ત કર્યાં. પણ મારા અપાર આશ્ચર્ય વચ્ચે એક પણ કૂતરું ધૂરકયું નહિ ને પહેલાંની જેમ જ બધાં શાંત રહ્યાં. એમને પીવા માટે એક ખૂણામાં પાણીનું ટબ મુકાવી, પ્રયોગશાળાનો ખંડ વાસીને હું બહાર નીકળી ગયો.

સાંજે મેં દરવાજો ખોલ્યો ત્યારે પ્રથમ તો એ બધાં મને ચકળવકળ જોઈ રહ્યાં. પરંતુ કોઇએ બહાર નીકળી નાસી જવાનો પ્રયાસ કર્યો નહિ. અંતે ડાહ્યા બ્રૂનોએ પહેલ કરી અને પોતાની પૂંછડી હલાવતો રાજી થતો મને ધારીને જોતાંજોતા ધીમેથી બહાર નીકળ્યો. એની પાછળ ધીરેધીરે બીજાં કૂતરાં પણ એક પછી એક બહાર આવ્યાં. અમારા દવાખાનાનો બગીચો વિશાળ હતો. લગભગ એંશી વર્ષ જૂના આ બગીચામાં સંખ્યાબંધ ફૂલછોડ અને ફળનાં વૃક્ષો હતાં. બહાર નીકળેલા એકેય કૂતરાએ બગીચામાં કંઈ નુકસાન કર્યું નહિ. સૌએ એક તરફ જઈ પોતાનું કામ પતાવ્યું, અને ફરી પાછા પ્રયોગશાળામાં દાખલ થવાની પહેલ પણ બ્રૂનોએ જ કરી ને બીજાં બધાં એને અનુસરી અંદર આવી ગયાં. પછી તો સવાર-સાંજનો આ એક શિરસ્તો જ પડી ગયો.

પ્રયોગશાળાની બાજુમાં અમારું સંગ્રહાલય હતું. થોડો સમય મેં ત્યાં રહેવાનું વિચાર્યું. મારું બિછાનું, ટેબલ-ખુરસી, લૅમ્પ વગેરે મેં ત્યાં મુકાવી દીધાં, કારણ આટલાં બધાં કૂતરાંનું મોટું જોખમ મેં માથે લીધું હતું. પ્રયોગશાળાના બંધ ખંડમાં એમની વચ્ચે જો યુદ્ધ ફાટી નીકળે તો? એના પરિણામની કલ્પના પણ મારાં ગાત્રો ઢીલાં કરી દેતી હતી. એટલે મેં મારા ચાકર અને ઝાડુવાળાને પણ મારી પાસે જ રહેવા-સૂવાની સૂચના આપી દીધી.

એવામાં મારા મદદનીશ કૅપ્ટન વૉટકિન્સ રજા ઉપરથી ફરજ પર પાછા આવી ગયા. મારી પાસેથી કૂતરાંઓની વાત જાણીને પ્રથમ તો તેઓ ડઘાઈ જ ગયા અને બોલી ઊઠયા: 'હોલી મધર ઑવ ગોડ!' તેઓ કૅથલિક હતા. મેં ખુલાસો કર્યો કે 'મારા માટે બીજો માર્ગ જ નહોતો. હું જાણું છું કે મારી આ નરી મૂર્ખાઈ છે, પણ મારે આ જોખમ લેવું જ પડયું છે.'

'તો સાહેબ, હવે એક જ માર્ગ છે. થોડા કલાકનું જ કામ છે. બધું પતી જશે અને આપણે આ બધાંને શાંતિથી વિદાય આપીશું.'

'ના, એ ન બને. આ બધા ઉમદા વંશનાં કૂતરાં છે. એ દરેક એકએક ઘરની શોભા છે. વિનાકારણ કોઈનો જીવ લેવાનો આપણને હક નથી.'

'માફ કરજો સાહેબ, તમે બહુ લાગણીવશ બની ગયા છો. તમને લાગે છે કે આ બધાંને પાળવા માટે આપણે આટલાં બધાં ઘર શોધી શકીશું?'

'એ વિષે તો હું પણ ચોક્કસ નથી કહી શકતો. પણ મુંબાઈના મારા એક મિત્ર છે એમને લખી જોઉં.' મારા સહાયક કૅપ્ટનના મનથી હું મોટો ગધેડો હોઉં એવો ભાવ હું તેના મુખ પર સ્પષ્ટપણે જોઈ શકતો હતો. પણ એ કંઈ બોલ્યા નહિ.

મેં એમને કહ્યું: 'ચાલો હું તમને આપણાં મહેમાનો બતાવું.'

મેં પ્રયોગશાળાનો ખંડ ખોલ્યો. પ્રથમ બ્રૂનો ઊભો થઈ ગયો ને મારી સામે તાકી રહ્યો. મેં એને બોલાવ્યો 'કેમ દોસ્ત બ્રૂનો, હું અંદર આવું કે?'

ને એણે પૂછડી પટપટાવી. પછી લટૂડાં-પટૂડાં કરતો મારા પગ પાસે આવીને બેસી ગયો. મેં કૂતરાઓનાં અને એમના માલિકોનાં નામવાળી યાદી હાથમાં લીધી. મને થયું કે મારે આ દરેક કૂતરાનું નામ જાણી

લઈને એમને નામથી જ બોલાવવું જોઇએ, કે જેથી એમને વિશ્વાસ બેસે કે હું એમનો નવો માલિક છું. મેં 'ગનર' નામ પોકાર્યું અને ગનર મારી પાસે આવ્યો. અને પછી તો દરેક કૂતરા પાસે મેં જાતે જઇને એના કૉલર પર એનું નામ વાંચી એને એ નામે સંબોધીને મિનિટ-બે મિનિટ એને હેત કરી એમની સાથેનો પરિચય કેળવી લીધો. મિ. વૉટકિન્સ પણ આ બધું જોઈ રાજી થઈ ગયા. એમનો ભય દૂર થયો ને એ બોલી ઊઠયા: 'ડેનિયલ ઈન ધ લાયન્સ ડેન, બીજું શું!' એમણે ગનરને બોલાવ્યો. આ નવા આગંતુકને જોઈ પ્રથમ તો ગનર ખમચાયો, પણ પછી એ એમની સાથે યે હળી ગયો.

મેં મિ. વૉટકિન્સને કહ્યું: 'કાલે હું આપણા કર્નલને વાત કરવાનો છું. એ આઇરિશમૅન છે, એટલે તે શ્વાનપ્રિય પણ કદાચ હશે.'

'હા, કદાચ એમને યે કૂતરાં ગમતાં હશે. પણ તમે સાહેબ આ જે જોખમ વહોર્યું છે એ તો તેઓ કબૂલ નહિ જ રાખે એટલું ખચિત માનજો.'

'હું જાણું છું. મિલિટરીમાં નોકરી કરતા એક વેટરીનરી ડૉક્ટરે આટલી બધી છૂટ ન લેવી જોઇએ. લશ્કરી કાયદાથી યે એ વિરુદ્ધ ગણાય. પણ ઇંજેક્શન આપીને કામ પતાવી નાખવાનું મને ન જચ્યું એટલે બીજું થાય પણ શું?'

બીજી સવારે હું અમારા કર્નલ પાસે પહોંચી ગયો. સલામ લગાવીને મેં કહ્યું: 'સાહેબ, હું મૂંઝવણમાં આવી પડયો છું.'

'તમારે માટે એ નવું નથી! બોલો શી તકલીફ છે?'

મેં બધી વાત કરી. સાંભળીને એ તો ઊકળી જ ઊઠયા ને મને બરાબર તતડાવ્યો. પછી એમણે મારી પાસેથી કૂતરાંઓના માલિકોની યાદી માગી. તેઓ વાંચતા ગયા—બ્રિગેડીઅર, કર્નલ, લેફ્ટેનન્ટ કર્નલ, કૅપ્ટન, બ્રિગેડીઅર—અને જ્યારે તેઓ આ બધા માલિકોનાં નામ વાંચી રહ્યા હતા ત્યારે હું મનોમન બ્રૂનો, ગનર, રાસ્કલ, સીઝર, જેનેટ, ટેડી, વિન્સ્ટન, મૅક, જેની વગેરે મારા શ્વાન મિત્રોનાં નામ રટી રટીને એમને છેલ્લી સલામ પાઠવી રહ્યો હતો!

કર્નલનું મન પણ પીગળ્યું લાગતું હતું. ખુરશીમાં લંબાવીને આંખો મીચી દઈ એ કંઇક વિચારી રહ્યા હતા. અંતે આંખો ખોલી ને બોલ્યા: 'તમે જાણો છો કે હું પણ તુરતમાં જ નિવૃત્ત થઇને સ્વદેશ જતો રહેવાનો છું. તમારા ઉપરી તરીકે આ કૂતરાંઓની જવાબદારી મારા પર પણ આવી પડે છે એ તમે સમજો છો? આ ગંભીર બાબત છે. મારે એ વિષે વિચારવું પડશે. અત્યારે તો તમે જાઓ.'

નિરાશ થઈ કર્નલને સલામ ભરી હું નીકળી ગયો. બહાર કૅપ્ટન વૉટકિન્સ મારી રાહ જ જોતા હતા. મેં કહ્યું: 'તમે સાચા ઠર્યા છો. હવે કોઈ આશા જણાતી નથી. તમે બધી તૈયારી કરો. બેએક કલાકમાં આપણે કામ પતાવી નાખીએ—જો કર્નલસાહેબ છેવટ એ જ હુકમ આપે તો. અંતે મારા હાથે આ ગોઝારું કામ કરવાનું જ હશે. ખેર, પ્રભુઈચ્છા!'

પણ એવામાં અણધાર્યો જ કર્નલનો ટેલિફોન આવ્યો. 'થોભી જજો, હું હમણાં ત્યાં આવું છું.' એ આવ્યા અને પૂછયું: 'ક્યાં છે બધાં?'

'પ્રયોગશાળાના મોટા ખંડમાં.'

જેવો મેં ખંડ ખોલ્યો કે ગનર મારી પાસે દોડી આવ્યો ને મારી આસપાસ વીંટાવા લાગ્યો. કર્નલ અંદર આવ્યા ને બધાંને છૂટાં જોઈ બોલી ઊઠયા: 'શું બધાંને આમ છૂટાં રાખ્યાં છે?' એમને બહુ નવાઈ લાગી. એવામાં એક ચમત્કાર બન્યો. ટોળામાંથી પાંચ છ કૂતરા એકાએક દોડી આવીને કર્નલને ઘેરી લઈ એમની આજુબાજુ કૂદવા લાગ્યા. કોઈ કર્નલનો હાથ તો કોઈ પગ ચાટવા લાગ્યો. રાજી થઈ તેઓ બે પગે ઊભા થવા કે કર્નલના પગ વચ્ચેથી એવી રીતે ગરકવા લાગ્યા કે એમનાથી છૂટવા કર્નલને પાછા હટી જવું પડયું. કર્નલ પણ નરમ પડી જઈ એ બધા સાથે ગેલ કરવા લાગ્યા અને એમને નામથી સંબોધી એમને પંપાળવા માંડયા. પછી મારી તરફ વળીને કહે: 'આમાંના ઘણાખરાને તો હું ઓળખું છું.' અંતે પાછા ફરતી વખતે એમણે મને પૂછયું: 'હવે તમે શું કરવા ધાર્યું છે?'

'મુંબાઈમાં મારા મિત્રોને મેં પુછાવ્યું છે. તેઓ જરૂર કંઈ માર્ગ કાઢશે.'

'હા, એ બરાબર છે. તમે પ્રયાસ કરો ને મને પણ જણાવતા રહેજો.'

પછીને દિવસે મેં વૉટકિન્સને મુંબાઈ રવાના કર્યા. મારા મિત્રો પણ મને સહાય કરવા તૈયાર થઈ ગયા.

કૂતરાંઓ સાથેના મારા એ થોડા દિવસોના સહવાસમાં મેં જોયું કે એમને ભાવિ ભયનો ખયાલ આવી ગયો હતો. ભય, શંકા અને અનિશ્ચિતતાની સામે જાણે એ બધાં સંપી ગયાં હતાં. અંદરોઅંદર ઝગડવાનો એમનો મૂળ સ્વભાવ જાણે સમૂળગો વિસરાઈ ગયો હતો. આપણને નવાઈ લાગે એટલી હદ સુધી તેઓ શાંત બની જઈ એકબીજા સાથે હળીમળીને રહેતાં હતાં. શિસ્ત પણ એવી જાળવતાં કે પાણીના ટબમાં એકસાથે બે કૂતરાં મોઢું પણ નાખે નહિ કે એકબીજાની રકાબીમાંથી ખાવાનું ઝૂંટવી લેવાનું પણ એમને સૂઝે નહિ, પછી ઘૂરકવાની કે લડવાની તો વાત જ ક્યાં રહી? બગીચાની બહાર નાસી જવાનો પણ કોઇએ પ્રયત્ન કર્યો નહિ. કિપ્લિંગે વર્ણવેલા જંગલના કાયદાનું પાલન અહીં આપોઆપ થઈ રહ્યું હતું. કોઈ ભાવિ ભયને કારણે તેઓએ અંદરોઅંદર જાણે આ તહકુબી અપનાવી લીધી, અને એનું સુંદર રીતે તેઓ પાલન કરી રહ્યાં હતાં. વળી, કોઈ અગમ્ય કારણે ડાઘિયો બ્રૂનો એ સૌનો આગેવાન બની ગયો હતો.

બેએક દિવસ પછી મુંબાઈથી સમાચાર આવ્યા કે અમારે બધાં કૂતરાં લઈને રવિવારે ત્યાં પહોંચી જવું. અમારા કર્નલને મેં આ ખબર આપ્યા. તેઓએ પણ રાજી થઇને મને દવાખાનાનું વાહન લઈ જવાની છૂટ આપી.

રવિવારે સવારે જ્યારે અમે કૂતરાંઓને ખટારામાં ચડાવી રહ્યા હતા ત્યાં અચાનક કર્નલ પણ આવી ચડયા. મને કહે: 'તમે ઊપડો. હું પણ તમારી પાછળ મુંબાઈ આવું છું.' એમની આંખમાં સંતોષની ચમક હતી. છેવટે દયાભરી મારી આ ઉત્તમ કામગીરીમાં અમારા કર્નલનો હું સક્રિય સાથ મેળવી શકયો એ મારું અહોભાગ્ય ગણ્યું.

જોકે ખટારામાં અમારે કૂતરાંઓને જરા ઠાંસીને ભરવાં પડયાં હતાં, છતાં આખે રસ્તે તેઓ શાંત રહ્યાં અને એથી અમને યે કોઈ મુશ્કેલી નડી નહિ. મુંબાઈમાં એક મોટા કારખાનાના કૉમ્પાઉન્ડમાં અમે એમને ઉતાર્યાં. થોડા જ સમયમાં અમારી ગોઠવણ મુજબ મોટરગાડીઓ આવવા લાગી. પછી તો કૂતરાંઓ અને એમને લેવા આવનારાઓમાં એટલો તો આનંદ વ્યાપી ગયો કે જેની વાત નહિ. એક તરફ કૂતરાં લેવા આવનાર વડીલો ને બાળકો તથા બીજી બાજુ આ કૂતરાંઓ એકબીજા માટે ઘેલાં બની જતાં આનંદનો જે શોરબકોર મચ્યો એથી સમગ્ર મેદાન ગાજી ઊઠયું! ભય દૂર થતાં પેલી તહકુબી ભુંસાઈ ગઈ. હવે કૂતરાંઓમાં એકબીજા પ્રત્યે ઘુરકાટ ને ઝગડા પણ જોવા મળ્યા. આવનારસૌ પોતપોતાની પસંદગી પ્રમાણેનું કૂતરું લઈ આનંદથી રવાના થવા લાગ્યાં. ગનરને એક દસેક વર્ષની બાળા લઈ ગઈ. બ્રૂનોને એના જેવા જ એક ડાઘિયા પંજાબી ઉપાડી ગયા. છેલ્લી રહી ગઈ એક 'જેની'. એને હું પૂને પાછી લઈ આવ્યો. એ મારી સાથે રહેતી, બગીચામાં ફરતી ને પ્રયોગશાળામાં સૂઈ રહેતી. મારો નોકર એનું જતન કરતો. પણ એ એકલવાયી પડી ગઈ હતી. ઘણી વાર આપણને લાગે કે એ રોજ પેલી તહકુબીના પાઠ યાદ કરી રહી છે. વખત જતાં એણે અમારી વિદાય લીધી. એની કબર પર મેં કોતરાવ્યું: 'જેની, જે અમને વહાલી હતી.' □

('Imprint'માં પ્રકટ થએલી લેફ. કર્નલ ડબ્લ્યુ. એચ. ડીન લિખિત એક અંગ્રેજી કથા પરથી)

માનવ સર્જિત કૃત્રિમ ઉપગ્રહ

લેખક • ડૉ. પરંતપ પાઠક

ઈ. ૧૯૫૭ના ઑક્ટોબરની ૪થી તારીખે રશિયાએ સહુ પ્રથમ માનવસર્જિત કૃત્રિમ ઉપગ્રહ (સ્પુટનિક) અવકાશમાં તરતો મૂક્યો. ત્યારથી એક નવી ટેક્નૉલૉજી—અંતરીક્ષ ટેક્નૉલૉજી—નો પ્રારંભ થયો—અને અંતરીક્ષ-વિજ્ઞાનના સંશોધન માટેનાં દ્વાર ખુલ્લાં થયાં.

બાહ્ય અવકાશમાંથી આવતાં અલ્ટ્રા-વાયોલેટ, ક્ષ, ગામા-કિરણો વગેરે જેવાં મોટા ભાગનાં કિરણો પૃથ્વીને પ્રાધી બાજુ આવરી રહેલા ઘટ્ટ વાતાવરણને ભેદીને પૃથ્વી સુધી પહોંચી શકતાં નથી. આ કારણથી પૃથ્વી ઉપર રહીને આપણે બહારના અવકાશ વિષે સંપૂર્ણ માહિતી મેળવી શકતા નથી. કૃત્રિમ ઉપગ્રહના આવિષ્કાર પહેલાં, પૃથ્વીના વાતાવરણની અસરમાંથી મુક્ત થવા, વૈજ્ઞાનિકોએ બલૂન અને રૉકેટ વડે પ્રયોગો કરીને મહત્ત્વનાં સંશોધનો તો કર્યાં જ છે; તેમ છતાં આ બંને સાધનોને પણ પોતાની મર્યાદાઓ છે. પૃથ્વીની સપાટીથી અત્યંત ઊંચે જવા છતાં બલૂન હમેશાં વાતાવરણની અંદર જ રહે છે, એટલે અધ્ધર લટકતા બલૂનની ઉપરનું થોડું વાતાવરણ પણ બાહ્યાવકાશને લગતાં સંશોધનોમાં નડતરરૂપ બને છે. રૉકેટ વાતાવરણની બહાર જઈ શકે છે એ ખરું, પણ આ જાતના પ્રયોગો ગણીગાંઠી મિનિટો જેટલા અત્યંત મર્યાદિત સમયમાં જ પૂરા થઈ જાય છે, એટલે ખૂબ થોડા પ્રમાણમાં માહિતી મળી શકે છે. આ બંને સાધનોની સરખામણીમાં કૃત્રિમ ઉપગ્રહ વડે પ્રયોગ કરવાથી નીચે જણાવેલા વિશિષ્ટ લાભ મળે છે:

(૧) પૃથ્વીના વાતાવરણથી સંપૂર્ણ મુક્ત હોવાથી વીજ–ચુંબકીય વર્ણપટ (Electromagnetic Spectrum)નું પૂરેપૂરું અવલોકન કરી શકાય છે. અને આ જાતનું અવલોકન ઘણા લાંબા સમય સુધી એટલે કે આ કૃત્રિમ ઉપગ્રહ જ્યાં સુધી કાર્ય કરે ત્યાં સુધી થઈ શકે છે. (૨) પૃથ્વીથી અત્યંત દૂર ફરતો ઉપગ્રહ પૃથ્વીના ચુંબકાવરણ (Magnetosphere) રૂપી કવચની પ્રબળ અસરથી પણ મુક્ત થઈ શકે છે અને તેથી વીજ–ભાર ધરાવતા કણનું પણ સંપૂર્ણ અવલોકન કરી શકાય છે. (૩) આવા ઉપગ્રહ દ્વારા પૃથ્વીના વાતાવરણનો પણ અભ્યાસ થઈ શકે છે, જે હવામાનશાસ્ત્ર માટે અત્યંત ઉપયોગી નીવડે છે. (૪) પૃથ્વી ઉપરથી ઉપગ્રહની ગતિનું અવલોકન કરવાથી પૃથ્વીનો સાચો આકાર અને તેના વિસ્તૃત ગુરુત્વક્ષેત્ર વિષે માહિતી મેળવી શકાય છે, અને છેલ્લે (૫) અવકાશની કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિ છે—જેવી કે વજનવિહીનતા, શૂન્યાવકાશ, વિકિરણનું કાયમી અસ્તિત્વ અને (પૃથ્વી ઉપર છે તેવી) ૨૪ કલાકની લયબદ્ધતાનો અભાવ. આ પ્રકારની વિશિષ્ટ પરિસ્થિતિમાં જીવસૃષ્ટિનો અભ્યાસ કરવાની એકમાત્ર તક ઉપગ્રહની મદદથી જ શક્ય બની છે.

કૃત્રિમ ઉપગ્રહના, શાસ્ત્રમાં થએલા ઝડપી વિકાસમાં કૉમ્પ્યુટર સૂક્ષ્મ–વિજાણુશાસ્ત્ર (Microelectronics) રેડિયો–ટેલિમેટ્રી અને રેડિયો–કંટ્રોલ પદ્ધતિનો ફાળો ખૂબ જ અગત્યનો છે. ઉત્તરોત્તર બનતાં ઝડપી કૉમ્પ્યુટરની મદદથી રૉકેટ–ઉડ્ડયનની અત્યંત ગૂંચવણભરી ગણતરી અને વિવિધ પરિબળોની અસરને લીધે ઉપગ્રહની કક્ષામાં થતા સૂક્ષ્મ ફેરફારોનું મૂલ્યાંકન શક્ય બન્યું છે. સૂક્ષ્મ–વિજાણુશાસ્ત્રના ઉપયોગથી ખૂબ જ નાનાં અને હલકા વજનનાં વિજાણુ-યંત્રો બનાવવામાં આવ્યાં છે, જે અત્યત ઓછી વિદ્યુતશક્તિ વડે ચાલી શકે છે. રેડિયો–ટેલિમેટ્રી અને કંટ્રોલ પદ્ધતિથી હજારો કિલોમીટર દૂર અવકાશમાં ઘૂમતા ઉપગ્રહ અને પૃથ્વી વચ્ચે રેડિયો-સંદેશ–વ્યવહારની અગત્યની કડી જળવાઈ રહે છે.




'એ. ટી. એસ.-૬'—ઍપ્લિકેશન્સ ટેક્નૉલૉજી સેટેલાઈટ'. પૃથ્વીની સપાટીથી ૩૫,૦૦૦ કિલોમીટર ઊંચે ઘૂમતો આ છત્રી આકારના અમેરિકન ઉપગ્રહે ગયા વર્ષના જૂન માસથી ભારતના ૫,૦૦૦ ગામમાં શૈક્ષણિક ટેલિવિઝન કાર્યક્રમોનું પ્રસારણ શક્ય બનાવ્યું છે. એશિયામાં પહેલી જ વાર અજમાવાઈ રહેલી સામુહિક શિક્ષણની આ યોજનાની સફળતાએ ભવિષ્યની અનેકવિધ નવી શક્યતાઓનાં દ્વાર ખોલી નાખ્યાં છે.

ઐતિહાસિક પૂર્વભૂમિકા

કૃત્રિમ ઉપગ્રહની સહુ પ્રથમ કલ્પના ઈ. ૧૭૩૧માં આઈઝેક ન્યૂટને કરી હતી. ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનો આધાર લઈને તેણે બતાવ્યું હતું કે જો કોઈ પદાર્થને પૃથ્વી ઉપરથી 'પૂરતા' વેગથી ફેંકવામાં આવે તો તે પદાર્થ પૃથ્વી ઉપર પાછો આવવાને બદલે પૃથ્વીની પ્રદક્ષિણા કરે, અર્થાત્ પૃથ્વીનો ઉપગ્રહ બની જાય. ન્યૂટનના આ કથનને ફક્ત સૈદ્ધાંતિક દષ્ટિબિંદુથી જ અગત્ય આપવામાં આવે છે. જ્યારે વ્યાવહારિક દૃષ્ટિબિંદુથી ઉપગ્રહની પ્રાયોગિક શક્યતા વિષે એ પછી ઘણાં વર્ષો સુધી વૈજ્ઞાનિકો અનિશ્ચિત વિચારો ધરાવતા હતા. માનવ-ઇતિહાસમાં હમેશાં બનતું આવ્યું છે એ રીતે ઘણા કલ્પનાશીલ લેખકોએ કૃત્રિમ ઉપગ્રહની મદદથી અવકાશી ઉડ્ડયનની કલ્પિત વિજ્ઞાનકથાઓ લખી છે. આમાં ૧૮૭૦માં એડવર્ડ હેઈલની લખેલી 'ધ બ્રીક મૂન' અને એ પછી પ્રસિદ્ધ ફ્રેંચ લેખક જુલે વર્નની એ જ પ્રકારની નવલકથા મુખ્ય છે. હેઈલની કથામાં જળશક્તિ વડે ચાલતા રાક્ષસી કદના ફ્લાયવ્હીલની મદદથી કૃત્રિમ ઉપગ્રહને વાતાવરણોની બહાર કક્ષામાં ફેંકવાની કલ્પના કરવામાં આવી હતી, જ્યારે જુલે વર્નની વાર્તામાં શક્તિશાળી તોપની મદદથી નાના ઉપગ્રહને બાહ્યાવકાશમાં મોકલવાની કલ્પના હતી. આ પછી ૧૮૯૭માં જર્મન લેખક કુર્ડ વાઝવિતઝે પ્રતિ–ગુરુત્વાકર્ષણ (Antigravity)ના કલ્પિત બળથી ઉપગ્રહને પૃથ્વીના ઉત્તર-ધ્રુવ ઉપર સ્થિર રાખવા વિષે એક કથા લખી હતી.

વીસમી સદીની શરૂમાં રશિયન વૈજ્ઞાનિક ત્સ્યોલકોવસ્કીએ રૉકેટ-ઉડ્ડયન અને રૉકેટની રચનાના મૂળભૂત સિદ્ધાંતો વિષે મહત્ત્વનું સંશોધન કર્યું હતું અને બે કે ત્રણ તબક્કાવાળા રૉકેટની મદદથી મનુષ્યને અવકાશમાં મોકલવાની શક્યતા વૈજ્ઞાનિક ભૂમિકા ઉપર સિદ્ધ કરી હતી. લગભગ આ જ અરસામાં અમેરિકામાં રૉબર્ટ ગૉડાર્ડ, જર્મનીમાં હરમાન ઑાબર્થ અને ફ્રાંસમાં રૉબર્ટ એસનૉલ્ટ–પેલ્ટેરી પણ રૉકેટ ઉડ્ડયન વિષે સંશોધન કરતા હતા. આ બધાં સંશોધનોને પરિણામે, ૧૯૨૦–'૩૦ના ગાળામાં રૉકેટ દ્વારા અવકાશી ઉડ્ડયનની શક્યતા



કૃત્રિમ ઉપગ્રહના કેટલાક વિવિધ આકાર–અનુક્રમે: રશિયાનો ગોળાકાર 'સ્પુટનિક', ભમરડા જેવો એકસ્પ્લોરર–XX, નળાકાર 'ઈસરો-૧', ચોરસ પેટી જેવો 'સેકોર', ચોપગા જીવડા જેવો 'પાયોનિયર-પ', ડમરૂ જેવો 'હેલિયોસ'. કૃત્રિમ ઉપગ્રહોના આકારની લાક્ષણિકતા એ છે કે એ બધા જ આકારો સમતોલનના ખયાલથી, તથા એના કાર્યમાં વિદ્યુતશક્તિ પૂરવા માટે એના પર વધુમાં વધુ સૌરકોષ ગોઠવી શકાય એ દૃષ્ટિથી, અને એની સાથે રાખેલાં વિધવિધ સાધનોના સમાવેશની નજરે નિશ્ચિત થાય છે. અહીં આકૃતિઓમાં કાળાં ચોરસ ટપકાં રૂપે જે તે ઉપગ્રહ પર મૂકેલા સૌરકોષ દર્શાવ્યા છે. આ પાનાની નીચે કૃત્રિમ ઉપગ્રહ તથા પૃથ્વી પરના ભૂમિમથક વચ્ચેના રેડિયો સંકેત-વ્યવહારનો સંબંધ દર્શાવ્યો છે, જેની વિસ્તૃત સમજણ લેખમાં આપી છે.

નિઃશંક સાબિત થઈ ચૂકી હતી. અલબત્ત, બાહ્ય અવકાશ વિષેના અજ્ઞાનને પરિણામે, કૃત્રિમ ઉપગ્રહના ઉપયોગથી અવકાશ-વિજ્ઞાનના સંશોધનની આવશ્યકતા વિષે એ વખતના વૈજ્ઞાનિકો ગંભીરતાપૂર્વક વિચારતા નહોતા.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, ખાસ કરીને લશ્કરી ઉપયોગ માટે રૉકેટ–વિજ્ઞાનમાં મહત્ત્વનો વિકાસ થયો અને જર્મન ઇજનેરોએ 'વી-ટુ' (V-2) રૉકેટ અને તેને લગતી વિવિધ ટૅકનૉલૉજી વિકસાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો. યુદ્ધને અંતે રશિયાએ બાલ્ટિક સમુદ્રને કિનારે આવેલું જર્મન રૉકેટ-મથક પીનેમુન્ડ (Peenemunde) કબજે કર્યું, જ્યારે અમેરિકાએ વિખ્યાત જર્મન રૉકેટ–ઈજનેર ફૉન બ્રાઉન અને તેના સાથીદારોને કેદ કર્યા અને સાથે સાથે થોડાં 'વી–૨' રૉકેટ પણ હાથ કર્યાં. આ પછી આ બંને દેશોની લશ્કરી સંસ્થા દ્વારા રૉકેટ-વિજ્ઞાનમાં ઝડપભેર પ્રગતિ કરવામાં આવી. અમેરિકાની લશ્કરી-સંસ્થાની મદદથી વી–ટુ રૉકેટનો ઉપયોગ કરીને અમેરિકન વૈજ્ઞાનિકોએ પૃથ્વીના વાતાવરણના ઉપરના ભાગમાંનું હવાનું દબાણ, ઘનતા, પવન અને સૂર્યમાંથી આવતા અલ્ટ્રા-વાયોલેટ અને ક્ષ–કિરણો વિષે અગત્યનું સંશોધન કર્યું. આ પ્રયોગોના ઉત્સાહજનક પરિણામથી પ્રેરાઇને વૈજ્ઞાનિકોની કૃત્રિમ ઉપગ્રહ માટેની ઝંખના વધારે તીવ્ર બની. આ પછી ૧૯૫૭–'૫૮માં 'આંતરરાષ્ટ્રીય ભૂ-ભૌતિક વર્ષ'ના એક મહત્ત્વના કાર્યક્રમ રૂપે માનવવિહીન કૃત્રિમ ઉપગ્રહના ઉપયોગથી અવકાશસંશોધન કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો, જેમાં અમેરિકન વૈજ્ઞાનિકોને તેમની સરકાર તરફથી અગત્યનું પીઠબળ અને આર્થિક સહાય મળ્યાં. રશિયાની સરકારે પણ આવો જ નિર્ણય લીધો અને અમેરિકા સાથેની અવકાશ–સ્પર્ધામાં તેઓ આગળ નીકળી ગયા.


ઉપગ્રહની રચના


કોઈ પણ ઉપગ્રહને મુખ્યત્વે નીચે આપેલા છ પેટા–વિભાગ કે ઉપતંત્રમાં વહેંચી શકાય: (૧) ઉપગ્રહનું કલેવર (Structure), (૨) સંદેશા–વ્યવહાર, (૩) વિદ્યુતશક્તિ પુરવઠો, (૪) દિશા–નિયંત્રણ, (૫) પરિસ્થિતિ–નિયંત્રણ અને (૬) માર્ગદર્શન તથા નિયંત્રણ.

આ ઉપરાંત, ઉપગ્રહમાં રાખવામાં આવતાં વૈજ્ઞાનિક ઉપકરણો અને અન્ય ઉપયોગી સાધનો–જેવાં કે ટેઈપ-રેકોર્ડર અને કૉમ્પ્યુટર પણ ઉપગ્રહના અગત્યના ભાગરૂપે કાર્ય કરે છે. ઉપર જણાવેલો દરેક પેટા–વિભાગ અન્ય પેટા–વિભાગ સાથે સંબંધ રાખીને અપેક્ષિત કાર્ય કરે તો જ ઉપગ્રહનું ધ્યેય સંપૂર્ણપણે સિદ્ધ થઈ શકે.


આ તો ફક્ત ઉપગ્રહની જ વાત થઈ, પરંતુ ઉપગ્રહને કક્ષામાં મૂકવા માટે વપરાતી રૉકેટપ્રણાલી, ઉપગ્રહમાંથી આવતા રેડિયો–સંદેશા ગ્રહણ કરવા માટેનાં ભૂમિ-મથકો, અને ઉપગ્રહની રચનાના દરેક તબક્કા દરમિયાન વિવિધ પ્રકારના પરીક્ષણ માટે ખાસ ઊભી કરવામાં આવતી સુવિધાઓ પણ ઉપગ્રહનાં અવિભાજ્ય અંગ સમાન ગણાય છે.

ઉપગ્રહની રચના કરવામાં બે ખાસ અગત્યના મુદ્દા ધ્યાનમાં રાખવા જરૂરી છે. પહેલો મુદ્દો એ છે કે ઉપગ્રહનું કુલ વજન જેમ બને તેમ ઓછું અથવા રૉકેટની ક્ષમતા પ્રમાણે હોય એ ખાસ જરૂરી છે. આનું કારણ એ છે કે ઉપગ્રહના વજનની સાથેસાથે રૉકેટ–પ્રણાલિનું





◁ સોવિયેત દેશના 'ઈન્ટર કૉસ્મૉસ' નામના ૩૦ મીટર જેટલી ઊંચાઈ ધરાવતા બે તબક્કાવાળા આ રૉકેટ દ્વારા ૬૦૦ કિલોગ્રામ વજન સુધીના કૃત્રિમ ઉપગ્રહને ૫૦૦થી ૬૦૦ કિ.મી. ઊંચી ભ્રમણકક્ષામાં મૂકી શકાય છે. ભારતનો ઉપગ્રહ 'આર્યભટ' (જમણીબાજુ) એના દ્વારા જ અવકાશમાં તરતો મુકાયો છે. આસમાની ને જાંબલી રંગઝાંયવાળાં ૨૬ પાસાં ધરાવતા હીરા જેવા આકારનો 'આર્યભટ' ૩૬૦ કિ.ગ્રા. વજનનો ને ૧.૬ મીટરના વ્યાસનો તથા ૧.૨ મી. ઊંચાઈનો છે. એક દિવસમાં એ પૃથ્વીની ૧૬ પ્રદક્ષિણા કરે છે.



વજન અને તેનું ખર્ચ પણ વધતું જાય છે. એક જહાજ મગાણે ઉપગ્રહના વજનમાં એક રતલનો વધારો થાય તો રૉકેટ-પ્રણાલિનું વજન લગભગ અર્ધા ટન જેટલું વધારવું પડે છે! બીજો મુદ્દો એ છે કે ઉપગ્રહનો વિદ્યુત-પુરવઠો હમેશાં મર્યાદિત પ્રમાણમાં હોય છે, આથી દરેક ઉપકરણ ઓછામાં ઓછી વિદ્યુતશક્તિ વાપરે એ ખાસ જરૂરી છે. હવે આપણે ઉપર જણાવેલા દરેક પેટા-વિભાગ વિષે અનુક્રમે ચર્ચા કરીએ.

કલેવર

કૃત્રિમ ઉપગ્રહના બાહ્ય કલેવરનો મુખ્ય હેતુ ઉપગ્રહમાં રાખવાનાં સાધનોને જરૂરી આધાર અને અવકાશી વિકિરણ તથા સૂક્ષ્મ ઉલ્કાપાત સામે રક્ષણ આપવાનો છે. કલેવરનો આકાર જુદીજુદી જાતનો હોઈ શકે. (દા. ત. રશિયન 'સ્પુટનિક' ગોળાકાર હતો, એ પછી નળાકાર, પેટી જેવા આકાર અને અનેક પાસાવાળા હીરા જેવા આકારના અનેક ઉપગ્રહ બન્યા છે. ભારતનો પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ 'આર્યભટ' પાસાવાળા આકારનો છે.) પરંતુ ઉપગ્રહનાં કદ અને આકાર એવાં હોવાં જોઇએ કે જેથી ઉપગ્રહ રૉકેટના ઉષ્ણતાકવચમાં સહેલાઇથી રહી શકે. ઉપરાંત, કલેવરની મજબૂતાઈ એવી હોવી જોઈએ કે જેથી કક્ષામાં પ્રવેશતાં પહેલાં રૉકેટની અસાધારણ ગતિથી ઉત્પન્ન થતા પ્રબળ આંચકા અને ધ્રુજારીથી ઉપગ્રહના કોઈ ભાગને નુકસાન ન થાય. વળી ઉપગ્રહનું પોતાનું વજન પણ જેમ બને તેમ ઓછું હોવું જરૂરી છે. આ કારણથી કલેવર બનાવવા માટે મજબૂતાઈ અને વજનનું યોગ્ય પ્રમાણ ધરાવતી ધાતુનો જ ઉપયોગ થાય છે. સાધારણ રીતે આને માટે ઍલ્યુમીનિયમ અથવા તેની કોઈ મિશ્ર ધાતુનો ઉપયોગ થાય છે. આ સિવાય ખાસ પ્રયોજન અર્થે પોલાદ, મૅગ્નેશિયમ, ટાઇટેનિયમ, બેરીલિયમ અથવા ફાઈબર-ગ્લાસનો ઉપયોગ પણ થાય છે. 'આર્યભટ'નું કલેવર બનાવવા માટે ઍલ્યુમીનિયમની મિશ્રધાતુનો ઉપયોગ થયો છે. પૃથ્વીથી દૂર ભ્રમણકક્ષામાં ઘૂમતા ઉપગ્રહના કલેવરની બહારની બાજુનું ઉષ્ણતામાન અસાધારણ પરિવર્તન પામે છે. આથી કલેવરની ધાતુ આ જાતના ઉષ્ણતામાનના ફેરફાર સહન કરી શકે તેવી હોવી જોઇએ. આ ઉપરાંત, શૂન્યાવકાશ, વિકિરણ અને સૂક્ષ્મ-ઉલ્કાપાત જેવી વિકટ ભૌતિક પરિસ્થિતિમાં લાંબા સમય સુધી વિપરીત અસર પામ્યા વગર કામ આપી શકે એ પ્રકારની ક્ષમતા પણ તેના માટે જરૂરી છે.

સંદેશા-વ્યવહાર

ઉપગ્રહમાંથી રેડિયો-ટ્રાન્સમીટર દ્વારા પૃથ્વી પર જરૂરી માહિતી મેળવવા માટે અને પૃથ્વી ઉપરથી રેડિયો-આદેશ દ્વારા ઉપગ્રહમાં મૂકેલાં ઉપકરણોનું નિયંત્રણ કરવા માટે સંદેશાવ્યવહારનું તંત્ર અગત્યની કામગીરી બજાવે છે. જો આ પેટાતંત્રનું કાર્ય અટકી જાય તો ઉપગ્રહ અને પૃથ્વી વચ્ચેની એકમાત્ર કડી નાશ પામે અને પરિણામે ઉપગ્રહ નિષ્ક્રિય બની જતાં તેની પાછળનો શ્રમ અને ખર્ચ નિરર્થક બની જાય. ઉપગ્રહમાં રાખવામાં આવેલાં વૈજ્ઞાનિક સાધનો અને અન્ય જરૂરી ઉપકરણો દ્વારા મેળવવામાં આવતી માહિતીને પહેલાં સાંકેતિક-પદ્ધતિમાં રૂપાંતરિત કરીને, ટ્રાન્સમીટર અને ઍન્ટિના (એરીઅલ) દ્વારા તેનું પ્રસરણ કરવામાં આવે છે. પૃથ્વી ઉપરના ભૂમિ-મથકના ઍન્ટિના અને રિસીવર વડે આ રેડિયો-સંકેત ગ્રહણ કરીને તેનું પૃથક્કરણ કરવામાં આવે છે. આ માટે બે મુદ્દા ખાસ ધ્યાનમાં લેવાની જરૂર છે: (૧) સંદેશા-વ્યવહાર માટે યોગ્ય રેડિયો-કંપસંખ્યા ને (૨) ઉપગ્રહના ટ્રાન્સમીટરની શક્તિ.

પૃથ્વી ઉપર રેડિયો-સંદેશાવ્યવહાર માટે હમેશાં ૩૦ મેગાહર્ટ્ઝથી ઓછી કંપસંખ્યા ધરાવતા રેડિયો-તરંગનો જ ઉપયોગ થાય છે. આ તરંગની વિશિષ્ટતા એ છે કે અયનાવરણ દ્વારા તેનું પરાવર્તન થઈ શકે છે, ને આથી પૃથ્વી ઉપર ઘણા લાંબા અંતર સુધી રેડિયો-સંદેશા-વ્યવહાર શક્ય બને છે. ઉપગ્રહ સાથેના રેડિયો-સંદેશાવ્યવહાર માટે પણ જો આ પ્રકારનાં રેડિયો-તરંગ વાપરવામાં આવે તો અયનાવરણ દ્વારા પરાવર્તન થવાથી આ રેડિયો-તરંગ પૃથ્વી સુધી પહોંચી ન શકે. આ કારણથી ઉપગ્રહ સાથેના સંદેશાવ્યવહાર માટે ૩૦ થી ૩૦૦ મેગાહર્ટ્ઝના ગાળાની રેડિયો-કંપસંખ્યા રાખવામાં આવે છે. 'આર્યભટ'માંથી ટ્રાન્સમીટર દ્વારા રેડિયો-સંકેત મેળવવા માટે ૧૩૭.૪૪ મેગાહર્ટ્ઝની કંપસંખ્યા વપરાય છે, જ્યારે પૃથ્વી ઉપરથી 'આર્યભટ'ને જુદા જુદા રેડિયો-આદેશ મોકલવા માટે ૧૪૮.૨૫ મેગાહર્ટ્ઝની કંપસંખ્યા વપરાય છે.

પૃથ્વીથી સૅંકડો કિલોમીટર દૂર ઘૂમતા ઉપગ્રહમાંથી આવતા રેડિયો-તરંગો પૃથ્વીની સપાટી સુધી પહોંચતાં તો અત્યંત ક્ષીણ થઈ જાય છે. (રેડિયોતરંગની શક્તિ અંતરના વર્ગના પ્રમાણમાં ઘટતી જાય છે.) આ ઉપરાંત, પૃથ્વીના વાતાવરણમાંના ઑક્સિજન અને પાણીની વરાળને લીધે રેડિયો-તરંગનું શોષણ થાય છે. વળી અયનાવરણના ઈલેક્ટ્રોન્સની અસરને કારણે પણ રેડિયો-તરંગની શક્તિ ઓછી થઈ જાય છે. આ ઉપરથી ખયાલ આવશે કે ઉપગ્રહના ટ્રાન્સમીટરની શક્તિ જેમ બને તેમ વધારે હોય એ ઈચ્છનીય છે. પરંતુ, ટ્રાન્સમીટરની શક્તિ વધારવા માટે વધારે વિદ્યુતશક્તિની જરૂર પડે છે. જ્યારે ઉપગ્રહમાં તો વિદ્યુતશક્તિનો પુરવઠો મર્યાદિત હોય છે. આથી ટ્રાન્સમીટરની શક્તિ અમુક હદથી આગળ વધારવી અશક્ય બને છે. વળી, જેમ ટ્રાન્સમીટરની શક્તિ વધે તેમ તેનું વજન પણ વધતું જાય છે. એટલે વજનની મર્યાદાને ધ્યાનમાં લેતાં પણ ટ્રાન્સમીટરની શક્તિ વધારવી મુશ્કેલ બને છે.

ભાઈ પાસે આશીર્વાદ માગેલા. રામાયણમાં ય આવો જ એક પ્રસંગ છે. લંકા પર ચડાઈ કરવાની હતી ત્યારે રામચન્દ્રજીએ સમુદ્ર પર પુલ બંધાવવાનું નક્કી કર્યું. સમુદ્રને પ્રસન્ન કરવા રામે તેની પૂજા કરાવવાનું ઠરાવ્યું. પણ પૂજા કરાવે કોણ? આખા વિસ્તારમાં એવો સમર્થ બ્રાહ્મણ મળવો મુશ્કેલ હતો. છેવટે આ પૂજા માટે રાવણને બોલાવવામાં આવ્યો. પૂજાવિધિ પત્યા બાદ રામચન્દ્રજીએ રાવણ પાસે, રાવણ સામેના યુદ્ધમાં પોતે જીતે એ માટે આશીર્વાદ માગ્યા ને રાવણે આપ્યા ય ખરા! બ્રોકરમાં આ કુનેહ આવી ક્યાંથી? આઝાદીની લડત વખતે કૉંગ્રેસીઓ સાથે જેલમાં રહેવાને કારણે આ કુનેહ તેમને પ્રાપ્ત થઈ હશે.... અને બ્રોકરના ઢગલાબંધ મિત્રોએ તેમને વિજય અપાવ્યો પણ ખરો.

'તમે આટલા બધા દોસ્તો કેવી રીતે બનાવી શકો છો—ધરાવી શકો છો?' એવું એક વાર મેં બ્રોકરને પૂછ્યું ત્યારે તેમણે મિત્રતાની ચાવીરૂપ એક સરસ વાત કહી: 'એમાં તો એવું છે વિનોદ, કે તમે આજે મારા સારા મિત્ર છો. હું કહું છું એ તમને અત્યારે ગમે છે એ હું જાણું છું ને એટલે જ તમારા લખાણ વિષે કે તમારા વિષે ખુલ્લાસથી કહી શકું છું. છતાં આ બધું કરતી વખતે મારી નજર તો હું તમારી આંખોમાં જ ચોડી રાખું છું. જે ક્ષણે તમારી આંખના રંગમાં સહેજ ફેર દેખાય એ જ ક્ષણે સમજી જાઉં કે મારે હવે અટકી જવાનું છે. અને ત્યાં જ અટકી જાઉં છું. તમારા વિષેના કે તમારા લખાણ માટેના પ્રતિભાવો એ જ ક્ષણથી મનમાં ધરબી દઉં છું. અને એ પછી ય, કોઈ ગેરસમજ ના થાય એની ખાસ કાળજી લઉં છું. તમારા વિષે પછી તો મૌન જ સેવવું રહ્યું ને? કેમ કે એ પછી તમારી કોઈ કૃતિ અંગે ટીકા કરું તો તમે એમ જ માનવાના કે સબંધો ખરાબ થવાને કારણે તમારી નિંદા કરું છું, ને પ્રશંસા કરું તો તો કહેવાના કે જોયું? ડરના માર્યા કેવી ફ્લૅટરી શરૂ કરી દીધી! એ કરતાં મૌન જ ઉત્તમ ઉપાય નથી?'

બ્રોકર પ્રેમનું મુલ્ય સમજે છે. તે જેને પ્રેમ કરે છે તેને દિલ ફાડીને પ્રેમ કરે છે. એ પ્રેમના સોદાગર છે. અને પ્રેમનો ધંધો જ આમ તો ખોટ ખાવાનો. પણ તેની ય બ્રોકરે ફિકર નથી કરી. એક લેખકને મુંબાઈમાં વસાવવા બહારથી લઈ આવ્યા. સરસ મઝાની નોકરી અપાવી. સાથે ફરીને મિત્રો સાથે પરિચય કરાવીને એ બધાને ભલામણ કરી દીધી—એ દોસ્તને સાચવવાની-સંભાળવાની; કેમ કે એ દોસ્તનું હૃદય બિલકુલ કાચ જેવું છે એની બ્રોકરને ખબર, એટલે તેના પર 'હૅન્ડલ વિથ કેર'નું લેબલ ચિપકાવી દીધું.

અને એક દિવસ આ દોસ્તે જ જાહેર કાર્યક્રમમાં બ્રોકર સામે શરારત કરી: 'સાહિત્યમાં તમારું શું પ્રદાન છે? કેવળ સંબંધો આગળ કરીને જ તમે સાહિત્યકાર બની બેઠા છો ને!' બ્રોકર કશું જ બોલ્યા નહિ. બસ, તે દોસ્તની સામે એક નજર નાખી આંખ વડે એટલું જ પૂછ્યું: 'બ્રૂટસ! યૂ ટૂ?' પણ પછી બ્રોકર તરત જ સ્વસ્થ થઈ ગએલા.

મિત્રોની તંદુરસ્ત મજાકમાં તો ક્યારેક એ પોતે ય જોડાઈ જાય છે. એક પરભાષી સાહિત્ય-સંમેલનમાં બ્રોકર ગએલા—સપત્ની. દેખાવમાં બ્રોકર આજે ય જુવાન લાગે છે; જ્યારે સુમનબેન બીજી વારનાં પત્ની હોવા છતાં બ્રોકરની સરખામણીમાં વૃદ્ધ કહી શકાય એવાં થઈ ગયાં છે—બ્રોકરની ચિંતામાં. બ્રોકરનો એ બહુ જ ખયાલ રાખે છે. સાહિત્ય કરતાં યે સાચો રસ તો એમને પતિમાં છે. બીજા ઘણા લેખકોની પત્નીઓ પતિની જાસૂસી માટે સાહિત્ય-મેળામાં જાય છે, જ્યારે સુમનબેન બ્રોકરનાં સુખસગવડ સાચવવા જાય છે.

હા; તો સુમનબેન બ્રોકરને શોધતાં'તાં. બ્રોકર આસપાસ ક્યાંક ચક્કર લગાવવા, મિત્રોને મળવા ગએલા. બ્રોકરને જોતાં જ એક પરભાષી લેખકે તેમને કહ્યું: 'યૉર મધર ઈઝ સર્ચિંગ યૂ.' બ્રોકર હસી પડતાં બોલ્યા: 'શી ઈઝ નો ડાઉટ મધર, બટ માઈ સન્સ મધર-નૉટ માઈન...'

વચ્ચે એમના ઘર પાસે જ એક એરોપ્લેઈન ભૂલમાં ઊતરી પડેલું. બ્રોકર સહેજમાં જ ઊગરી ગએલા. મૃત્યુને અને એમને માત્ર ત્રણેક વેંત છેટું રહી ગએલું. આખો ય પ્રસંગ અમે છાપામાં વાંચેલો. આજોલમાં ભરાએલા જ્ઞાન-સત્ર વખતે અમારા એક મિત્ર ભાઈ નિરંજન ત્રિવેદીએ આ પ્રસંગના અનુસંધાનમાં બ્રોકરને કહ્યું: 'આપણામાં એવું કહેવાય છે કે જે લોકો બહુ પુણ્યશાળી હોય એમને તેડવા વિમાન આવે છે. એ આ વિમાન નો'તું?' પછી તો એરોપ્લેઈન પડવાના પ્રસંગની સાથે આ વિમાનવાળી ટકોર પણ બ્રોકર બધાને કહેવા માંડ્યા—ત્રિવેદીના નામ સાથે.

બ્રોકરનો આત્મા જ સ્ટોરી ટેલરનો. નાની અમથી વાતને બહલાવીને એ એવી તો મઝાથી કહે, કે બસ સાંભળ્યા જ કરીએ. બોલે એવી જ રીતે લખે. હું નવમા ધોરણમાં ભણતો ત્યારનો બ્રોકરની આ કળા પર મોહી પડેલો. ગુજરાતી પાઠ્ય પુસ્તકમાં એમનું જ એક પ્રસંગચિત્ર 'પંડિતજી' અમારે ભણવામાં આવતું. કેવું ઉદાત્ત ચરિત્ર! એ પંડિતજી તેમ જ એના કર્તા માટે એ જ વખતે આદર છલકાઈ ગએલો. આ રીતે, આટલી સહજતાથી 'પંડિતજી'ના સર્જકને મળાશે એવી તો એ વખતે કલ્પના ય નહિ. બ્રોકર તે આપણા દોસ્ત થતા હશે? એવું એ વખતે કદાચ લાગત. આજે તો એમને હૃદયથી મળીએ છીએ એટલું જ નહિ, ક્યારેક એમની સાથે રમૂજ પણ કરી લઈએ છીએ.

મેં હમણાં કહ્યું ને કે બ્રોકર એક સ-રસ કથાકાર છે. નાનકડી 'જોક'ને ય મલાવીને કહે. મોટે ભાગે તો તદ્દન જૂની—'લોથલ જોક' બિલકુલ ફ્રેશ હોય એ રીતે કહે. આ બાબતમાં હું થોડો અસહિષ્ણુ છું. એકની એક જોક બે વાર ને વધુમાં વધુ ત્રણ વખત સહન કરી શકું, વ્યવહારે હસી લઉં; પણ એથી વધારે નહિ. એક જોક એમના મોઢે અગાઉ બે-ત્રણ વખત સાંભળી ચૂકેલો. બનતાં સુધી એ જ જોક મેં નહિ સાંભળી હોય એમ માનીને મને કહેવાની એમણે શરૂ કરી. એટલે મેં ખૂબ જ ગંભીરતાથી કહ્યું: 'આ જોક પહેલવહેલી કોણે કહેલી એ કહું બ્રોકરસાહેબ?'

'કોણે કહેલી?' એમણે ય એટલી જ ઉત્સુકતાથી પૂછ્યું.

'આ જોક સૌ પહેલાં દુર્યોધને કહેલી. એક વખત કૌરવ-પાંડવોનું સ્નેહમિલન હતું. ત્યારે એ લોકોના સંબંધો એટલા બધા વણસ્યા નો'તા. કૌરવ-પાંડવો સાથે ગ્રૂપ ફોટો પડાવવા બેઠેલા. એમને બધાને હસાવવા, ફોટોગ્રાફરને મદદ કરવા, દુર્યોધને આ જોક કહેલી?'

અને 'એમ' કહી બ્રોકર હસી પડ્યા.

ચન્દ્રકાન્ત બક્ષીને જ્યારે મેં આ વાત કરી ત્યારે પોતાની લુચ્ચી આંખથી મને તાકતાં બક્ષીએ કહ્યું: 'હું તો, વિનોદસાહેબ, કલકત્તાથી આવ્યો ત્યારનો બ્રોકરસાહેબ પાસેથી આ જોક સાંભળતો આવ્યો છું.'

મજાકને બ્રોકર મજાક તરીકે જ લે છે. મજાક માણી શકે છે. એમને મેં મજાક કરતાં ખાસ જોયા નથી. કદાચ સામેના માણસનો એ વધારે ખયાલ કરતા હશે. એમની વાણીમાં, એમના વર્તનમાં તમને ભાગ્યે જ કડવાશ જોવા મળશે. એ મરતાને મેર ના કહે એવા છે. બહુ બહુ તો: 'બસ જશો જ?' એવું ધીમેથી પૂછી લે, ને તે ય પ્રેમથી.

એમનું વ્યક્તિત્વ જ એવું આકર્ષક છે કે એક વાર તમે એમના સાધારણ પરિચયમાં આવો પછી ટાળી ન શકો. મુંબાઈમાં હો ને રૂબરૂ ના મળાય તો છેવટે ફોન પર પણ મળ્યા વગર મુંબાઈ છોડવું તમને ના પરવડે. એમનો સાકર જેવો અવાજ સાંભળવાનો લોભ, ડાયાબિટિક હો છતાં, તમે છોડી ના શકો. મુંબાઈમાં હું ચંદુલાલ સેલારકા કે દિનકર જોશીને ત્યાં ઊતરું. સવારે ત્યાં પહોંચીને ચા-પાણી પીતો હોઉં ત્યાં જ ફોન રણકે: 'આવી ગયા?' ટ્રેઈનમાં મુશ્કેલી તો નથી પડીને?... ક્યાં


(અનુસંધાન પૃષ્ઠ ૨૫૭)

ભુલાઈ ગએલી કચ્છીલિપિ

લેખક · રામસિંહજી રાઠોડ

કચ્છી ભાષાને પોતાની લિપિ પણ હતી એ કેટલા લોકો જાણે છે? અત્યાર લગી તો કચ્છી ભાષાની લિપિ નથી એમ ચોક્કસપણે મનાતું આવ્યું છે અને છચોક કહેવાતું આવ્યું છે, કેમ કે કચ્છી ભાષાનું જે સાહિત્ય લખાયું છે કે ગ્રંથસ્થ થયું છે તે ક્યારેક પ્રથમ નાગરીમાં અને પછી તો ગુજરાતી લિપિમાં જ હમેશાં રજૂ થતું આવ્યું છે. કોઇએ કચ્છી ભાષાની પોતીકી લિપિમાં તેનું લખાણ કર્યું હોય તેવી નોંધ કે ઉલ્લેખ ક્યાંય ઉપલબ્ધ નથી. કાળબળે અને સ્થળભેદે ઐતિહાસિક સંજોગોમાં કચ્છી લિપિ અગોચર બની ગઈ, ભુલાઈ ગઈ ને ભૂંસાઈ પણ ગઈ. કચ્છી લિપિનો જાણે લોપ થયો અને કચ્છી 'ભાષા' કચ્છી 'બોલી' બની રહી.

સંસ્કૃત બોલાવાનો લોપ થયો, પરંતુ સંસ્કૃતની નાગરી લિપિએ તેની ભાષાને જીવતી રાખી. એ એક પ્રબળ અને સબળ લિપિ છે અને હિંદી, મરાઠી આદિ ભારતની ભાષાઓની લિપિ બની રહેવા ઉપરાંત ગુજરાતી, બંગાળી, શારદા, ગુરુમુખી વગેરે પ્રદેશભાષાઓની લિપિઓની તે જનેતા પણ છે. એ જ રીતે સંસ્કૃત ભાષા અને દેવનાગરી લિપિ કચ્છી ભાષા (કચ્છી બોલી) અને કચ્છી લિપિની જનેતા છે. કચ્છી 'બોલી' નહિ પણ 'ભાષા' છે અને કચ્છી ભાષાને તેની આગવી લિપિ પણ છે એમ પ્રસ્થાપિત કરવાનો આ પ્રયત્ન છે.



△ જૂની કચ્છી કલામતો તથા 'ખીજકી' વાચનમાળાના આધારે કરેલો ગુજરાતી કચ્છી ને ખીજકી મૂળાક્ષરોનો તુલનાત્મક આલેખ (કૉપીરાઈટ : રામસિંહજી રાઠોડ)

કચ્છમાં અને કચ્છ બહાર કચ્છી વસાહતોમાં કચ્છી કોમમાં કચ્છી ભાષા કાયમ રહી છે. જે પ્રદેશમાં જે ભાષા કે જે લિપિ વપરાતી હોય અને જે સર્વગ્રાહ્ય હોય તે જ ત્યાં પ્રચલિત રહી ત્યાં પ્રાબલ્ય પામે છે. એ દૃષ્ટિએ કચ્છી લિપિ કચ્છમાં સર્વસ્વીકૃત ન રહેતાં કચ્છી લખાણ ગુજરાતી લિપિમાં અને કચ્છનો ભાષાવ્યવહાર ગુજરાતીમાં ચાલુ રહ્યો છે. પરિણામે પોતાના પ્રાદેશિક આગવા અને અલગ સંસ્કારવાળી કચ્છી કોમને કચ્છી લિપિનો અભાવ હીણપતભર્યો લાગ્યા કર્યો છે. એ સંજોગોમાં સમયે સમયે કચ્છીની નવી લિપિ ઊભી કરવાના, તેને પ્રચલિત કરવાના પણ કેટલાક નાકામયાબ નીવડેલા પ્રયત્નો થવામાં છે. પરંતુ બિનજર બની ઓઝલ થએલી કચ્છીની મૂળ લિપિ સંભારવાની કે તેનો વ્યવહારમાં ઉપયોગ કરવાની હેસિયત કોઈમાં થઈ નહિ.

ભારતની આઝાદી હાંસલ થવાના કાળ લગી કચ્છમાં ચાલતી આગાખાનની ખોજા કોમની શાળાઓમાં 'ખોજકી' શીખવવામાં આવતી. અસલ કચ્છી લિપિમાંથી પરંપરામાં આ 'ખોજકી' લિપિ વિકસિત થએલી છે. ધર્મની ભાષા તરીકે ખોજાઓનાં ધર્મપુસ્તકોમાં એ વપરાતી રહીને સચવાઈ અને છતાં ય ગૂઢ બની રહી.

'મામૈની વાણી'ના* અસલી ફકરાઓમાં કચ્છી લિપિ વપરાઈ છે. વણિકઅખર અને હટાઈ ભાષામાં કેટલાક કચ્છી લુહાણા અને ભાટિયા વેપારીઓ તેમના ચોપડા લખવામાં આ કચ્છી લિપિનો એક ગૂઢ સાંકેતિક અક્ષરો તરીકે ઉપયોગ હમણાં લગી કરતા આવ્યા હતા; અને તે 'વણિક અખર' કે 'હટાઈ ભાષા' તરીકે ઓળખાતી હતી. નારાયણસરમાં ગોરના જૂના ચોપડાઓમાં યાત્રિકોની રહેતી નોંધમાં એવી કચ્છી લિપિમાં કરાએલી સહીઓ આ લખનારને ઉપલબ્ધ થઈ છે.

હાર્વર્ડ યુનિવર્સિટી માટે 'ખોજકી ધર્મ ને વ્યવહાર' એ વિષય ઉપર જેમણે પોતાનો મહાનિબંધ તૈયાર કર્યો છે એ કેમ્બ્રિજમાં રહેતાં કચ્છનાં ખોજા બહેન કુમારી ગુલશન ખાકી સાથે ૧૯૭૦-૭૧માં 'ખોજકી કચ્છી'ના સંશોધનનું કેટલુંક ક્ષેત્રકામ આ લખનારે કર્યું હતું. કેરા, ભારાપર, મુંદ્રા અને સિનોગ્રા-નાંગલપુરમાં આગાખાનની શાળાઓમાં એ ચાલુ હતી ત્યાં લગી તેમાં ચાલતી ધાર્મિક ભાષા 'ખોજકી' માટે અમે ત્યારે ખાંખાંખોળાં કરેલાં ત્યારે આ એ વારે વિષયમાં વિશેષ ઊંડાં ઊતરતાં અમને 'કચ્છી લિપિ'ના અસ્તિત્વનો પરિચય થયો. એ ઉપરથી જૂની મળેલી હસ્તપ્રતોના આધારે તેમજ ખોજકી કચ્છીની વાચનમાળાના મૂળાક્ષરોને અનુસરીને ત્યારે 'કચ્છી લિપિ'નો ઊભો કરેલો સરખામણીનો આલેખ આ સાથે રજૂ કર્યો છે. તેથી પ્રસ્થાપિત થાય છે કે કચ્છી ભાષાની લિપિ પણ છે. વ્યવહારમાં એ ભલે લોપ પામી હોય, પરંતુ જૂની હસ્તપ્રતો અને પ્રાચીન અવશેષોમાં એ ઉપલબ્ધ રહી છે. એટલે 'કચ્છી ભાષા' તેની આગવી લિપિ અને વાણી ધરાવે છે. સંસ્કૃતમાંથી ઊતરેલી

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૭)

---

*ભાવિની આગાહીની વાણી.

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૫મો · પ્રકરણ ૬ઠ્ઠું



મિલ્ટનના ગદ્યલેખો

જ્હૉન મિલ્ટને (John Milton ૧૬૦૮-૧૬૭૪) પોતાના જીવનમાં કવિ તરીકેનો જ આદર્શ સેવ્યો હતો; એ માટેની તેણે સજ્જતા પણ પ્રાપ્ત કરી હતી; તેમ છતાં એને જીવનનાં કેટલાંક—૧૬૪૧થી ૧૬૬૦—વર્ષો પોતાનો કવિત્વનો આદર્શ બાજુએ રાખીને ગદ્યલેખો લખવાની જવાબદારી અદા કરવાની આવી હતી. ગદ્યને તેણે કદી ઉચ્ચ ભાવનાશીલ લખાણ માટેનું માધ્યમ કે ઉપાદાન માન્યું જ નથી. વાદવિવાદ અગર તો વહેવારના કોઈ પ્રશ્નોની ચર્ચા માટે જ તેણે ગદ્યને પ્રમાણ્યું છે. એના સમયનું ઈંગ્લૅન્ડ ધર્મ ને રાજકારણના ઝગડાઓથી ખદબદતું હતું. પ્યૂરિટન, એપિસ્કોપલ, પ્રેસ્બિટેરિયન આદિ ધર્મસમાજો ચોપાનિયાં દ્વારા વાગ્યુદ્ધમાં પ્રવૃત્ત હતા. ચાર્લ્સ પહેલા અને પાર્લમેન્ટ વચ્ચે તીવ્ર સંઘર્ષ હતો. મિલ્ટનને ધર્મ વિષેના આ વાદવિવાદમાં પક્ષકાર બનવાનું આવી પડ્યું અને તેણે એપિસ્કોપલ ધર્મસમાજની વિરુદ્ધની ઝુંબેશમાં લેખો પ્રકટ કરવા માંડ્યા. ચાર્લ્સ પહેલાએ પોતાની નાણાંભીડ ટાળવા માટે પાર્લમેન્ટ બોલાવેલી, એમાં 'લાંબી પાર્લમેન્ટ' તરીકે જાણીતી થએલી પાર્લમેન્ટમાં પ્યૂરિટનોની સહેજ બહુમતિ હતી તેનો લાભ લઇને તેણે એપિસ્કોપલ સમાજને દબાવવા પ્રયત્ન કર્યો. બિશપો—પાદરીઓ દ્વારા ચાલતા એ ધર્મતંત્ર પર અંકુશ મૂકીને ચર્ચની પુનર્વ્યવસ્થાનું બિલ તેણે પસાર કર્યું. મિલ્ટને પોતે પણ એપિસ્કોપલ ધર્મતંત્રની વિરુદ્ધમાં પોતાની તીક્ષ્ણ દલીલો ચોપાનિયાંઓ દ્વારા પ્રસિદ્ધ કરવા માંડી. મિલ્ટનના આ ગદ્યલેખોનો મુખ્ય સૂર એ હતો કે ધર્મસુધારણાનું કાર્ય ટ્યૂડર યુગમાં પૂરું થયું નથી અને એ કાર્ય પૂરું કરવાનો સમય હવે પાકી ગયો છે. ધર્મસુધારણા દરમિયાન લોકોના અજ્ઞાનનો અંધકાર કેવો ભેદાયો હતો અને ખ્રિસ્તી ધર્મ વિરોધી રૂઢિ અને જડતામાંથી પ્રજા કેવી બહાર આવી હતી તેનું તે સ્મરણ કરે છે. સર્જનહારની કૃપા પામેલો ઇંગ્લૅન્ડ દેશ બીજા દેશોને ધર્મનો પ્રકાશ દર્શાવવામાં અગ્રણી હોવો ઘટે તે આમ સુરત કેમ બની ગયો? મિલ્ટનના લેખોનો આ પ્રધાન સૂર છે. આ પ્રકારનાં તેનાં લખાણોમાં કેટલીક વાર તીવ્ર કટાક્ષના ચમકારા અને એની મેધાનો સાક્ષાત્કાર થાય છે તેમ છતાં અવારનવાર આ વાદવિવાદોમાં મિલ્ટન પોતાના ગૌરવને ખંડિત પણ કરે છે. એમાં મિલ્ટનનો પોતાનો આગવો અવાજ સાંભળવા મળે છે, પણ સાથે સાથે એ એના યુગનો પણ અવાજ છે અને પ્યૂરિટન ધર્મસુધારકનો પ્રબળ આશાવાદ અને ઉત્સાહ તેમાં પ્રતીત થાય છે.

મિલ્ટને છૂટાછેડા વિષે 'ધ ડોક્ટ્રીન ઍન્ડ ડિસિપ્લીન ઑવ ડાઇવૉર્સ' અને બીજાં ચોપાનિયાં લખ્યાં તેની પાછળ તેના જીવનનો એક મહત્ત્વપૂર્ણ પ્રસંગ જવાબદાર હતો. મિલ્ટને પત્ની તરીકે રાજકુળની એક રૂપાળી કન્યા–મેરી પૉવેલ–ને પસંદ કરી. એના લજ્જાભર્યા મૌનની પાછળ તેને બુદ્ધિનો ચમકાર વરતાયો. અને આ નમણી, લાજુ, ધીરગંભીર છોકરી તેના મનને વશ કરી ગઈ. ઈ. ૧૬૪૨માં તેમનો લગ્નોત્સવ થયો. પણ એ પછી તરત જ મિલ્ટનની ભ્રમણા ભાંગી ગઈ. મિલ્ટન અને મેરી પૉવેલ વચ્ચે મનમેળ શક્ય જ બન્યો નહિ, ને મેરી થોડા જ સમયમાં એનું ઘર ત્યજીને પોતાનાં માબાપને ત્યાં ચાલી ગઈ. મિલ્ટનને આ ઘટનાથી પ્રચંડ આઘાત લાગ્યો. એનું સમગ્ર ઊર્મિતંત્ર ખળભળી ઊઠ્યું. આ અંગત ઘટનામાંથી તેણે લગ્ન ને છૂટાછેડાના પ્રશ્નોની ચર્ચા આરંભી અને સર્વસામાન્ય તારણો પ્રકટ કર્યાં. લગ્ન એટલે પતિપત્નીનાં દેહ, મન અને આત્માનું અદ્વૈત; અને જો એ સિદ્ધ ન થઈ શકે તેમ હોય તો લગ્નજીવન નિષ્ફળ નીવડે. આ સંજોગોમાં છૂટાછેડા શક્ય બનવા ઘટે. લગ્નજીવનના આદર્શ વિષે તેનું દૃષ્ટિબિંદુ છીછરું નથી, બલકે લગ્ન વિષેનો તેનો ખયાલ ઘણો ઊંચો છે, અને એટલે જ તો તે છૂટાછેડા આસાન બનાવવાની પ્રબળ હિમાયત કરે છે. નિષ્ફળ લગ્નજીવનવાળાં યુગલોની નિરાશાનું તે વર્ણન કરે છે. લગ્નના નિર્ણયની બાબતમાં સદ્‌ગુણી માણસ પણ કેટલીક વાર આભાસથી છેતરાય છે, એટલે નિષ્ફળ લગ્નજીવન માટે છૂટાછેડાનો કાયદો સુગમ બનવો જ જોઇએ. પ્રેમ વિનાના દામ્પત્ય વિષે તે લખે છે: A loveless marriage is nothing but the empty husk of an outside matrimony, as undelightful and unpleasing to God as any other kind of hypocrisy.' પ્રેમહીન દામ્પત્ય એ પાખંડ છે અને એને ઈશ્વરના આશીર્વાદ નથી. છૂટાછેડાના સમર્થનમાં દલીલો કરતી વખતે મિલ્ટન લગભગ સ્ત્રીશત્રુની કક્ષા સુધી પહોંચી તેને ઈવ અગર ડિલાયલા (Delilab) જેવી અધમ લેખે છે. પોતાની દલીલોનું સમર્થન તે બાઈબલમાંથી પણ શોધી લાવે છે અને પ્રાચીન પ્રજાઓમાંથી તેમજ યહૂદીઓમાંથી પણ તે ઉદાહરણો ટાંકે છે. તે માત્ર પુરુષવર્ગનો જ સ્વાર્થ ધ્યાનમાં લેતો હોય તેવી લાગણી એના આ નિબંધો વાંચતાં થાય છે, ને કેટલેક સ્થળે તો એ લગભગ 'મુક્તપ્રેમ'ની હદ સુધી પહોંચી જતો દેખાય છે. એની નિરાશાનો અને ઉગ્રતાનો સ્પષ્ટ પડઘો આ નિબંધોમાં પડે છે. એના ગર્વિષ્ઠ અને તુમાખીભર્યા વ્યક્તિત્વની મુદ્રા તેમાં ઊપસી છે. તેનાં આ લખાણોએ સમાજમાં વિરોધનાં વમળો પેદા કર્યાં અને તેણે પણ વાદવિવાદ બરાબર ચગાવ્યો.

આ સમયે પાર્લમેન્ટમાં પ્રેસ્બિટેરિયન પક્ષની બહુમતિ હતી. મિલ્ટન આરંભમાં તેનો પક્ષકાર હતો. એપિસ્કોપલ ધર્મસમાજ સામે યુદ્ધે ચડવામાં તે આ પક્ષનો સહાયક હતો. પણ હવે પ્રેસ્બિટેરિયન પક્ષે પોતાની ધાર્મિક શિસ્ત દેશ પર લાદવા માંડી હતી, એટલે મિલ્ટનને તેનો વિરોધ કરવાનું ભાગ્ય આવી પડ્યું. પ્રેસ્બિટેરિયન પક્ષે પોતાના વિરોધીઓને મૂગા કરી દેવા માટે પ્રેસ ઉપર સેન્સરશિપ દાખલ કરી. મિલ્ટનને તો આ વ્યક્તિસ્વાતંત્ર્ય અથવા તો વાણીસ્વાતંત્ર્ય માટે જબરા ફટકારૂપ કાયદો લાગ્યો. તેણે એ કાયદાની ઉપેક્ષા કરીને પોતાના લેખો પ્રકટ કર્યા. એના ઉપર સરકારી ધાડ આવી. અલબત્ત વાત બહુ આગળ ન વધી, પણ મિલ્ટનનું લોહી ઊકળી ઊઠ્યું. એણે પ્રેસની સ્વતંત્રતા માટે 'એરિયોપેજિટીક'—Areopagitica (૧૬૪૪)માં ઉગ્ર પોકાર કર્યો અને વાણીસ્વાતંત્ર્ય વિષેનાં તેનાં મંતવ્યો સત્તરમી સદીના લોકોને માટે તો ચમત્કાર નીવડ્યાં. તીવ્ર સંઘર્ષ વિના ભૂલ જડશે ક્યાંથી? અને ભૂલની શોધ પછી જ સત્ય પ્રવર્તશે. આ એનું મંતવ્ય હતું. એણે ઓજસ્વી વાણીમાં પોતાનાં આ મંતવ્યો પ્રગટ કર્યાં. સમગ્ર સત્ય કોણ ગ્રહી શકે તેમ છે? સત્યના શોધકો પણ તેનો અંશ જ પ્રાપ્ત કરી શકે છે. અને પછી એક મનોહર પરિચ્છેદમાં તે લખે છે: સત્ય આ વિશ્વમાં તેના સર્જનહાર સાથે આવ્યું હતું. એ સંપૂર્ણ સત્ય હતું. એ

અદ્‌ભુત સત્ય હતું. પરંતુ સત્યના પૂજારીઓ—પેગંબરો પ્રમાદમાં પોઢી ગયા અને ધૂર્તોની જમાત આ જગતમાં જામી પડી. તેમણે આ અખંડ સત્યને ચૂંથી નાખ્યું, તેના અસંખ્ય ટુકડા કરી ચારે દિશામાં વેરી દીધા. ત્યારથી સત્યના પેગંબરો–શોધકો દુ:ખી થઇને સત્યને શોધતા ફરે છે. એના છૂટાછવાયા અંશ પ્રાપ્ત થાય છે, પણ એનું સર્વાંગ હવે પ્રાપ્ત થવું અશક્ય છે. વળી પાછો ઈસુનો અવતાર થશે ત્યારે જ સંપૂર્ણ સત્ય આપણે પામીશું.

મિલ્ટનનો બીજો એક નિબંધ 'Of Education' એનો શિક્ષણ વિષેનો ઉચ્ચ આદર્શ રજૂ કરે છે. શિક્ષણનું પ્રયોજન વર્ણવતાં તે લખે છે : The end of learning is to repair the ruins of our first parents by regaining to know God aright and out of knowledge to love him, to imitate him, to be like him.' ઈશ્વરને ચાહીને, એને ઓળખીને, એના જેવા થવાનો પ્રયત્ન કરીને આપણાં આદિ જનક-જનેતાએ કરેલી ભૂલ સુધારવી એ તેના અભિપ્રાયે શિક્ષણનો મુખ્ય હેતુ છે.

આ ઉપરાંત મિલ્ટને લૅટિનમાં પણ અનેક ચોપાનિયાં લખ્યાં છે. તેના ગદ્યલેખોના વિષય આજના વિદ્યાર્થીને કાલગ્રસ્ત લાગે અને તેમાં-ની વિગતો નીરસ પણ લાગે; તેમ છતાં એ લખાણોમાં મિલ્ટને પોતાના કવિપણા વિષે, પોતાના જીવન વિષે કેટલીક માહિતી રજૂ કરી છે તેને લીધે તે ઉપયોગી બની શકે.

ટૉમસ ફુલર

ટૉમસ ફુલર—Thomas Fuller (૧૬૦૮-૧૬૬૧)નાં પુસ્તકો-માં 'ધી હોલી સ્ટેઈટ ઍન્ડ ધ પ્રોફેઈન સ્ટેઈટ'—(૧૬૪૨) અને 'ધ વર્થીઝ ઑાવ ઇંગ્લૅન્ડ (૧૬૬૧) એ બે ઠીક લોકપ્રિય ગણાયાં છે. પહેલા

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૬

વૃશ્ચિક-વિદ્ધ

વીંછીનો ડંખ ભારે વસમો. એ મારક ઓછો, પણ એનાથી થતી કાળી બળતરા જેને અનુભવ થયો હોય એ કદી ન વિસરે એવી હોય છે. વીંછીનો ડંખ લાગ્યો હોય તે સ્થાનથી ક્રમશઃ ઉપર ચડતો જાય છે તેમતેમ વેદના–બળતરા વધતી જાય છે ને તે અંગ બહેરું થતું જાય છે. વીંછીનું વિષ ઉતારવાના કેટલાક ઉપાયો અહીં દર્શાવ્યા છે. સામાન્ય વીંછી હશે તો આ પ્રયોગોથી અવશ્ય લાભ થશે.

ઉપચાર

૧) ફટકડીને દીવા પર ગરમ કરી તેને વીંછીના ડંખ ઉપર વારંવાર ચાંપવી. ફટકડીનું પાણી કરી તેનાં ટીપાં આંખમાં પાડવાં. ૨) દીવાસળીને સળગાવી ઠારી નાખીને તુરત તેના ટોપકાને ડંખ ઉપર દબાવવું. ૩) નિર્મળીના બીને ઘસીને ડંખ ઉપર ચોટાડી દેવું. ૪) બટેટાને કાપી તેને ડંખ ઉપર ઘસવું. ૫) ડુંગળીના રસનાં ટીપાં કાનમાં નાખવાં અને ડુંગળીને ડંખ ઉપર ઘસવી. ૬) આ-મલીના બી (કચૂકા)ને ઘસીને ડંખસ્થાને ચોંટાડવો. ૭) અઘેડાના મૂળને ઘસીને ડંખ ઉપર ચોપડવું અને તેનાં પાન ચવડાવવાં. ૮) ધતૂરાનાં પાન વાટીને ચોપડવાં. ૯) નેપાળાને પાણીમાં વાટી ડંખ ઉપર લેપ કરવો. ૧૦) અરીઠાંનું પાણી આંખમાં આંજવું. ૧૧) તાંદળજાની ભાજીને વાટીને તેનો લેપ કરવો. ૧૨) ડંખ-સ્થાને છેદ કરી લોહી વહેવડાવવું. ૧૩) રોગીને ઘીમાં સાકર મેળવી ચટાડવું. ૧૪) રોગીને મીઠું ખાવા ન આપવું અને તેને ઊંઘવા ન દેવો.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

ઓછા લવાજમે 'કુમાર'

કેટલાક 'કુમાર'ચાહક દાતાઓ તરફથી અભાવગ્રસ્ત વ્યક્તિઓને ઓછા લવાજમે 'કુમાર' આપવા માટે અમને અમુક રકમો ભેટ મળી છે. તેમાંથી જેઓ પોતાની મર્યાદિત આવક કે ટાંચાં સાધનોને કારણે 'કુમાર'નો છેલ્લો લવાજમવધારો સહી શક્યા નથી તેમને મૂળ રૂ. ૨૧ના લવાજમથી અમે 'કુમાર' મોકલી શકીશું. તદનુસાર પોતાનો જૂનો ગ્રાહક નંબર જણાવી રૂ. ૨૧ મોકલી આપનારને જાન્યુઆરી-થી ગ્રાહક નોંધી પાછલા અંકો મોકલી આપીશું. ભેટની રકમ મર્યાદિત હોવાથી 'વહેલા તે પહેલા'ના ધોરણે આ યોજનાનો અમલ થશે.

સંચાલક

પુસ્તકમાં તેણે સારો પિતા, સારો સૈનિક, સારો શિક્ષક વગેરેનાં નમૂના-રૂપ શબ્દચિત્રો આલેખ્યાં છે. એની કેટલીક વ્યાખ્યાઓ આજે પણ રસ-પ્રદ નીવડે તેવી છે. હબસીની વ્યાખ્યા આપતાં તે કહે છે : The image of God Cut in ebony. અને સૈનિકો વિષે લખે છે : 'The soldier at the samé time shoots out his prayer to God and his pistol at his enemy.' એનાં લખાણોમાં અલકમલકના ટુચકા પણ આકર્ષક ગુણ બની રહે છે. જો કે કેટલીકવાર લખાણને ધાર-વાર બનાવવામાં તે હકીકતનો ભોગ આપી દે છે. એના બીજા પુસ્તક 'વર્થીઝસ'માં વિશિષ્ટ અંગ્રેજ સજ્જનો અને તેમના જન્મસ્થળનું તરંગી વર્ણન છે.

આઇઝૅક વૉલ્ટન

આઈઝૅક વૉલ્ટન— Izaak Walton (૧૫૯૩-૧૬૮૩)માર્લો અને ડ્રાયડન વચ્ચેની કડી સમાન છે. સાહિત્યિક શિક્ષણ તે પામેલો નહિ, તેમ છતાં બુદ્ધિજીવીઓની મૈત્રીમાંથી તે ઘણું મેળવી શક્યો. કવિ જ્હૉન ડનનો તે મિત્ર હતો, ડ્રેટન અને બેન જૉન્સનનો પણ તેને પરિ-ચય હતો. જીવનભર કવિતાનો રસ માણવામાં જ તેણે આનંદ શોધ્યો. ઈ. ૧૬૪૦માં તેણે જ્હૉન ડનનું ચરિત્ર લખેલું, પણ તેની સાચી શક્તિ તો પોતાના લોખંડના વેપારમાંથી નિવૃત્ત થઈને તેણે જે સ્મરણચિત્રો લખ્યાં તેમાં પ્રકટવા માંડી. જીવનચરિત્રકાર તરીકે તે મઝાનો લેખક છે. તેણે ડનના જીવન પછી જ્યૉર્જ હર્બર્ટ, રિચર્ડ હુકર વગેરેનાં ચરિત્રો પણ લખ્યાં. એને જે માણસો ગમ્યા અને જેમનો એને કંઈક પરિચય થયો તેમનાં જ ચરિત્રો તેણે લખ્યાં, એટલે એના ચરિત્રલેખનમાં વ્યક્તિ સાથેની તેની નિકટતાનો સ્પર્શ વરતાય છે. એના વ્યક્તિત્વની ઋજુતા અને સાદાઈ એની શૈલીમાં પણ ઊતરી આવ્યાં છે.

વૉલ્ટનનો ઉત્સાહ અને પ્રબળ આશાવાદ એના પુસ્તક 'કમ્પ્લીટ ઍન્ગલર' (Compleat Angler)માં પ્રગટ થાય છે. એ પુસ્તક પ્ર-શિષ્ટ ગ્રંથની નામના પામ્યું છે. એ જમાનામાં પણ એની અનેક આવૃ-ત્તિઓ બહાર પડી હતી. એમાં આમ તો માછલાં મારવા વિષેનો અનુ-ભવ જ મુખ્ય અંશ છે, તો પણ તેમાં તેની પ્રકૃતિનો અને તેના સુખના રહસ્યનો સારો પરિચય મળે છે. એના જીવનનો ઉલ્લાસ એ પુસ્તકમાં છલોછલ ભર્યો છે. (હવે 'નવજાગ્રતિ પછીની કવિતા'નું નવું પ્રકરણ)

પચ્ચીસ વર્ષ પહેલાં

જુલાઈ ૧૯૫૧ · સળંગ અંક ૩૩૧

'માસમાસના તહેવારો' એ નામથી એક વિભાગ ત્યારે ચાલતો, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં 'નાગપંચમી'ના તહેવાર વિષે ત્યારના ઉપતંત્રી માધવ દત્તાત્રેય માહુલીકરે એક માહિતીપૂર્ણ સચિત્ર લેખ આપેલો તે વાનગી રૂપે જોઈએ :

સર્વ તહેવારોની પ્રણાલિથી અનોખા જ પ્રકારના આ તહેવાર પાછળ કઈ ભાવના હશે? ક્ષણમાત્રમાં જીવ લેનારા એ હિંસ્ર પ્રાણીને પ્રતીક ગણીને પ્રાણીમાત્ર તરફ સહિષ્ણુતા તથા અહિંસાવૃત્તિ કેળવવાનો બોધ આપવાની?— નાગ અને આર્ય જાતિઓ વચ્ચેનો કટ્ટર વેરભાવ ગાળીને તેમને આર્ય જાતિમાં અપનાવી લીધાની ઉદાર માનવતાભરી ભાવનાનું સ્મરણ સાચવવાની?

આપણે ત્યાં જેટલા તહેવારો છે તેમાં નાગપંચમીનું પર્વ એક રીતે અનોખું છે. આપણા કેટલાક તહેવારો દેવદેવતા પ્રીત્યર્થ છે; કેટલાક આપણે આપણી સંસ્કૃતિનાં અંગો જાળવી અને ખીલવી શકીએ એ દૃષ્ટિથી યોજાયા છે; બીજા કેટલાક કોઈ વિશિષ્ટ પ્રસંગો ને તેમનું મહત્ત્વ ધ્યાનમાં રાખવા માટે છે; તો બીજા વળી ઋતુના ફેરફાર પ્રમાણે જીવનમાં યથાકાળે સંકલ્પપૂર્વક ફેરફાર કરીએ એ હેતુથી રચાયા છે; જ્યારે બાકીના તહેવારો પાછળ સામાજિક જીવનમાં પરસ્પર એકતા આણવાની નેમ રહેલી છે.


પણ નાગપંચમીના તહેવારને દિવસે મનુષ્યને માટે અતિશય ભયજનક એવા એક પ્રાણીની—નાગની પૂજા થાય છે. જે પ્રાણી પોતાના એક જ દંશથી પ્રાણ લેવા સમર્થ છે એવા ઝેરી પ્રાણીને તે દિવસે દૂધ પીવડાવાય છે એ વસ્તુ હિંદુ ધર્મની એક વિશિષ્ટ બાજુ રજૂ કરે છે. પ્રાણીમાત્ર તરફની સહિષ્ણુતા તો આ તહેવારમાં વણી લેવામાં આવી જ છે, પણ તે સાથે સર્વ પદાર્થ તથા પ્રાણીમાં ઈશ્વર છે એવું માનનારા હિંદુ લોકોએ સારાં-નરસાં સર્વ પ્રાણીની સેવા કરીને તેને સંતુષ્ટ કરવાની આ તહેવાર દ્વારા યોજના કરી છે.


આ તહેવાર માટે શાસ્ત્રોક્ત વિધિ એવો છે કે આ દિવસે જીવતા નાગની અથવા માટીની બનાવેલી તેની પ્રતિમાની પૂજા કરવી. તેને દૂધ, દહીં, ઘી અને ધાણીનું નૈવેદ્ય અર્પણ કરવું. જીવતા નાગને બદલે ઘરના બારણાની બન્ને બાજુએ ઘસેલી સુખડથી અથવા પલાળેલી ખડીથી સર્પની આકૃતિ કાઢીને તે આકૃતિની પૂજા કરવામાં આવે તો પણ ચાલે છે.

अनंतं वासुकिं शेषं पद्मनाभं च कंबलम्।
शंखपालं धृतराष्ट्रं च तक्षकं कालियं तथा॥

ઈત્યાદિ સ્તોત્રોનું હમેશાં પઠન કરી નાગની નવ જાતની આરાધના કરવામાં આવે તો વિષની અસર થાય નહિ અને સર્વત્ર યશ મળે એમ પણ કહેલું છે. આમ, આ દિવસ યોગ્ય રીતે વિધિપૂર્વક પળાય તો આખું વર્ષ સાપ કે નાગ તરફથી કશી ઈજા થતી નથી એમ મનાય છે!

આ તહેવાર ભારતભરમાં ઓછેવત્તે અંશે પળાય છે. શાસ્ત્રોક્ત વિધિ ઉપર પ્રમાણે હોવા છતાં પ્રાંત પરત્વે જુદીજુદી રૂઢિ હોય છે. ગુજરાતમાં આ દિવસે ઉપવાસ કરી, ભીંત ઉપર નાગનું ચિત્ર કાઢી તેની પૂજા કરવાનો અને નૈવેદ્યમાં કુલેર ધરાવવાનો રિવાજ છે. દેશભરમાં આ દિવસે ગારુડી લોકો નાગને લઈ ઘેરઘેર ફરે છે અને ભાવિક લોકો તરફથી તેમને દૂધ તથા પૈસા મળે છે. જ્યાં ખાસ નાગપ્રીત્યર્થ દેવાલયો સ્થપાયાં છે ત્યાં આ દિવસે મોટો ઉત્સવ થાય છે. સ્ત્રીઓ આ દિવસે સાપના આકાર જેવાં પંડોળાંનું શાક સમારતી નથી; ખેડૂતો એ દિવસે જમીન ખેડતા નથી; તે દિવસે ચૂલે કંઈ પણ તળાતું નથી. મહારાષ્ટ્રમાં એ દિવસે સ્ત્રીઓ હળદર-કંકુનો સમારંભ કરે છે. તે દિવસ હીંચકા પર હીંચકા ખાઈને અથવા અન્ય રમતગમતમાં આનંદપૂર્વક ગાળવામાં આવે છે. પહેલવાનો ઘાટ પર કુસ્તીઓ, આટાપાટા તથા અનેક મર્દાની ખેલો ખેલે છે. નાગપંચમી વિદ્યારંભ માટે શુભ દિવસ ગણાતો હોવાથી તે દિવસે નાનાં બાળકોના અભ્યાસનો આરંભ કરાવાય છે. ડુંગરાળ પ્રદેશોમાં નાગનો અધિપતિ રાખેશ્વર છે એમ માનીને તેની પૂજા કરાય છે. આથી નાગપંચમીને રાખુપંચમીનું નામ પણ ત્યાં અપાયું છે. ઉદેપુરના લોકોની એવી માન્યતા છે કે આ દિવસે બારણા પાસે એક વિશિષ્ટ વનસ્પતિ લાવી નાખવાથી કોઈ પણ ઝેરી જાનવર કદી ઘરમાં આવતું નથી. નેપાળમાં તો એવી કથા પ્રચલિત છે કે આ દિવસે નાગ અને ગરુડ વચ્ચે મોટું યુદ્ધ થએલું; તેથી તે દિવસે ત્યાં મોટો ઉત્સવ થાય છે. અયોધ્યા અને ઉત્તરપ્રદેશમાં નાગના દર પાસે દૂધભાત મૂકી 'સર્પ સર્પ'ના શબ્દોથી તેને આમંત્રણ આપવાનો પણ રિવાજ છે. વળી તે દિવસે ત્યાં સુથાર અને બીજા કારીગર લોકો પોતાનાં ઓજારોની પૂજા કરે છે. બિહારમાં વળી જુદો જ ચાલ છે. ત્યાં હલકા વર્ણની સ્ત્રીઓ પોતે નાગની સ્ત્રીઓ છે એમ સમજીને બે ત્રણ દિવસ સુધી રસ્તામાં નાગનાં ગીતો ગાતી ફરે છે. તે વખતે તેમને જે પૈસા મળે છે તેમાંથી અરધા બ્રાહ્મણને આપી, બાકીના પૈસામાંથી મીઠાઈ ખરીદે છે અને ગામના સર્વ લોકો તે ખાય છે. ગઢવાલ પ્રાંતમાં છાણ અને માટીથી જમીન લીંપીને તે પર સુખડથી અથવા હળદરની ભૂકીથી સાપની ૫, ૭ અથવા ૯ આકૃતિઓ કાઢી તેમને ચણામમરાનો નૈવેદ્ય ધરે છે અને આરતી ઉતારે છે, તથા દિવસમાં બે-ત્રણ વખત આ પ્રમાણે કરી રાત્રે નાગની કથા સાંભળે છે. બંગાળમાં લોકો શેષનાગની બહેન મનસા દેવીની પૂજા કરે છે. અનાર્યોની આ દેવીની પૂજા કરવાથી સાપથી પો-





દક્ષિણ હિંદમાં થતી નાગપૂજાની વિવિધ આકૃતિની નાગમૂર્તિઓ: જેમાં પહેલી ત્રણમાં નાગ-નાગિણીના દેહની વિવિધ સંયોજનાપૂર્વકની આકૃતિ-ગૂંથણી છે. તેમાં નાગને ફણા બતાવેલી છે, નાગિણીને નથી. ચોથી ને પાંચમી મૂર્તિ નાગદેવની ને છેલ્લી મૂર્તિ નાગદેવીની છે.

ડાબી બાજુ: (૧) નાગરાજ અને (૨) નાગ અને નાગિણી-અજંતાગુફાની ભીંતો પરનાં આલેખનોમાંથી. (૩) મદ્રાસ મ્યૂઝિયમમાંની દક્ષિણ હિંદની 'કાલીયદમન'ની સુંદર પ્રમાણભારવાળી કાંસ્યમૂર્તિ, જે કલાનો ઉત્તમ નમૂનો ગણાય છે. (૪) બીજાપુર પાસે ઐહોળેમાં 'અનંતાસન' (અનંત નાગ પર આસન કરી બેઠેલા વિષ્ણુ)ની મૂર્તિ.


તાનું રક્ષણ થાય છે એમ ત્યાં મનાય છે. કમળ પર બેઠેલી, હેમવર્ણી આ સ્ત્રીનું સર્વાંગ સર્પથી છવાએલું છે. સાપના ઝેરની અસર ન થવા દેવાની શક્તિ તેનામાં હોવાની માન્યતા હોવાથી તે 'વિષહરા'ને નામે ઓળખાય છે. બંગાળમાં મનસા દેવીનો મોટો ઉત્સવ થાય છે. તેના બે દિવસ અગાઉ ઝાડની નીચે દૂધની ખીર બનાવી મૂકવાનો રિવાજ છે. આમ કરવાથી સાપ કરડતો નથી એમ મનાય છે. દક્ષિણ હિંદમાં તો ઠેકઠેકાણે નાગનાં દેવસ્થાનો છે. સુબ્રહ્મણ્યમ, અનંતશયનમ વગેરે મોટાં દેવાલયોમાં હજારો ભાવિક લોકો દર્શનાર્થે જાય છે. ત્યાં તો કેટલાક રાફડા પણ નાગનાં દેવાલયો તરીકે મનાય છે, ને ગામની સીમે પથ્થરની પ્રતિમા મૂકેલી હોય છે તેને નમન કર્યા વિના મુસાફરો જતા નથી. વળી સંતાનપ્રાપ્તિ માટે નાગની બાધા રાખી તેને નાનાં પારણાં અર્પણ કરવાનો રિવાજ ત્યાં છે.

નાગપંચમીનો આ તહેવાર ક્યારથી અને શાથી શરૂ થયો એ બાબત વિદ્વાનોએ અનેક તર્ક કરેલા છે. કેટલાકનું એમ કહેવું છે કે શ્રીકૃષ્ણે કાલિ નાગનો પરાજય જે દિવસે કર્યો તે દિવસ શ્રાવણ સુદ પાંચમનો હતો. ત્યારથી નાગપૂજા શરૂ થઈ. પણ આ મત સયુક્તિક દેખાતો નથી. બીજા કેટલાકનું કહેવું એમ છે કે મહાભારતકાળમાં આર્યો અને નાગ જાતિ વચ્ચે યુદ્ધો થતાં. એક દિવસ નાગ જાતિના રાજા તક્ષકે આર્યોના પરીક્ષિત રાજાની નગરીમાં ધૂસી જઈ તેનો વધ કર્યો, ત્યારથી એ બંને જાતિ વચ્ચે જીવલેણ યુદ્ધ ચાલ્યું. આખરે આસ્તિક ઋષિએ આ યુદ્ધ અટકાવ્યું. એ આસ્તિક ઋષિનો પિતા આર્ય હતો અને માતા નાગ જાતિની હતી. ત્યારથી નાગ જાતિ અને આર્ય જાતિ વચ્ચે આંતરજાતીય વિવાહ શરૂ થયા અને નાગ જાતિ આર્ય જાતિમાં ભળી ગઈ. એમ મનાય છે કે નાગ જાતિના સંતોષ અર્થે નાગપૂજાનો આ તહેવાર આર્ય તહેવારોમાં ઉમેરાઈ ગયો.

હિંદુ ધર્મમાં છેક પુરાણકાળથી સર્પને મહત્ત્વ અપાએલું છે. શ્રીમદ્ ભાગવતમાં સર્પ હમેશાં માણસનું રક્ષણ કરે છે એ જાતની રૂપક કથા આપેલી છે. પાંચ ફેણવાળો નાગ તેમાં પંચ પ્રાણના પ્રતીકરૂપે આલેખેલો છે. વિષ્ણુ પુરાણમાં સાપના અનેક ઉલ્લેખો છે. દરેક કલ્પની આખરે ભગવાન વિષ્ણુ મહાસાગરમાં શેષનાગ ઉપર શયન કરે છે એ માન્યતા તો જાણીતી છે. ભગવાન વિષ્ણુએ કૃષ્ણાવતાર લીધો ત્યારે શેષનાગે બલરામ તરીકે અવતાર લીધો હતો. રામાવતાર વખતે લક્ષ્મણ પણ શેષનો જ અવતાર હતા એમ મનાય છે. ભગવાન શંકરનાં આભૂષણ નાગનાં જ છે એમ પુરાણોમાં છે. ગણપતિની કમરે પણ નાગ વીંટળાએલો હોવાનું લખ્યું છે. સર્પપ્રીત્યર્થ યજ્ઞ સમયે ગાવાની ઋચા પણ યજુર્વેદમાં આપેલી છે. આ બધાં પરથી જણાય છે કે સાપ માટે પ્રાચીન કાળમાં આર્યોમાં પૂજ્યભાવ હતો.

પરંતુ, ઉત્તરમાં આર્યોમાં જ્યારે આમ માત્ર પૂજ્યભાવ હતો ત્યારે દક્ષિણમાં તો દ્રાવિડો સાપની પૂજા યે કરતા હતા. જેમ આર્યો અગ્નિ, જલ, વાયુ આદિ પંચમહાભૂતોની પૂજા કરતા, તેમ દ્રાવિડો મનુષ્યને ઈજા કરનારાં સર્પાદિ પ્રાણીઓની, ભૂત-પિશાચોની ને તેમનાં નિવાસસ્થાન તરીકે મનાએલાં વૃક્ષોની યે પૂજા કરતા. એટલે આર્યો ને અનાર્યોનો જ્યારે એકબીજા સાથે સંબંધ થયો ને બંને એકબીજામાં ભળી ગયા ત્યારે આ તહેવાર આર્યોએ અનાર્યો પાસેથી લઈને શરૂ કર્યો હોય એમ લાગે છે.

એ ગમે તેમ હોય, નાગ પ્રત્યે આપણે ત્યાં જેમ બીક કે ધાક છે તેમ તેના પ્રત્યે થોડો આદર કે પૂજ્યભાવ પણ પ્રવર્તે છે. સાપ એ ઘરનો, ગામનો અને દ્રવ્યનો અધિપતિ હોઈ તે જ તેનું રક્ષણ કરે છે એવી એક સમજ છે. ખેતરમાં રહેનાર સાપ ખેતીને નુકસાન પહોંચાડનાર ઉંદર વગેરેને ખાઈ જતા હોવાથી તે ક્ષેત્રપાલ પણ કહેવાય છે. અને જ્યાં ભીતિ તથા આદરભાવ બંને ભેગાં થાય ત્યાં તેની પૂજા કરવા ભોળો પ્રાકૃતિક માણસ તૈયાર થાય તેમાં શું આશ્ચર્ય? પણ હિંદુ ધર્મે અંતે એને પણ અહિંસાનું રૂપ આપી તેમાંથી મનુષ્યેતર સૃષ્ટિ સાથેનો સમભાવ, હિંસ્ર પ્રાણીઓ પ્રત્યે પણ દયાભાવ અને અહિંસાનું અભય દાન–એ ત્રણ વસ્તુઓ પેદા કરી બતાવી એ તેની વિશિષ્ટતા છે.



ત્યારે વિદ્વાન કલાવિવેચક ડૉ. હરમાન ગઅટ્ટસની 'ગુજરાતની કલાની હિંદની કલા ઉપર અસર' એ નામની એક ઘણી જ મનનીય અને રસમય લેખમાળા પ્રકટ થતી હતી. તેમાં નિર્દેશેલાં સ્થાનો દર્શાવતો આ નકશો, એ લેખમાં કહેલી મુખ્ય વાતને થોડા જ દૃષ્ટિપાતમાં સમજાવી દે છે. ગુજરાતની જે તળપદી કળાએ ઉત્તર હિંદુસ્તાનમાં રાજપુતાનાની સરહદોની પાર છેક હિમાલયની તળેટીમાં કુલુ ને પૂર્વે અલ્લાહાબાદ સુધી અસર પાડી છે તેની એ અસરના તબક્કા જુદીજુદી સંજ્ઞાઓ દ્વારા આમાં દર્શાવ્યા છે. ઘાટી કાળી લીટીની સીમારેખા વડે બતાવેલો પ્રદેશ ગુજરાતની એતદ્દેશીય કલાનાં પ્રકટીકરણ અને વિકાસ જેટલા ભાગમાં થયાં તે નિર્દેશે છે. ત્યાર પછી તૂટક રેખાઓથી સીમાંકિત વિસ્તારમાં ગુજરાતની કલાની સીધી અસર, અને ટપકાંવાળા પ્રદેશમાં આડકતરી અસર મળી આવે છે. એ અસરો દર્શાવતા વિવિધ અવશેષો આજે જે જે શહેરોમાં મુખ્યત્વે જણાય છે તે તે શહેરો, તેવી અસરોની વિવિધ સંજ્ઞાઓ (પોલાં મીંડાં, ઘાટાં મીંડાં, પોલા તથા ઘાટા ત્રિકોણ તેમ જ લંબચોરસ) વડે બતાવ્યાં છે, જેની સમજણ નકશાને નીચલે છેડે આપી છે. ગુજરાતના ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક અનેક પ્રકારના નકશા આજ સુધી યોજાયા છે, પણ કલાવિસ્તારનો આવો નકશો આ પહેલો જ હોઇ એ વિશિષ્ટ મહત્ત્વનો ને મનનીય છે, અને ગુજરાતી કલાએ અર્ધા ઉત્તર ભારત પર પાડેલી અસર દર્શાવતો એમાંનો આલેખ કોઈ પણ ગુજરાતીના હૈયામાં ગર્વ ઊપજાવે એવો છે.

શબ્દકથા: કુંડ · વાવ · ખડોખલી · હોજ

પ્રાચીન તીર્થસ્થાનોમાં દેવમંદિરોની પાસે સ્નાન માટે કુંડ હતા, જે આજ સુધી જોવા મળે છે. પણ રાજમહેલ વગેરે જેવામાં તેમ જ ગર્ભશ્રીમંતોનાં આવાસસ્થાનોમાં જળક્રીડા માટે **વાપી** એટલે કે '**વાવ**'નો ઉપયોગ થતો. 'મેઘદૂત'માં મરકત-શિલાનાં પગથિયાંવાળી અને વૈદૂર્યમણિનાં નાળ પર રહેલાં સુવર્ણકમળોથી શોભતી વાવનું વર્ણન છે; અને તેરમી શતાબ્દી લગભગના 'વસંતવિલાસ' નામના જૂની ગુજરાતીના કાવ્યમાં વસંતઋતુમાં કસ્તૂરી અને કપૂરથી સુગંધિત જળવાળી વાપીમાં ક્રીડા કરવાનો ઉલ્લેખ છે.

પણ તે પછી ચૌદમીથી સત્તરમી સદીના ગાળામાં જળક્રીડા કરવાના કુંડ માટે **खडोखली** શબ્દ વપરાતો હતો. વસંતઋતુને લગતાં પ્રાચીન ફાગ-કાવ્યોમાં વારંવાર **खडोखली**માં સ્નાન અને ક્રીડા કરવાનો ઉલ્લેખ છે.

સત્તરમી શતાબ્દીના શૃંગારરસના કાવ્ય 'માધવાનલ-કામકંદલા'માં મિલનના બાર માસ વર્ણવતાં વૈશાખ માસના વર્ણનમાં કામકંદલા કહે છે: 'ખેલશિ જિહાં ખડોખલી, મેહલશિ માંહિ જબાધિ: ગર્તા ભરસિ ગુલાલ-જલિ.'

અઢારમી શતાબ્દી સુધી તે શબ્દ પ્રચારમાં હતો, કારણ કે પ્રેમાનંદના 'દશમસ્કંધ'-માં વૃંદાવનના વર્ણનમાં 'ખડોકળી પર વેલ વળી' એવી પંક્તિ છે.

खड्ड એટલે 'ખાડો' અને **ओखली** એટલે 'ખાંડણિયો': 'ખાંડણિયાના જેવો જળ ભરેલો ખાડો—એટલે કે કુંડ' એ રીતે તેનો અર્થ ઘટાવી શકાય.

પરંતુ મુસ્લિમ કાળ દરમિયાન હોજ (અરબી હૌજ) શબ્દ પ્રચલિત થયો, અને ખડોખલી વપરાશમાંથી નીકળી ગયો. હવે 'સ્વિમિંગ પુલ' અને 'બાથ' આવતાં હોજ-ની પણ એવી જ દશા થઈ ગઈ છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક


સ્વ. પ્રિયકાન્ત મણિયાર

દર બુધવારે રાત્રે કુમાર કાર્યાલયમાં મળતી કવિતા-બેઠકમાં, ઈ. ૧૯૪૨–૪૪ના અરસામાં એક ઊંચો, પાતળિયો, મૃગાક્ષ તરુણ આવતો: ખાદીનું બાંડી બાંહ્યનું પહેરણ, ઢીંચણ સુધીની ખાદીની પોતડી અને માથે મૂંડો! વિનોબાના વિચારોથી રંગાએલી આત્યંતિક અને ઉગ્ર વાતો એ કરે કે દુનિયામાં ખરો સર્વોદય–સમાજવાદ લાવવો હોય તો બધી જમીન ભેગી કરી આખી દુનિયાના માણસોને સરખે ભાગે વહેંચી દેવી જોઈએ! જે થોડીઘણી કવિતાઓ લાવે તેમાં પણ સંવેદન અને અભિવ્યક્તિની એવી જ તીક્ષ્ણતા. લાગણીઓના આવા અનેક પલટા-ઓમાંથી પસાર થએલા એ પ્રિયકાંતની કવિતા-નું ક્રમશઃ પ્રિયરંજન પુદ્ગળ બંધાતું ગએલું.

મૂળ અમરેલીથી અમદાવાદ આવીને હાથી-દાંતના ચૂડા-ચૂડીઓ ઉતારવાનો વ્યવસાય કરતા મણિયાર(બ્રહ્મક્ષત્રિય) પિતા પ્રેમચંદભાઈ (અને માતા પ્રેમકુંવર)ને ત્યાં ઈ.૧૯૨૭ની ૯મી જાન્યુઆરીએ વીરમગામમાં એમનો જન્મ થ-એલો ને નજીકના માંડલ ગામે પ્રાથમિક-માધ્ય-મિક શિક્ષણ લઈ, વચ્ચે એકાદ વર્ષ વઢવાણ ગાળી અમદાવાદમાં અભ્યાસ આગળ વધાર્યો, ત્યાં ૧૯૪૨ની ઉદ્રેકભરી ચળવળ આવતાં અં-ગ્રેજી પાંચમા ધોરણથી અભ્યાસ છોડી દીધો. દરમિયાન સંવેદનશીલ હૃદયને કારણે એક બાજુ જેમ કવિતાસ્રોત ફૂટતો ગયો તેમ બીજી બાજુ જીવન-વિચારમાં અટપટા પલટા આવી એ એવા રંગીલા કવિ બન્યા કે—

> તમારા પ્રેમની રુશનઈ
> ન'તી મેં એવી જાણી કે
> લખાશે ગ્રંથ પૂરો ત્યાં
> બધા અક્ષર ઊડી જાશે.

જેવી અનેક પંક્તિઓ પરથી કોઇને કૈંક બીજો પણ વહેમ જાય. અને કદાચ એ જ મનોદશા-માં એમણે, વચ્ચે, વડીલોના ગોઠવેલા લગ્નના વિરોધમાં ગૃહત્યાગ કરેલો.



પ્રિયકાન્ત મણિયાર 'કુમાર-ચંદ્રક' મળ્યો ત્યારે

પણ એ પ્રકરણ પત્યા બાદ એમણે બાપીકા ધંધામાં મન પરોવ્યું અને—

> શું કરો છો ભાઈ ઘ્યાં
> આ જિંદગીની ધૂળમાં?
> આશાના એકમ ઉપર
> મીંડા ચડાવ્યે જાઉં છું.

એ પોતાની પંક્તિઓ પ્રમાણે, જીવન પ્રત્યેના પ્રબળ આશાવાદી અભિગમથી પિતાનો ધંધો હાથ ધરી તેને એવો તો વિકસાવ્યો કે તેને દોઢ હાથની હાટડીમાંથી અમદાવાદની રમણીઓના માનીતા 'મેઘધનુષ કંગન સ્ટોર'માં ફેરવી ના-ખવા ઉપરાંત શહેર બહાર અદ્યતન કમર્શિયલ સેન્ટરમાં પણ ઑફિસ જમાવી.

…અને ગઈ તા. ૨૫મી જૂનની રાત્રે ૮ાા વાગ્યે એ જ ઑફિસનું શટર બંધ કરતાં કરતાં અચાનક હૃદય બંધ પડવાથી (વિનોદ ભટ્ટે લખ્યું છે એમ) જિંદગીનું શટર પાડી દીધું!

નિરંજનની સમકાલીન નવતર કવિતાના એ એક અગ્રણી કવિ હતા. ('ગ્રંથ અને ગ્રંથકાર'-માં નિરૂપ્યા પ્રમાણે) 'પ્રવાહી, પરંપરિત તેમજ તાજગીપૂર્ણ સુઘડ છંદો, અર્થસમૃદ્ધિને પરિ-પોષક બનતા અલંકારો, સજીવ સૌન્દર્યચિત્રો, ચોટદાર નવીન ભાવપ્રતીકો, સુરેખ કંડારેલી બાની, લાલિત્યભરી પદલીલા, ઉત્કટ સંવેદન-શીલતા અને સ્પર્શગોચરતા જેવા અનેક ગુણે સોહતી એમની કાવ્યસૃષ્ટિ મનોહર અને મનો-રમ છે. એમણે, શ્રી ઉમાશંકરે કહ્યું છે તેમ, પ્રેમ અને કાલવિષયક મધુર કૃતિઓ આપી છે અને ગુજરાતી કવિતામાં અભિનિવેશનું દર્શન કરાવ્યું છે. આમ તો પ્રણય અને પ્રકૃતિનાં, રાધા–કૃષ્ણને પ્રતીકરૂપે નિરૂપી સ્ત્રી-પુરુષની રતિનાં અને વિશિષ્ટ દૃષ્ટિથી નીરખેલા માનવજીવનને વ્યક્ત કરતાં એમણે અનેક કાવ્યો આપ્યાં છે. પ્રણયમાં કામલીલાના અણસાર આસ્વાદ્ય બન્યા છે, તો નગરસંસ્કૃતિની વિચ્છિન્નતા ને વાસ્તવજીવનની અવદશા નિરૂપતાં એમનાં કાવ્યો એમાંની સબળ અભિવ્યક્તિથી ચોટ સાધી શક્યાં છે. '(કાણાવાળો) પૈસો', 'એક ગાય', 'કબૂતરો', 'ફૉકલૅન્ડ રોડ', 'હેમંતની મધરાત' જેવી અનેક કૃતિઓમાંનાં પ્રતીકો, 'નક્કી અહીં આં હું રહું છું?', 'ગાય', 'આપણે', 'તમે ગાંધીજીને જોયા હતા?' જેવી અનેક કૃતિઓમાં જોવા મળતું કલાત્મક વાસ્તવદર્શી વલણ, છંદોબદ્ધ કાવ્યો જેવી જ સિદ્ધિ દર્શા-વતાં એમનાં ગીત કાવ્યો વગેરે દ્વારા ગુજરાતી કવિતાને આ સહૃદયથી કસબી કવિએ, વ્યવ-સાયે જેમ ગૃહિણીઓને તેમ કવિધર્મે ગુર્જર-ગિરાને સંઘેડાઉતાર કલાની નજાકત ભરેલી કાવ્ય-ચૂડીઓની ભેટ ધરી છે.'

એમને પરમ ધામમાં શાન્તિ હો. —બ. રા.

પુસ્તિકાના લેખક છે રામનારાયણ ના. પાઠક. (કાચું પૂઠું, પૃ. ૫૨.)

બોરસદ સત્યાગ્રહ : સ્વાતંત્ર્ય-સંગ્રામમાં બોરસદે સત્યાગ્રહ દ્વારા નોંધાવેલી પ્રશસ્ય કામગીરીનો આ અહેવાલ આપ્યો છે શિવાભાઈ ગો. પટેલે. (કાચું પૂઠું, પૃ. ૪૪.)

વીરમગામસત્યાગ્રહ : આઝાદીનાયુદ્ધમાં વીરમગામની સત્યાગ્રહ છાવણીએ આપેલા ફાળાની આ વિગતસભર પુસ્તિકા લખી છે કાન્તિલાલ મ. શાહે. (કાચું પૂઠું, પૃ. ૬૪.)

લીંબડીની લડત : લીંબડીએ આઝાદી-જંગમાં જે કામગીરી બજાવેલી તેની રસપ્રદ વિગતો આ પુસ્તિકામાં આપી છે બાપાલાલ દોશીએ. (કાચું પૂઠું, પૃ. ૩૦.)

બારડોલી સત્યાગ્રહ : વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ અપાવનાર ઇતિહાસ-પ્રસિદ્ધ બારડોલી સત્યાગ્રહની આ પુસ્તિકા તૈયાર કરી છે જેઠાલાલ ગાંધીએ. (કાચું પૂઠું, પૃ. ૩૦.)

જૂનાગઢની આરઝી હકૂમત : આઝાદી બાદ જૂનાગઢની પ્રજાએ ભારતના એક અવિભાજ્ય અંગ તરીકે રહેવા ત્યાંના નવાબ સામે આંદોલન જગાવ્યું અને ઇતિહાસ સર્જ્યો તેની આ રસભરી તવારીખ આલેખી છે રતુભાઈ કોઠારીએ (કાચું પૂઠું, પૃ. ૭૨.)

દાંડીકૂચ : ભારતની આઝાદીમાં અને મહાત્મા ગાંધીના રાજકીય જીવનમાં સીમાસ્તંભ બની જનાર વિખ્યાત દાંડીકૂચનો આ ઇતિહાસ આપ્યો છે કલ્યાણજી મહેતા તથા ઈશ્વરલાલ ઈ. દેસાઈએ. (કાચું પૂઠું, પૃ. ૯૦.)

આઝાદીનાં પ્રેરણાગીતો : ભારતના મુક્તિજંગ દરમ્યાન ગળે ગળે અને ગલીએ ગલીએ ગુંજતાં રહેલાં પ્રેરણાદાયી લડતગીતોનો સંચય. (કાચું પૂઠું, પૃ. ૯૦.)

ગુજરાત : ગુજરાત રાજ્યનાં સાહિત્ય, કલા, સંસ્થાઓ, સર્જકો, ઇતિહાસ, ભૂગોળ વગેરેને લગતી જે ઇતિહાસ-પુસ્તિકા ભારત સરકારે તૈયાર કરાવેલી તેનો નરહરિ કે. ભટ્ટે કરેલો આ અનુવાદ ગુજરાતના નાગરિકને ખૂબ જ માહિતીપ્રદ થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૭૮)

ગુજરાતનાં નવાં તીર્થધામો : આઝાદી બાદ ગુજરાતમાં ઔદ્યોગિક-વૈજ્ઞાનિક ક્ષેત્રે જે પ્રગતિ થઈ છે તેનો પરિચય કરાવતી આ પુસ્તિકાના લેખક છે વિજયગુપ્ત મૌર્ય. (કાચું પૂઠું, પૃ. ૯૦.)

ગુજરાતમાં હરિજનકલ્યાણ-પ્રવૃત્તિ : ગાંધીજીના ગુજરાતમાં અસ્પૃશ્યતા-નિવારણ અને હરિજનોના કલ્યાણની શી શી પ્રવૃત્તિ થતી રહી છે અને રહે છે તેનો વિગતે ખયાલ આપતી આ પુસ્તિકાના લેખક છે ડાહ્યાભાઈ નાયક (કાચું પૂઠું, પૃ. ૭૦.)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



શ્રીમતી હર્ષિદા પંડિત

જન્મ : અમદાવાદમાં તા. ૧૫-૨-૧૯૨૮. સોળ વર્ષની વયે રાષ્ટ્રભાષા-પ્રચારક. ૧૯૫૧માં શ્રી રામુ પંડિત (જુઓ જૂન અંક) સાથે સ્નેહલગ્ન. માનસશાસ્ત્રનાં અભ્યાસી અને સંશોધક. એસ. એન. ડી. ટી. યુનિ.માં એ વિષયનાં વિભાગીય ઉપરી. પતિ સાથેના પાંચ વર્ષના અમેરિકાવાસ દરમિયાન ત્યાં પણ એ વિષયનો વધુ અભ્યાસ કરી તે અંગેની ઉપાધિ પ્રાપ્ત કરવા ઉપરાંત, ઘર સંભાળવા સાથે અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિમાં સક્રિય રસ લીધો. ફુલબ્રાઈટ સ્કૉલર, હાઈફાના 'ઈન્ટરનૅશનલ કૉમ્યુનિટી ડેવલપમેન્ટ સેન્ટર' તથા 'યુનેસ્કો' દ્વારા આયોજિત 'સ્ત્રીઓની નિરક્ષરતાની નાબૂદી' અંગેના પરિસંવાદમાં આમંત્રિત ચાર ભારતીય નારીઓમાંનાં એક પ્રતિનિધિ. માનસશાસ્ત્રવિષયક અનેક લેખો અને બારેક પુસ્તકોનાં લેખિકા.

૧ આપ માનસશાસ્ત્રનાં અભ્યાસી અને પ્રાધ્યાપક તરીકે ખ્યાત છો. આ શાસ્ત્ર વિષે ટૂંકમાં કંઈ કહેશો ?

ઉ. માનસશાસ્ત્ર એ સતત વિકસતો વિષય છે. અમેરિકામાં એના અભ્યાસ દરમિયાન હું આ વિષયનાં ૧૯૫૬ સુધીનાં વહેણોથી પરિચિત બની. હવે અધ્યાપનમાં એના છેક છેલ્લા પ્રવાહોથી વાકેફ રહેવા એ વિષે સતત વાચન-મનન રાખવાં જરૂરી છે. લેખન દ્વારા પણ મારો આ વિષેનો રસ મેં જારી રાખ્યો છે. માનવવર્તનનાં એટલાં બધાં પાસાંનો તલસ્પર્શી અભ્યાસ થતો રહીએમાં નવા સિદ્ધાંતો બંધાતા રહે છે કે અભ્યાસીએ એ અંગે હમેશાં જાગ્રત રહેવું પડે છે.

૨ ભારતમાં નારીનું સ્થાન કેવું છે ?

ઉ. વ્યક્તિગત સિદ્ધિઓની દૃષ્ટિએ ભારતીય નારી ઘણા દેશોની સરખામણીમાં આગળ છે, પણ મને લાગે છે કે 'આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ' મનાવ્યા પછી પણ ભારતની સામાન્ય નારીનું પછાત જેવું સ્થાન હજી યે કેટલોક સમય તો રહેશે જ.

૩ આપ આદર્શ આર્ય નારી કોને કહો ?

ઉ. આદર્શ આર્ય નારીની જૂની પરિભાષામાં મને રસ નથી. ભારતીય નારી પણ હવે નવી ભૂમિકાઓ અપનાવે છે. એણે પણ નવાં કાર્યો કરવાનાં છે. એટલે લજ્જા, નમ્રતા, અન્યાય સહેવાની શક્તિ, ત્યાગ વગેરેની જૂના ખયાલો પ્રમાણેની ભાવનાને વળગી રહ્યે કોઈ સિદ્ધિ નહિ મળે. નવાં મૂલ્યો સ્થાપીને ભારતના 'આર્ય પુરુષ'ને એ નહિ બદલે તો સ્ત્રી-પુરુષ વચ્ચે વિસંવાદિતા વધશે.

૪ સુંદર દેખાવા માટે સૌંદર્યપ્રસાધનની નારીને આવશ્યકતા ખરી?

ઉ. વ્યક્તિ હોય એ કરતાં વધુ સુંદર દેખાવા પ્રયાસ કરે એ એક પ્રકારની નબળાઈ છે. સુંદર દેખાવું એટલે સુઘડ દેખાવું ને પોતાના ગુણો—આંતરિક સૌંદર્યને વધુ મહત્ત્વ આપવું એ જરૂરી છે. સુંદર દેખાવાની હરીફાઈમાં થતા જાતજાતનાં પ્રસાધનોના લપેડા બીજાને અસુંદર જ લાગે છે. ચામડીના સૌષ્ઠવને જાળવવા પૂરતો પ્રસાધનોનો ઉપયોગ બસ છે.

૫ આપના આદર્શ લગ્ન સંબંધી આપની માન્યતા શી છે ?

ઉ. આદર્શ લગ્નમાં સમાન રસ, એકમેકના આદર્શો-વિચારોનું સન્માન, અન્યોન્યના વિકાસમાં સમજપૂર્વકનું પ્રદાન અને એકબીજાની સિદ્ધિઓને થાબડવાની તથા ખામીઓ સામે આંખમિચામણાં નહિ, પણ એને દૂર કરવામાં રચનાત્મક સહાયની જરૂર છે.

૬ સાચું સાહિત્ય આપ કોને કહો ?

ઉ. માનવી હોય એ કરતાં વધુ ઊંચી સપાટીએ એને લઈ જાય એ સાહિત્ય સાચું. હલકા પ્રકારની પકડમાં જકડી રાખે એને હું સાહિત્ય કહેતી નથી.

હર્ષિદા પંડિત

ગુજરાતમાં ગ્રામસફાઈ : રચનાત્મક કાર્યક્રમમાં ગ્રામસફાઈના ક્ષેત્રે ગુજરાત રાજ્યે જે પ્રશસ્ય કામગીરી બજાવી છે તેનો ચિતાર આપતી ઈશ્વરભાઈ પટેલે તૈયાર કરેલી પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૮૪)

ગુજરાતમાં આયુર્વેદનું શિક્ષણ : આયુર્વેદના શિક્ષણની મહત્તા તથા ગુજરાતમાં તે ક્ષેત્રે થએલા પ્રયાસો–પ્રગતિની છણાવટ કરતી જાણીતા વૈદ્યરાજ ગોવિંદપ્રસાદે તૈયાર કરેલી પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૭૪)

ગુજરાતની લોકસંસ્કૃતિ : ગુજરાતના વિવિધ પ્રદેશોની વિવિધ લોકસંસ્કૃતિઓનો સારલક્ષી અને સચિત્ર પરિચય કરાવતી જોરાવરસિંહ જાદવે તૈયાર કરેલી પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૯૪)

ગુજરાતમાં મ્યૂઝિયમ પ્રવૃત્તિ : રાષ્ટ્રીય જીવનમાં મ્યૂઝિયમની મહત્તા સમજાવી ગુજરાતમાં વિકસેલી એ પ્રવૃત્તિનો સચિત્ર ને માહિતી-સભર ઇતિહાસ આપતી આ પુસ્તિકાના લેખક છે ડૉ. મુદ્રિકા જાની. (કા. પૃ.૫૮)

ગુજરાતની જૂની રંગભૂમિ : ગુજરાતને મનોરંજન પૂરું પાડનાર જૂની રંગભૂમિના ઇતિહાસપરિપ્રેક્ષ્યમાંતૈયારથએલી આ પુસ્તિકાના લેખક છે અમૃત જાની. (કાચું પૂઠું, પૃ. ૬૮)

ગુજરાતની નારી : છેક પુરાણકાળથી અદ્યતન કાળ સુધી ગુજરાતનાં સમાજજીવન સંસ્કારજીવન, રાજકીયજીવન કે જાહેરજીવનમાં ગુજરાતની સ્ત્રીઓએ જે ફાળો આપ્યો છે તેની આ આછેરી પણ ગૌરવવંતી ઝલક દર્શાવી છે ઈલા ર. ભટ્ટે. (કાચું પૂઠું, પૃ. ૯૮)

અમદાવાદની વૈજ્ઞાનિક સંશોધન–સંસ્થાઓ : ગુજરાતના પાટનગર અમદાવાદની વિવિધ વૈજ્ઞાનિક સંશોધન–સંસ્થાઓનો પરિચયઆપતીપુસ્તિકા.(કાચુંપૂઠું,પૃ.૨૨)

નમામિ દેવિ નર્મદે : પુરાણોમાં વર્ણવાએલા નર્મદાના માહાત્મ્યની. પી. યુ. શાસ્ત્રીએ લખેલી પુસ્તિકા. આ જ પુસ્તિકામાં 'નર્મદા મૈયા' નામનો સ્તુતિલેખ શિવશંકર પ્રાણશંકર શુક્લે લખ્યો છે. (કાચું પૂઠું, પૃ. ૨૬)

ઉપયોગી પ્રકાશન

સ્વામીનારાયણ મંદિર પાસે - વાડી - વડોદરા

'કુમાર'ના વાચકોને જેમની કલમ જાણીતી છે તે વૈદ્ય નવીનભાઈ ઓઝાએ આપણા સામાન્ય રોગોનો પરિચય અને ઉપચારો વર્ણવતી જે જુદી જુદી ઉપયોગી પુસ્તિકાઓ લખી છે તે આ પ્રમાણે છે : **(૧) શરદી અને સળેખમ (૨) ઉધરસ-શ્વાસ (૩) વાના રોગો (૪) માથાનો દુખાવો (૫) પ્રદરરોગ (૬) હૃદયરોગ (૭) ડાયાબીટીસ (૮) બ્લડ પ્રેશર (૯) કૅન્સર (૧૦) વંધ્યત્વ (૧૧) તાવ (૧૨) ટી.બી.** (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનો રૂ. ૧, પ્રત્યેકનાં પૃ. ૨૦ થી ૩૪)

નવાં પ્રકાશનો

મેઘાણી ગ્રંથાવલી ખંડ-૧ : મૂર્ધન્ય સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીની ૭૮મી જયંતી નિમિત્તે એમની સાત નવલકથાઓને સુઘટ્ટ છપાઈમાં તદ્દન સસ્તી કિંમતે આ 'મેઘાણી ગ્રંથાવલી' સંપુટના ત્રણ ખંડોમાં સંપૂર્ણપણે સમાવી લેવામાં આવી છે, અને વાચકો સમક્ષ તે સાહિત્ય પહોંચતું કરવાનું અનુકરણીય તર્પણ કર્યું છે. તેના ખંડ પહેલામાં 'વેવિશાળ' અને 'અપરાધી', ખંડ બીજામાં 'ગુજરાતનો જય'–ખંડ ૧ તથા ૨ તેમજ ખંડ ત્રીજામાં 'નિરંજન', 'રા'ગંગાજળિયો' તથા 'સત્યની શોધમાં' એમ સાત નવલકથાઓ પ્રકટ કરવામાં આવી છે. (પ્રકા. લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર, ત્રણે ખંડ પાકા પૂઠામાં કુલ પૃ. ૧૬૨૦, કુલ કિં. રૂ. ૫૦).

અને સાહિત્ય ! સાહિત્ય અને જીવનનો સંબંધ કેટલો ઘનિષ્ઠ છે તે અહીં રજૂ થએલા ૨૧ નિબંધોના વાચનથી સ્પષ્ટપણે સમજાઈ રહેશે. પુસ્તકના સંપાદક યશવંત ત્રિવેદીએ આપણા સાહિત્યના વિવિધ વિચારકો-સર્જકોએ જીવનનાં વિવિધ પાસાંને સાહિત્ય સાથે સાંકળી બતાવ્યાં છે તેનો સુભગ સમન્વય કરી આપ્યો છે એ આ પુસ્તકનાં મૂલ્યવત્તામાં ઉમેરો કરે છે. (પ્રકા. સાહિત્ય ભારતી. મુખ્ય વિક્રેતા : આર. આર. શેઠની કંપની, મુંબઈ, અમદાવાદ. પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૨૦)

અનુસંધાન] **ટૉમસ જેફર્સન** [સામેના પાનેથી

રચનારા પ્રમુખના નિવાસ માટેની ડિઝાઈનની હરીફાઈમાં એણે પોતાનું નામ આપ્યા વગર પોતાની ડિઝાઈન મોકલી આપેલી.

આજ સુધી યે અફસોસની વાત એ રહી છે કે એ યુગમૂર્તિને અવસાન પામ્યે આટલાં વર્ષો પછી પણ કોઈ ચરિતકાર એને સાચો ન્યાય આપી શક્યો નથી. એનું પૂરું વ્યક્તિત્વ ઉપસાવતો એકે ચરિતગ્રંથ આપણને નથી સાંપડયો. સેન્ટ જ્યૉર્જ ટકરે કરેલા એવા પ્રયાસને એક સમીક્ષકે 'આગનું પ્રતિનિધિત્વ ધરાવવાની કોશિશ કરતા બરફ' તરીકે ગણાવેલો. જેફર્સને પોતે તો પોતાના આત્મચરિત પ્રત્યે ઉદાસીનતા જ સેવેલી. વયના ૭૨મા વર્ષે એણે જણાવેલું. 'મારા પોતાના ચરિતકાર થવું એ આ જગતમાં મને સ્વીકાર્ય છેલ્લામાં છેલ્લી ચીજ છે. ના, મારા જીવનમાં લોકલક્ષને પાત્ર કંઈ હોય તો તેના બહેતર નિર્ણાયકો મારા કરતાં લોકો પોતે જ હોઈ તે તેમના પર છોડી દેવું એ મારી ફરજ છે.'

વસ્તુતઃ અનુગામી પેઢીઓને જેફર્સનનો આ પડકાર છે, જે અદ્યપર્યંત વણઝીલાએલો જ રહ્યો છે. □



ઈંગ્લૅન્ડથી છૂટા પડી અમેરિકાનાં સંસ્થાનોએ પોતાનું સ્વાતંત્ર્ય જાહેર કર્યાની આ વર્ષે બસોમી જયંતી ધામધૂમથી ઊજવાઈ. ઈંગ્લૅન્ડના રાજા જેમ્સ પહેલાની આપખુદીથી ત્રાસીને ઈ. ૧૬૨૦માં અંગ્રેજોએ અમેરિકા ચાલ્યા જઈને ત્યાં જે સંસ્થાનો વસાવેલાં ત્યાં ઈંગ્લૅંડનું જ વર્ચસ્વ સ્વીકારાતું હતું; પણ એનો લાભ લઈ ઇંગ્લૅન્ડે એમના પર 'સ્ટૅમ્પ ડયૂટી' અને અન્ય વેરા નાખી નાણાં કઢાવવા માંડતાં તથા એમના વેપાર પર અંકુશો લાદવા માંડતાં, જેમાં પોતાનું પ્રતિનિધિત્વ જ નથી એ બ્રિટિશ પાર્લમેન્ટ એમના પર કર અને અંકુશો ન લાદી શકે એવો સૈદ્ધાંતિક વિરોધ અમેરિકાનાં સંસ્થાનોએ ઉઠાવ્યો. ઇંગ્લૅન્ડે એને મચક ન આપતાં જ્યૉર્જ વૉશિંગ્ટનની સરદારી નીચે એમણે ઈંગ્લૅન્ડ સામે લડી લેવાનો નિર્ધાર કર્યો. ટૉમસ જેફર્સને ઘડેલા એ સંસ્થાનોના સ્વાતંત્ર્યના ઘોષણાપત્ર પર ઈ. ૧૭૭૬ની ૪થી જુલાઈએ 'ફિલાડેલ્ફિયા બાર એસોસીએશન'ના ૫૬ ધારાશાસ્ત્રીઓએ એના પર સહી કરી અમેરિકાનાં સંસ્થાનો ઇંગ્લૅન્ડથી સ્વતંત્ર હોવાની જાહેરાત કરી. એ ઐતિહાસિક પ્રસંગનું આ ચિત્ર છે. અમેરિકાનાં સંયુક્ત રાજ્યો–યુ.એસ.એ.નાં એ તેર સ્થાપક રાજ્યોની સંખ્યા આજે બે સદી બાદ પચાસની થઈ છે, ને દુનિયાભરમાં એક અગ્રગણ્ય રાજસત્તા બની રહી છે.

ટૉમસ જેફર્સન (અનુસંધાન પૃષ્ઠ ૨૩૯થી) જેફર્સનને આશા હતી કે બ્રિટિશ અને ફ્રેન્ચ તરફેણમાં વહેંચાએલા રાષ્ટ્રમાં તે ઐક્ય સ્થાપશે અને રાજકારણ તથા અર્થકારણને હૅમિલ્ટનની પકડમાંથી મુક્ત કરશે.

અને પ્રજા પણ અમેરિકન આઝાદીના એ ઘડવૈયાને ભૂલી નહોતી ગઈ. ઈ. ૧૮૦૦માં અમેરિકાના ત્રીજા પ્રમુખ તરીકે તેને ચૂંટી કાઢ્યો, એટલું જ નહિ, પ્રમુખપદની એ મુદ્દત પૂરી થતાં ફરી પાછો એને જ ચૂંટી કાઢ્યો. ત્યાર સુધીમાં બંધાઈ ચૂકેલા નવા પાટનગર વૉશિંગ્ટન-માંથી રાષ્ટ્રનું તંત્રસંચાલન કરનાર જેફર્સન પહેલો જ પ્રમુખ હતો.

પોતાના પ્રમુખપદ દરમિયાન જેફર્સને ભૂમધ્ય સમુદ્રમાંથી પસાર થતાં અમેરિકન જહાજો સામેના બાર્બરી કાંઠાના દેશોના—ખાસ કરીને ટ્રિપોલીના ચાંચિયાને જેર કર્યા. પરંતુ એ લશ્કરી વિજય કરતાં અનેકગણો મહત્ત્વનો કૂટનૈતિક વિજય તો એણે મેળવ્યો મિસિસિપીથી માંડી રૉકી પર્વતમાળા સુધી પથરાએલો હજારો ચોરસ માઈલનો ફ્રેન્ચ કબજા નીચેનો લુઈસિયાનાનો અફાટ પ્રદેશ હાથ કરીને! જેફર્સનને ડર હતો કે એ પ્રદેશ જો હાથ ન કર્યો તો આ નવજાત રાષ્ટ્રને તે ભીંસતો રહેવાનો અને કદાચ મિટાવી દેવાનો. ફ્રાન્સે ઈ. ૧૭૯૨માં એક ખાનગી સંધિ દ્વારા એ આખો યે પ્રદેશ સ્પેઈનને આપી દીધેલો. પાછળથી નેપોલિયને સ્પેઈન જીતી લઈ તેનો તાજ પોતાના ભાઈના માથે મૂકતાં તે ફરી પાછો ફ્રેન્ચ પ્રદેશ બની ગએલો. પરંતુ ફ્રાન્સના એ શહેનશાહ પર યુરોપ-વિજયનું સ્વપ્ન એવું તો સવાર થઈ બેઠેલું કે અમેરિકા તરફ જોવાની યે એને ફુરસદ નહોતી. જેફર્સને જેમ્સ મનરોને આ અંગે વાટાઘાટો કરવા મોકલી આપતાં નેપોલિયને તે કલ્પનામાં ય ન આવે એટલી સસ્તી કિંમતે—એકર દીઠ ત્રણ સેન્ટ કરતાં યે ઓછી કિંમતે તે વેચી દેવા તૈયારી બતાવી. ઈ. ૧૮૦૫માં પતેલા એ સોદા દ્વારા જે દેશનું પોતે શાસન કરી રહ્યો હતો એ દેશનું કદ જેફર્સને બમણું બનાવી દીધું!

યુરોપીય ચિંતકોની દલીલ હતી કે પ્રજાસત્તાક તંત્ર નાનાસરખા પ્રદેશમાં જ સફળ થઈ શકે. જેફર્સનનું કહેવું હતું કે 'સત્ય એથી ઊલટું જ છે.' જેટલા ભારપૂર્વક તેણે પ્રજાસત્તાકનું પ્રતિપાદન કરેલું એટલા જ સામર્થ્યપૂર્વક તેણે એનો અમલ કરવા માંડેલો. એની પહેલાંના પ્રમુખ જૉન ઍડમ્સે એના શાસનનાં છેલ્લાં વર્ષોમાં બધી જ કાયમી જગ્યાઓએ પોતાના અનુયાયીઓ નીમી દીધેલા. પોતાના દરેક પગલાને નિષ્ફળ બનાવી દેવાની ગુંજાશ ધરાવતા એ બધાને તેમના પદે કાયમ રાખવા કે હાંકી મૂકવા? તેણે એમાંનો બીજો વિકલ્પ પસંદ કર્યો. કોઈ પણ પદે નિયુક્તિ માટે તેની પાસે એક જ કસોટી હતી કે ઉમેદવાર પ્રામાણિક છે? શક્તિમાન છે? બંધારણને વફાદાર છે?

આમ એણે વહીવટીતંત્રની તો સાફસૂફી કરી, પણ ન્યાયતંત્રની સાફસૂફી હજુ બાકી રહી. આ સાફસૂફીના અભાવે ન્યાયાધીશોએ રાષ્ટ્રની સ્વીકૃત નીતિની વિરુદ્ધ સુધ્ધાં ચુકાદા આપવા માંડેલા. જેફર્સને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૅમ્યુઅલ ચેઈઝ સામે કામ ચલાવીને પછી તેને છોડી મૂકતાં ન્યાયતંત્ર પર પણ એની શેહ બેસી ગઈ.

ઈ. ૧૮૦૫માં બીજી વાર પ્રમુખપદે ચૂંટીને પ્રજાએ જેફર્સનમાં અને તેની રાજનીતિમાં પોતાના વિશ્વાસનો પડઘો પાડ્યો હતો, પરંતુ જ્યારે ત્રીજી વાર પણ એ પદ માટેનો આગ્રહ કરવામાં આવ્યો ત્યારે જેફર્સને લોકપ્રાતિનિધિક સરકાર માટે એવો રવૈયો ખતરનાક ગણાવી, એણે જો મૂળ ઘાલ્યાં તો તે પદ વારસાગત બની જવાનો ભય વ્યક્ત કર્યો. ઈ. ૧૮૦૯ના માર્ચમાં મૉન્ટીસેલો પાછા ફરી તેણે પોતાની નિવૃત્તિ જાહેર કરી. રાષ્ટ્રઘડતર માટે એણે ઉઠાવેલા કષ્ટથી એ ભાંગી પડ્યો હતો—શારીરિક, માનસિક અને આર્થિક દૃષ્ટિએ પણ. સંધિવા અને માથાના સતત દુખાવાને લઇને તે માંડ ઊભો રહી શકતો, અને માથે દેવાનો યે ભારે બોજ થઈ ગયો હતો. એને એની પોતાની તો બહુ ફિકર ન હતી, પણ પોતાની પાછળ પોતાના કુટુંબની સ્થિતિની કલ્પના એને વ્યાકુળ બનાવી મૂકતી. ગીરો મૂકેલી જમીન પરનાં નાણાંના હપતા ભર્યા કરવા કરતાં તે વેચી નાખવા એ તૈયાર થયો, પણ કોઈ ખરીદનાર ન મળ્યું, કારણ ખેતીની ઊપજના ભાવો નીચા ને નીચા જઈ રહ્યા હતા. એણે પોતાના તરફથી લૉટરી કાઢવાની રજા સરકાર પાસે માગી પણ તે તરફ દુર્લક્ષ જ કરવામાં આવ્યું, અને છેવટે જ્યારે રજા મળી અને 'જેફર્સન લૉટરી'ની ટિકિટો વેચાવી શરૂ થવાની જાહેરાત અખબારોમાં થવા માંડી ત્યારે ખાનગી રાહે કેટલાક મિત્રો-શુભેચ્છકો તરફથી જોઈતા ભંડોળની ખાતરી અપાતાં જેફર્સને તેનું જાહેર વેચાણ મુલતવી રાખ્યું.

જરાવસ્થા વધુ ને વધુ સવાર થઈ શરીરે જીર્ણ અને મનથી શીર્ણ બની ચૂકેલો જેફર્સન કહેતો કે 'એક પછી એક આપણી દૃષ્ટિ, શ્રુતિ, સ્મૃતિ વગેરે તમામ શક્તિઓ ચાલી ગઈ હોય અથવા ચાલી જવા માંડી હોય, સુખદ સંવેદનાના તમામ સ્રોતો વિલુપ્ત થઈ જઈ એનું સ્થાન શારીરિક અને માનસિક ક્ષીણતાએ લીધું હોય, યુવાન વયના આપણા સઘળા મિત્રો ચાલ્યા ગયા હોય અને એક એવી પેઢી ઉદય પામી હોય જેને આપણે ઓળખતા જ ન હોઈએ, તો પછી મોત શું ખરાબ છે?'

છેલ્લી વાર મૉન્ટીસેલો ગએલો જેફર્સન એ પછીનાં સત્તર વર્ષમાં પોતાના ઘરથી ભાગ્યે જ થોડાક માઈલ દૂર સુધી ગયો હશે. જીવનના અંતભાગે ગરીબાઈનો ગ્રાસ બનેલા એને પોતે જિંદગીભર જીવની પેઠે જાળવેલો પોતાનો અમૂલ્ય ગ્રંથભંડાર કૉંગ્રેસને વેચી દેવો પડેલો. શરમ-નાક તો એ હતું કે કૉંગ્રેસે એની ખરીદીમાં કિંમત બાબત છેવટ સુધી ચીકણાશ દર્શાવેલી.

તા. ૪થી જુલાઈનો દિવસ જેફર્સનના મન ઉપર એટલો સવાર હતો કે પોતાની આખરી પથારીએ બેહોશીમાંથી ૧૮૨૬ની ૩જી જુલાઈની સાંજે થોડો સમય હોશમાં આવતાં એણે પૂછેલું: 'આજે ચોથી થઈ?' એના ડૉક્ટરે જણાવ્યું કે થોડા સમય બાદ ચોથી તારીખ થશે; અને વળતે દિવસે, તા. ૪થી જુલાઈની બપોરના એક વાગ્યે, પોતે ઘડેલા સ્વાતંત્ર્યના જાહેરનામાની પ્રસિદ્ધિની બરાબર અર્ધશતાબ્દીએ, નવી દુનિયામાં નવા રાષ્ટ્રના આ નિર્માતાએ ઈહ જગતથી વિદાય લઈ લીધી.

એ જ સમયમાં એની જેમ જ મૃત્યુશય્યા પર પડેલો એનો મિત્ર ને માજી પ્રમુખ જૉન ઍડમ્સ બબડેલો: 'જેફર્સન જીવે છે.' અલબત્ત, એ વિધાન સાચું નહોતું, કારણ ઍડમ્સના અવસાનના થોડાક કલાકો પહેલાં જ જેફર્સનનું અવસાન થઈ ચૂકેલું; પરંતુ એક અર્થમાં એ સાચું પણ ગણાય, કારણ અમેરિકન પ્રજામાનસમાં ટૉમસ જેફર્સન આજ પણ જીવંત છે!

જેફર્સન પ્રમુખપદે હતો ત્યારે નવજાત રાષ્ટ્રના નિર્માતા તરીકે તેનો જન્મદિન ઊજવવાનાં સૂચનોને અવગણી કાઢી તેણે રાષ્ટ્રનો જ જન્મદિન ૪થી જુલાઈ ઊજવવાનો અનુરોધ કરેલો. અમેરિકાને એણે દશાંશ પદ્ધતિનું નાણું આપ્યું અને એ 'ડૉલરના પિતા' '(ફાધર ઑવ ધ ડૉલર)'-નું બિરુદ પામ્યો. એની ઈચ્છા તો તોલ-માપમાં પણ દશાંશ પદ્ધતિ દાખલ કરવાની હતી. ગુલામોની મુક્તિનો એ ચુસ્ત હિમાયતી હતો અને બધા ગુલામોને મુક્ત કરી આફ્રિકામાં એક હબસી પ્રજાસત્તાક ઊભું કરવાની હિમાયત એણે કરેલી, પણ એ તરફ દુર્લક્ષ જ સેવવામાં આવ્યું. એનું એ સૂચન એ સમયે જ લક્ષમાં લેવામાં આવ્યું હોત તો અમેરિકા એ પછીના આપત્તિજનક આંતરવિગ્રહથી ઊગરી ગયું હોત.

એના સમકાલીનોમાં જેફર્સનની બહુમુખ પ્રતિભાને કોઈની સાથે સરખાવી શકાય તેમ હોય તો તે બેન્જામિન ફ્રાન્કલિનની સાથે. કાનૂન, રાજનીતિ, ઇતિહાસ, ગણિત, સ્થાપત્ય, વૈદક, કૃષિશાસ્ત્ર, શિક્ષણ, સંગીત, ધર્મ, તત્ત્વજ્ઞાન, ભાષા અને સાહિત્યમાંની એની પ્રતિભા તત્કાલીન સમાજમાં ઈર્ષાજનક હતી. પાટનગર ખાતે (અનુ૦ સામે પાને)

પ્રસરતી જતી મુઘલ સલ્તનત સામે અટંકી વીર રાણા પ્રતાપનો સ્વાતંત્ર્ય-પડકાર

▷



રાણા પ્રતાપ અને એનો સુપ્રસિદ્ધ અશ્વ ચેતક ▷


હલદીઘાટીનું યુદ્ધ


મુઘલાઈની જાહોજલાલ શહેનશાહતની આડશે એ સમયના હિંદુસ્તાનના ઇતિહાસનનાં અનેક પરાક્રમ-પ્રકરણો ઢંકાઈ રહ્યાં છે, પણ અકબર જેવા મહાન બાદશાહ સામે જીવનભર અણનમ રહેનાર રાણા પ્રતાપ અને હલદીઘાટીમાં એણે આપેલા યુદ્ધને રાજસ્થાન જ નહિ, પણ સમગ્ર હિંદુસ્તાન હજી યે ભૂલ્યું નથી. ગયા મહિને રાજસ્થાનમાં ધામધૂમથી એ યુદ્ધની ચારસોમી જયંતી ઊજવાઈ અને છાપાંઓનાં પાનાંઓ એ યુદ્ધના વર્ણનથી ભરાઈ ગયાં. અને આજે માત્ર પાઠ્યપુસ્તકોના થોડા પાઠમાં જ નોંધાએલા રાણા પ્રતાપની વીરતાનાં યશોગાન ફરી લોકજીભે રમી રહ્યાં.

હિંદુસ્તાનમાં મુઘલ રાજગાદી સ્થાપનાર બાબરના વંશમાં અકબર ત્રીજી પેઢીનો બાદશાહ હતો છતાં મુઘલો હજી યે આ દેશ માટે નવા હતા. તેઓ વિદેશી ગણાતા અને આ દેશ પર તેમનો કેવળ લશ્કરી કાબૂ હતો. અકબરે મુઘલાઈને અહીં સ્થિર કરી આ દેશની બનાવી. તેની રાજદષ્ટિને હિંદી સ્વરૂપ આપ્યું. પોતાની અમર્યાદ સત્તા ને બહુમુખી પ્રતિભાના બળે સદ્‌ભાગ્યે એણે હિંદની પ્રજાનું હિત સાધવા માટે અનેક રીતે અથાક પરિશ્રમ કર્યો. એક રાષ્ટ્રીયતાના ધ્યેયને એણે પ્રાધાન્ય આપ્યું. અહીંની પ્રજામાં રહેલી અનેકવિધ ભિન્નતાનો સમન્વય કરવાનો એણે પ્રયાસ કર્યો. યુદ્ધની સાથે એણે પ્રેમનો પણ પ્રયોગ કર્યો. આંતરજાતીય લગ્નો દ્વારા એણે રાજસ્થાનના અનેક રાજપૂત રાજ્યોને પોતાનાં સંબંધી બનાવી પોતાના પ્રભાવ તળે આવરી લીધાં, અને એક યા બીજા કારણે અનેક રાજપૂતોએ પણ પોતાનું કુળગૌરવ ત્યજી અકબરની આણ સ્વીકારી લીધી. આંબેરનો રાજા માનસિંહ એમાંનો એક અગ્રગણ્ય રાજવી હતો. પોતાની શહેનશાહતના વિસ્તારમાં રાજકીય દષ્ટિએ અકબરની આ 'સુલહ-એ-કુલ'ની જાતિ ભલે ભવ્ય લાગે, પણ એ એની ખુદની મુનસફી પર અવલંબતી હતી. પણ મેવાડના સિસોદિયા રાજપૂતોને મન જાતિગૌરવ અને સ્વાતંત્ર્યનું મૂલ્ય અકબરબક્ષી કોઈ પણ સલામતી કે માન-અકરામ કરતાં વિશેષ હતું. એક રાણા ઉદેસિંહ સિવાય મેવાડના આખા રાજવંશે સદાય પોતાની શાન અણનમ જ રાખી હતી. અકબરને એનો ખટકો હતો અને મેવાડ જીતવા એણે સતત પ્રયત્નો જારી રાખ્યા. મેવાડને હાથ કરવાની એની નેમ પાછળ એક—અને કદાચ મુખ્ય કારણ એ હતું કે એ હજી યે અણનમ હતું. એને અકબરના આધિપત્યનો સ્વીકાર મંજૂર નહોતો. પણ મહત્ત્વાકાંક્ષી અને સત્તા વિસ્તારવા ચાહતા લોકોને બીજાના આદર્શોની ઝાઝી ખેવના હોતી નથી. રાણી દુર્ગાવતી અને ચાંદબીબીએ અકબરનું શું બગાડ્યું હતું? પણ મુઘલાઈ એના પર પણ ચડાઈ લઈ જતાં ખચકાઈ નહોતી.

અને એટલે જ હલદીઘાટીનું યુદ્ધ કેવળ રાજકીય ન રહેતાં વટનો સંગ્રામ બની ગયું. પ્રસરતી જતી આપખુદ શહેનશાહત સામે સ્વાતંત્ર્યનો એ પડકાર હતો, અને તેથી જ આજે ચારચાર સદી પછી યે એમને આપણે યાદ કરીએ છીએ. સ્વાતંત્ર્યનું ખરું મૂલ્ય સમજનાર ટેકીલો માણસ કદી કોઈ સત્તા સામે નમતો નથી જ. રાણા પ્રતાપ એક એવો અટંકી રાજપૂત હતો, સ્વતંત્રતાનું એ મૂર્તિમંત રૂપ હતો.

ઉદેપુરની ઉત્તરે મેવાડ અને મારવાડની સરહદ પાસે કુંભલગઢનો કિલ્લો હતો. સંરક્ષણની દષ્ટિએ તે એક ઉત્તમ સ્થાન હોઈ ઈ. ૧૪૫૮માં મહારાણા કુંભાએ ત્યાં એ કિલ્લો બાંધ્યો હતો. અરવલ્લીની પર્વતમાળ વચ્ચે સલામત એ કિલ્લામાં સોનગઢી રાણી જયંતીબાઈએ ઈ. ૧૫૪૦-ની ૨૦મી મેના રોજ રાણા પ્રતાપસિંહને જન્મ આપ્યો. અહીં જ એ કુંવરને શસ્ત્રાસ્ત્રની ને ઘોડેસવારીની તાલીમ મળી ને એ પહાડી પ્રદેશનું ખડતલપણું તથા સિસોદિયા વંશની ખુમારી એની રગરગમાં સિંચાયાં. રાજસ્થાનભરમાં બપ્પા રાવળના રાજવંશનું એક અનોખું ગૌરવ હતું. એના પર પોતાનો પ્રભાવ પડે તો અન્ય અનેક રાજપૂત રાજાઓ પર પણ અસર કરે એ અકબર જાણતો હતો. રાણા ઉદેસિંહના સમયમાં





મેવાડમાં અરવલ્લીની પહાડીઓમાં બનાસના કાંઠા નજીક પીળી ધમરક ભૂમિને કારણે હલદી (હળદર) ઘાટી નામે ઓળખાતી ઇતિહાસપ્રસિદ્ધ ઘાટી, જ્યાં રાણા પ્રતાપે અકબરની વિશાળ સેનાને ભીંસમાં લીધેલી. જમણી બાજુ હલદીઘાટીનું ભૌગોલિક સ્થાન નિર્દેશતો નકશો.

અકબરે ચિતોડ પર ચડાઈ કરી. ઉદેસિંહ પહાડીઓમાં છુપાઈ ગયો ને જયમલ તથા પટ્ટાએ ૮૦૦૦ રાજપૂતો સાથે બહાદુરીથી યુદ્ધ આપ્યું પણ અકબરની વિશાળ સેના સામે તેઓ ટકી ન શક્યા. રાજપુતાણીઓએ જૌહર કર્યું ને અકબરે ચિતોડ કબજે કર્યું. આ વિજયનું અકબરને મન એટલું તો મહત્ત્વ હતું કે એણે પાછા ફરતાં રસ્તે અજમેરમાં ખ્વાજા મોહીઉદ્દીન ચિસ્તીની દરગાહ પર જઈ એનો અહેસાન માન્યો. અકબર જતાં ઉદેસિંહ પ્રકટ થઈ ફરી પોતાની ભંગાર રાજસત્તાને બેઠી કરવા પ્રયત્ન કરવા લાગ્યો. ઈ. ૧૫૭૨માં એનું અવસાન થયું ને એની ગાદી પર રાણા પ્રતાપનો ગોગંડી મુકામે રાજ્યાભિષેક થયો.

ચિતોડના પતનની આગ એની નસનસમાં જલતી હતી, એટલે ગાદીએ આવતાં જ પોતાના પૂર્વજોની શાન બઢાવવા એ કટિબદ્ધ થયો. પણ એનો નિર્ધાર સફળ થવો સરળ નહોતો. અકબરની વિશાળ સત્તા અને સાધનસંપન્ન સેના સામે પોતાના અલ્પસાધન નાનકડા મેવાડની હેસિયત એ જાણતો હતો. વળી, આંબેર, મારવાડ, બિકાનેર ને બુંદી જેવાં મોટાં રાજપૂત રાજ્યો પણ અકબરના પક્ષમાં હતાં. રાજવી તરીકે બધી સુખસાહ્યબીને બાજુ પર રાખી એણે પ્રથમ તો પોતાના રાજ્યને વ્યવસ્થિત કર્યું. પોતાના કિલ્લાઓની મજબૂતી વધારી તેના પર યોગ્ય અધિકારીઓ મૂક્યા. મુઘલો આવી ચડે તો આસપાસના પ્રદેશમાં વેરાઈ જઈને એમના માટેની સગવડો દૂર કરી દે એ રીતે પ્રજાને પણ એણે તૈયાર કરી.

બીજી બાજુ અકબરે રાજા માનસિંહને પ્રતાપને મનાવવા ને પોતાની આણનો સ્વીકાર કરાવવા મોકલ્યો. પણ પોતાની બેનદીકરીઓ પરદેશી મુસલમાનોને પરણાવીને સલામતી ને સાહ્યબી મેળવનાર રાજપૂતો પ્રત્યેનો પોતાનો તિરસ્કાર પ્રતાપે એનાથી જરા ય છૂપો ન રાખ્યો. પ્રતાપના આ અટંકીપણાથી અપમાનિત થએલા માનસિંહે વેરભાવે પણ અકબરને મેવાડ પર ચડાઈ કરવા પ્રેર્યો. પોતાની ગૌરવહીન ભીરુતા સામેની પ્રતાપની ખુમારી બીજા પણ અનેક રાજપૂતોને ખટકતી હતી. અકબરને પણ તક મળી અને એણે રાજા માનસિંહના આધિપત્યમાં પ્રતાપની સામે વિશાળ સૈન્ય મોકલ્યું. ઈ. ૧૫૭૬ના એપ્રિલ માસમાં માનસિંહ ઊપડ્યો ને થોડા જ દિવસમાં માંડલગઢ પહોંચી એણે શાહી લશ્કરનો હવાલો સંભાળી લીધો.

બીજી બાજુ રાણો પ્રતાપ પણ કુંભલગઢથી ગોગંડા જવા નીકળ્યો. પ્રથમ તો એનો વિચાર માંડલગઢમાં જ યુદ્ધ આપવાનો હતો, પણ એના સાથીદારોની સલાહથી શાહી લશ્કરને હલદીઘાટીની પહાડીઓમાં ભિડાવવાનું નક્કી કર્યું. નકશામાં આ ઘાટી નહિ મળે, પણ ગોગંડાથી એ બહુ દૂર નથી. ત્યાંની પીળી ભૂમિને કારણે એ હલદી (હળદર) ઘાટી તરીકે ખ્યાત છે. એ સાંકડી ઘાટીમાં આસપાસની ટેકરીઓ પરથી હુમલો કરવો વ્યૂહાત્મક દૃષ્ટિએ બહુ જ ઉચિત હતું.

રાજા માનસિંહે આ ઘાટી નજીક બનાસ નદીને કાંઠે છાવણી નાખી. સામી બાજુએ છએક માઈલ દૂર ઘાટીને બીજે છેડે રાણા પ્રતાપે ડેરા નાખ્યા. એના સાથમાં અનેક રાજપૂત રાજાઓ તો હતા જ, પણ એ નોંધનીય છે કે હકીમખાન સૂર જેવો એક પઠાણ પણ પોતાના સૈન્ય સાથે પ્રતાપના પક્ષમાં હતો.

ઉનાળાના (જૂન માસના) ખોપરી ફાડી નાખે તેવા બળબળતા તાપના એ દિવસો હતા. મોરચો ગોઠવાઈ ગયો હતો. જુદાંજુદાં દળોની વચ્ચે રાજા માનસિંહ હાથી પર સવાર થઈ સૈન્યની સાથે જ હતો. ખ્વાજા મહમદ રફી, અલી મુરાદ ઉઝબેગ ને રાજા લોણકરણ જેવા યુદ્ધનાયકો એની આસપાસ ગોઠવાયા હતા. સામી બાજુ પ્રતાપે પોતાના સૈન્યને બે તરફ વહેંચી દઈ કૂચ આદરી. હકીમખાન સૂરના સૈન્યે મોખરાના શાહી સૈન્ય પર સીધો જ હુમલો કરી મૂંઝવી દીધું. ડાબી તરફથી રાણા પ્રતાપના સૈન્યે ઊતરી આવીને એવું તો આક્રમણ કર્યું કે એના પરાક્રમનો પ્રતિકાર કર્યા વિના જ લોણકરણનું સૈન્ય ઘેટાંની જેમ મેદાન મૂકી નાસી ગયું. પછી ઘાટીના મુખ પાસે ખુદ રાણા પ્રતાપે સરદારી લઈને હુમલો કરી શાહી લશ્કરને વેરવિખેર કરી નાખ્યું. રાજા માનસિંહે પણ અજબ યુદ્ધ-કૌશલ દાખવ્યું, પણ રાણાના હાથી 'રામપ્રસાદે' અજબ તાકાતથી એનો મુકાબલો કર્યો. અંતે એનો મહાવત ઘાયલ થતાં રામપ્રસાદને ઘેરી લઈને મુઘલો એને પોતાની છાવણીમાં દોરી ગયા. માનસિંહની સ્થિતિ વિષમ થઈ પડી ને એ ત્યાંથી ખસી ગયો.

બીજે દિવસે શાહી લશ્કર ગોગંડા તરફ કૂચ કરી ગયું, પણ ત્યાં એ ફસાઈ પડ્યું. રાણાએ એનો પુરવઠો કાપી નાખ્યો. એ પુરવઠાના અભાવે અને રાજસ્થાનની ગરમીના ત્રાસથી ચોપાસથી ફસાઈ પડેલું એ શાહી સૈન્ય શક્તિ અને જુસ્સો ખોઈ બેઠું. અંતે હલદીઘાટીમાં બંનેનો મુકાબલો થયો રાજસ્થાની લોકસાહિત્યમાં આ યુદ્ધનું રોમાંચક વર્ણન છે. કર્નલ ટૉડ સંપાદિત રાજસ્થાનના ઇતિહાસમાં પણ એ વિસ્તારથી નોંધાએલું છે. યુદ્ધ દરમિયાન પોતાના ઉચ્ચ ઓલાદના અશ્વ 'ચેતક' પર સવાર થઈ રાણો પ્રતાપ છેક માનસિંહના હાથી સુધી પહોંચી ગયો હતો. માનસિંહ પર તોળેલો એનો ભાલો એના મહાવતને વાગતાં કચ્છવાહા રાજપૂત રાણો માનસિંહ તો બચી ગયો, પણ એના હાથીની સૂંઢે બાંધેલી તલવારથી ચેતક ઘાયલ થયો, ને પ્રતાપસિંહને શાહી સૈનિકો ઘેરી વળ્યા. પ્રતાપને ફસાઈ ગએલો જોઈ ઝાલા રાણો મન્નાસિંહ એની વહારે દોડી ગયો ને પ્રતાપનું રાજછત્ર પોતાના પર ખેંચી લઈ એને બચવા માટે મેદાન છોડી જવા વીનવ્યો. ગૌરવ અને સ્વાતંત્ર્ય માટે ઝઝૂમી રહેલા રાજપૂતો માટે પ્રતાપનું જીવતા રહેવું કેટલું જરૂરી હતું એનું ભાન મન્નાસિંહને હતું. જાતે શહીદી વહોરીને એણે પ્રતાપનું રક્ષણ કર્યું. પ્રતાપે એની વિનંતી સ્વીકારી ને મેદાન છોડ્યું, પણ ઘાયલ ચેતક બેએક માઈલ દૂર જઈ ભાંગી પડ્યો ને મરણ પામ્યો. પોતાના એ પ્રિય અશ્વ પર રાણાએ રચેલી સમાધિ આજે યે મોજૂદ છે. આ યુદ્ધમાં રાણા પ્રતાપના ૨૨ હજારમાંથી ૧૪ હજાર અને શાહી લશ્કરના ૮૦ માંથી ૫૦ હજાર માણસો માર્યા ગયાની નોંધ છે. ગોગંડામાં બેહાલ બની ગોંધાઈ રહેલા શાહી લશ્કરને ચાર ચાર માસ સુધી પ્રતાપે ફસાવી રાખ્યું, અને ત્યાંથી પાછા ફરતાં એ અકબરના સૈન્યને રાજપૂતોએ ડગલે ને પગલે લડત આપી. અંતે શત્રુને આશરે પોતાનાં થાણાં છોડતા જઈ છેવટ શાહી લશ્કર અજમેર ભણી નાઠું.

હલદીઘાટીમાં કોની જીત થઈને કોની હાર એ નિશ્ચિત ન કહી શકાય. અલબત્ત, રાજા માનસિંહનો હાથી 'રામપ્રસાદ' અકબરના દરબારમાં પહોંચ્યો ત્યાં એને 'વીર પ્રસાદ' નામ અપાયું. પણ પ્રતાપનું શું? એ હજી અણનમ હતો. મેવાડ હજી યે સ્વતંત્ર હતું. લખલૂટ ખર્ચ ને હજારોની ખુવારી પછી યે અકબર પ્રતાપને મારી કે હટાવી શક્યો નહોતો. માનસિંહ હજી એ અપમાનનું વેર વાળી શક્યો નહોતો. શાહી લશ્કર ખસી જતાં રાણા પ્રતાપે ફરી પોતાની સ્થિતિ સુધારવા માંડી. શિરોહી ને ઝાલોરને એણે પોતાના પક્ષમાં લઈ લીધા. અકબરે એ બંને રાજ્યો સામે ભરેલાં શિક્ષાત્મક પગલાંની કારી ફાવી નહિ. છેવટ ખુદ અકબર પણ ગોગંડા આવી છ માસ સુધી રાણાના મુલકમાં છાવણી નાખી રહ્યો. પણ રાણાએ એની બિલકુલ પરવા કરી નહિ. અંતે અકબર વાંસવાડા તરફ ઊપડી ગયો ત્યારે રાણાએ એનો આગ્રાનો માર્ગ રૂંધી રાખ્યો. ડુંગરેડુંગરેથી રાણાએ શાહી છાવણીઓ પર છાપા માર્યે રાખ્યા. આવા જ એક હુમલામાં મિરઝાખાનનું ઝનાનખાનું રાણાના હાથમાં આવી પડ્યું, પણ એણે એને માનભેર મિરઝાખાનને પાછું સોંપી દીધેલું. આમ રાણા પ્રતાપને નમાવવાના અકબરના બધા પ્રયત્નો અફળ નીવડતા રહ્યા અને ઈ. ૧૫૭૮માં ફરી એક વાર અકબરે (અનુ. પૃ. ૨૮૧)

વૃક્ષ-વેલ-પરિચય [૪૭] ફણસ



મણ-દોઢમણ થાય તેટલું મોટું કદ, ખરબચડી જાડી છાલ, વિશિષ્ટ મીઠાશ ને લાક્ષણિક ગંધને કારણે બહુ પ્રાચીનકાળથી ફણસ ભારતમાં જાણીતું છે. એના વૃક્ષને પણ ફણસ જ કહે છે. સદાપર્ણી હોઈ પાનખરમાં યે એનાં પાન બહુ ઓછાં ખરતાં હોઈ બારેમાસ ઘટાદાર રહે છે. બહુ ઠંડી એનાથી જીરવાતી નથી પણ ભેજવાળી ઊંડી ફળદ્રુપ જમીન એને વધુ માફક આવે છે.

ફણસનાં પાન વેંતથી યે નાનાં, લગભગ અંડાકાર, ઉપરની બાજુ સુંવાળાં ને ઘેરા લીલા રંગનાં તથા નીચેની બાજુએ ખરબચડાં ને આછાં. ફૂલ શાખાને છેડે, ને મોટાં ઝાડ પર તો થડ ઉપર પણ ગુચ્છમાં ઊગે છે. કદમાં તદ્દન નાનાં આ ફૂલમાં નર માદાના ગુચ્છા અલગ-અલગ હોય છે. જેઠ-અષાઢમાં એનાં ફળ પાકે ત્યારે એમાંથી મીઠી માદક વાસ આવે છે. પુખ્ત વૃક્ષ પરથી પાંચસો જેટલાં ફણસ ઊતરે છે.

ફણસ (ફળ)ની છાલ કાપતાં અંદરથી સફેદ ને બહુ જ ચીકણો રસ નીકળે છે. ફળની અંદરથી નીકળતા પીળા ચાંપાની મીઠાશ આગવી જ, પણ વધુ પાકેલા ચાંપાની ગંધ તો ખરેખર અરુચિકર હોય છે. કાચા ચાંપાનું શાક ને પાકાની ખીર તથા કઢી પણ થાય છે. ચાંપાની સૂકવણી પણ થાય છે. પણ ચાંપા પચવામાં બહુ ભારે છે. ચાંપાની અંદર મોટાં બીજ હોય છે તેને શેકીને અંદરનો ગર્ભ ખાઈ શકાય છે.

જલ્દી સડી જતાં હોઈ તાજાં પાકાં બીજ વાવવાં ઉચિત છે. એના ઝાડનો વિકાસ આરંભમાં બે એક વર્ષ બહુ ધીમો રહી પછી ઝડપી બને છે ને દસબાર વર્ષે ફળે છે. શરૂમાં ડાળીઓ પર ને વૃક્ષની વય વધવા સાથે થડ પર તથા ત્યાર બાદ છેક મૂળ સુધી ફણસનાં ફળ બેસે છે.



માધુકરી


દુ:સ્વપ્ન શું જૂનું જગત્ વિસર્જન
પામે, અને થાય નવાનું સર્જન,
નવી ધરા, આભ નવું, નવી હવા
મથે જ્યહીં માનવી માનવી થવા.

—કરસનદાસ માણેક

તપ:પૂત સારસ્વત મુનિશ્રી જિનવિજયજી

જૈન તત્ત્વદર્શન, પ્રાચીન ભારતીય ભાષાઓ અને લિપિશાસ્ત્રના ધુરંધર વિદ્વાન મુનિશ્રી જિનવિજયજીનું ગઈ તા. ૩જી જૂને અમદાવાદમાં પ્રાત:કાળે અવસાન થતાં એક સ્વયંસિદ્ધ પુરુષાર્થી વિદ્યોપાસકની ન પુરાય તેવી ખોટ પડી છે. એમના નામ પરથી એમને ઘણા ગુજરાતી જૈન સાધુમાંના કદાચ વૈશ્ય તરીકે ઓળખવા પ્રેરાય, પરંતુ તેઓ જન્મે મેવાડના ક્ષત્રિય હતા. કોઈ પણ શાળાના ઔપચારિક શિક્ષણ વિના યે માણસ જાતે જ સતત વિદ્યોપાસના દ્વારા કેટલી ઉચ્ચ સિદ્ધિ પામી શકે એનું એમણે એક અત્યંત જ્વલંત ઉદાહરણ પૂરું પાડયું છે.

એમનો જન્મ ઈ. ૧૮૮૬માં મેવાડના રૂપેલી નામના એક નાના ગામમાં પરમારવંશી ધરાણામાં થએલો. એમનું મૂળ નામ કિસનસિંહ. પિતાનું નામ વૃદ્ધિસિંહ અને માતાનું રાજકુંવર. ગામમાં રહેતા સો વર્ષથી યે વધુ વયના એક જૈન યતિ પ્રત્યે પિતાને પ્રબલ ભક્તિભાવ હતો. યતિએ બાળક કિસનના પગની રેખાઓ જોઈ વૃદ્ધિસિંહ પાસેથી એની માગણી કરી. ભક્ત પિતાએ કિસનને એ યતિની પરિચર્યામાં મૂકયો, પણ થોડા સમયમાં યતિ કાળધર્મ પામતાં કિસનને એક અન્ય મારવાડી જૈન સાધુની સોબત થઈ અને એણે કિસનને સાધુ બનાવ્યો. દીક્ષા લીધા પછી જ્ઞાન માટેની અતિ પ્રબળ જિજ્ઞાસાથી પ્રેરાઈને કિસને થોડા સમયમાં કેટલાક ખાસ જૈન ગ્રંથોનો અભ્યાસ કરી એ કંઠસ્થ કરી લીધા. પણ તે પછી અભ્યાસની સગવડ ત્યાં ઓછી પડતાં તથા પોતાના મિજાજને કેટલાંક બંધનો ખટકવા લાગતાં થોડાં વર્ષ બાદ કોઈ વધુ યોગ્ય સ્થાનની શોધમાં ત્યાંથી નાસી છૂટયા. આ રીતે રખડતાં સિપ્રા નદીને કાંઠે ઉજ્જયિનીનાં ખંડેરોમાં એમણે પોતાનો સાધુવેષ ઉતારી નાખી, આસપાસનાં પરિચિત ગામોમાંથી પોતાની જાતને છુપાવતા જઈ ખાવાપીવાની પરવા કર્યા વિના અભ્યાસ માટે યોગ્ય સ્થાન–સગવડ સારુ



જિનવિજયજી (ફોટો: જગન મહેતા)

આથડવા માંડયું. અને પુરુષાર્થીને બધું અચાનક મળી જ રહે છે. માર્ગમાં એક ગામમાં ત્યાંના શ્રાવકો પર્યુષણ નિમિત્તે 'કલ્પસૂત્ર' વંચાવવા કોઈ યતિ–સાધુની શોધમાં હતા એમને કિસનજી મળી ગયા. એમની વિદ્વત્તા જોઈ ગ્રામવાસીઓએ એમને ત્યાં રોકી લીધા અને પર્યુષણ બાદ દક્ષિણા આપી. એના બળે કિસનજી અમદાવાદ પહોંચ્યા.

પરંતુ અમદાવાદની વિદ્યાશાળાઓમાં એમનો ઘડો થયો નહિ. પાસેના પૈસા ખૂટ્યા અને પોતાને બીજું કોઈ વ્યાવહારિક જ્ઞાન નહિ. વળી, જાતને છુપાવવાની વૃત્તિ યે ખરી જ; જ્યારે બીજી બાજુ જ્ઞાનોપાર્જનની ઉત્કટતા પણ એટલી જ પ્રબળ. આ ખેંચતાણમાં એમને બહુ વેઠવું પડયું. અંતે ભટકતાં ભટકતાં તેઓ છેક મારવાડમાં પાલી ગામે પહોંચ્યા. ત્યાં સુંદરવિજયજી નામના એક સંવેગી સાધુનો ભેટો થયો. એમની પાસે દીક્ષા લઈ કિસ-

નજી જિનવિજય બન્યા. આ આશ્રય પણ એમણે વિદ્યા પામવાની વધુ સગવડની આશાએ જ લીધેલો. અહીં પણ એમની જ્ઞાન-એષણા પૂરી ન ફળતાં ત્યાંથી છૂટા થઈ તેઓ જૈન સાધુ પ્રવર્તક કાંતિવિજયજી પાસે જઈ રહ્યા. ત્યાં એમને વિદ્યાભ્યાસની સારી સગવડ મળી. બાળપણથી પ્રબળ એવી એમની ઐતિહાસિક દષ્ટિને પોષે ને તૃપ્ત કરે એવાં અનેક સાધનો એમને અહીં સુલભ થતાં એમણે અભ્યાસ,—વાચન અને લેખનમાં ચિત્ત પરોવી દીધું.

જૈન સાધુજીવનમાં રાત્રે દીવાના પ્રકાશમાં વંચાય નહિ એવો નિયમ એમની પ્રબળ અભ્યાસભૂખને ખટકવા લાગ્યો. રાતનો એ કાળ નિરર્થક જવાનું એમને દુઃખ થતું. અંતે બૅટરીની સગવડ કરી એના પ્રકાશે રાતે છાનામાના એમણે લખવાવાંચવા માંડયું. સંસ્કૃત અને પ્રાકૃતનું લગભગ બધું સાહિત્ય એમણે આમ સ્વાશ્રિત વાચન-અભ્યાસથી જાણ્યું હતું. જેની દષ્ટિ તીક્ષ્ણ અને પ્રતિભા જાગરૂક હોય તે આમ ગમે તેવા સંજોગોમાં યે માર્ગ કરી લે છે. પછી તો તેઓએ આ રીતે ગુજરાત-સૌરાષ્ટ્રનાં અનેક જૈન સ્થળોએ જઈ-રહી ત્યાંથી મળ્યો તેટલો અભ્યાસનો ખોરાક મેળવી લીધો. પાટણના લગભગ બધા ભંડારો, કલામય જૂનાં મંદિરો અને જૈન સંસ્કૃતિની અન્ય અનેક પ્રાચીન વસ્તુઓનાં અવલોકનોએ એમની જન્મજાત ગવેષણાવૃત્તિને ઉત્તેજી અને વધુ ઊંડો અભ્યાસ કરવા ને લખવા પ્રેર્યા. વડોદરામાં ગાળેલા ચાતુર્માસમાં એમણે ત્યાંની સેન્ટ્રલ લાયબ્રેરી તથા ઉપાશ્રયોમાં ખડકાઈ રહેલી જૈન ભંડારોની પોથીઓ જોઈ નાખેલી. આ જૂની શોધખોળને અંગે તેઓ આધુનિક વિદ્વાનોનાં લખાણો પણ વાંચતા થયા. વાચન સાથે એમની લેખનની વૃત્તિ પણ વધવા લાગી. પરિણામે એમની જિજ્ઞાસા વધુ ને વધુ ઉત્કટ થવા લાગી અને જૈન સાધુજીવનનું રૂઢિબંધન અને અંગ્રેજી ભાષાનું અજ્ઞાન એમને ખૂંચવા લાગ્યું. એવામાં જૈન સાધુઓ જોડે તેઓ પગપાળા મુંબાઈ પહોંચ્યા. ત્યાં અનેક સમાનશીલ વિદ્વાનોના પરિચયે તથા ત્યાંના સ્વતંત્ર વાતાવરણે એમનું મનોમંથન વધારી દીધું.

મુંબાઈથી તેઓ પગપાળા પુણે પહોંચ્યા ને ત્યાંના ભાંડારકર ઈન્સ્ટિટ્યૂટનો હસ્તલિખિત જૈન ગ્રંથસંગ્રહ જોઈ કાઢયો. ત્યાંના વિદ્યામય વાતાવરણ તથા વિદ્વાનોના પરિચયમાં એમને ખૂબ ગોઠી ગયું. ત્યાંના ભારત જૈન વિદ્યાલયની ચાલુ સંસ્થાને સ્થાયી રૂપ આપવા પણ એમણે પ્રયત્ન કર્યો. દરમિયાન જૈન અને જૈનેતર વિદ્વાનોમાં એક પ્રસિદ્ધ લેખક તરીકે એમની નામના બંધાઈ રહી હતી ત્યારે બીજી બાજુ મર્યાદાયુક્ત સાધુજીવન છોડી નવું જીવન કેમ શરૂ કરવું એનું મંથન એમને સતત સતાવી રહ્યું હતું. પિતા ગુજરી ગયાની તો એમને ખબર હતી, પણ વર્ષો પછી માતાને મળવાની એમને ઉત્કટ ઇચ્છા થવા લાગી હતી. એવામાં એમની વિદ્વત્તા ને યોગ્યતાથી આકર્ષાઈ ગાંધીજીએ એમને ગુજરાત વિદ્યાપીઠમાં પુરાતત્ત્વમંદિર સ્થાપવા ને ચલાવવા આમંત્રણ આપ્યું. વિશાળ કાર્યક્ષેત્ર શોધી રહેલી એમની વૃત્તિને એક નવું ક્ષેત્ર મળી ગયું ને સાધુજીવનનાં બંધનો છોડવાનો પોતાનો નિર્ધાર જાહેર કરી દઈ પુરાતત્ત્વમંદિરના આચાર્ય તરીકે તેઓ અમદાવાદ આવી રહ્યા. આ મંદિરના આરંભના કાર્યભાર તળે એકાદ વર્ષ સુધી તેઓ માતાને મળવા જઈ ન શકયા, અને ગયા ત્યારે માતાનું અવસાન થઈ ચૂકેલું! એનો એમને કારી આઘાત લાગ્યો. સંન્યસ્તનાં આટલાં વર્ષો બાદ પણ એમનામાં માનવતાના સર્વે કુમળા ભાવો ટકી રહ્યા હતા. અનુયાયીઓ કરતાં એમને સહૃદય મિત્રો ઘણા વધુ હતા એનું આ પણ એક કારણ છે.

પુરાતત્ત્વમંદિરની સ્થાપના બાદ ગુરુદેવ રવીન્દ્રનાથના આમંત્રણથી તેઓ શાંતિનિકેતન પણ ગયા. ત્યાં એમણે સિંઘી જ્ઞાનપીઠ સ્થાપી. રાજસ્થાન પુરાતત્ત્વમંદિરની સ્થાપના અને વિકાસ પણ એમને જ આભારી છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ને જૂની ગુજરાતી વગેરે જેવી પ્રાચીન ભાષાઓ પર આપમેળે મેળવેલા પ્રભુત્વ ઉપરાંત હિંદી, મારવાડી, ગુજરાતી ને મરાઠીમાં યે તેઓ લખીવાંચી શકતા. બંગાળી પણ આવડતું. બૅતાળીસની વય સુધીમાં તો એમણે વીસેક જેટલા વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો સંપાદિત કર્યા હતા. એમની સતત અભ્યાસી વૃત્તિના ફળ રૂપે એમના એક સોથી યે વધુ ગ્રંથો પ્રકટ થએલા છે. 'સિંઘી ગ્રંથમાળા' અને 'રાજસ્થાન પુરાતન ગ્રંથમાળા'ની પ્રતિષ્ઠા પણ એમની વિદ્વત્તાને આભારી છે. આ બંને માળામાં સવાસોથી એ વધુ ગ્રંથો એમના મુખ્ય સંપાદકત્વ તળે પ્રકટ થએલા છે, અને આ અંગે એમણે કરેલા કાર્યના આધારે હજી વધુ ગ્રંથો પ્રકટ થઈ શકે તેમ છે.

સંશોધનક્ષેત્રે ઇતિહાસ એમનો પ્રિય વિષય. આ માટે એમને અંગ્રેજી ભાષાનું અજ્ઞાન બહુ ખટકતું, પણ આગળ જતાં એમણે એનો પરિચય પણ કેળવી લીધેલો. પ્રાચ્ય વિદ્યા પરિષદમાં 'હરિભદ્રસૂરિનો સમયનિર્ણય' એ વિષય પર એમણે પોતાનો એક સંશોધન-લેખ વાંચેલો. એ પરથી પ્રખર જર્મન વિદ્વાન હરમાન યાકોબીને પણ પોતાનો અભિપ્રાય જીવનમાં પહેલી જ વાર બદલવો પડયો હતો. એમની આ ઐતિહાસિક ગવેષણાથી પ્રભાવિત થઈને યાકોબીએ એમને જર્મની બોલાવેલા. ગાંધીજીએ પણ એમની યાત્રાને ઉત્તેજન આપ્યું હતું અને ત્યારે અંગ્રેજીના અધૂરા અભ્યાસ તથા ફ્રેંચ ને જર્મન ભાષાના જ્ઞાન વિના એમણે યુરોપ જવા હામ ભીડી હતી!

પ્રાચીન શિલાલેખો અને જૂના દસ્તાવેજો ઉકેલવામાં તો તેઓ નિષ્ણાત હતા. ખારવેલનો શિલાલેખ તથા ગુજરાત-કાઠિયાવાડ-રાજપુતાનાના સેંકડો પ્રાચીન લેખો એમણે ઉકેલ્યા હતા. શિલ્પ-સ્થાપત્યના વૈશિષ્ટ્ય અંગે પણ એમને ઊંડી સમજ હતી. આમ, વિદ્યાક્ષેત્રે આત્મશિક્ષણથી અને એકલે પંડે એક જંગમ વિદ્યાપીઠ સમું કાર્ય એમણે કર્યું એ તો ખરું જ, પણ રાષ્ટ્રકાર્યમાં યે એટલો જ રસ દાખવ્યો હતો. ધરાસણાના સત્યાગ્રહમાં જોડાઈને એમણે જેલ પણ વહોરી હતી અને નિવૃત્ત જીવનમાં પોતાના રાજસ્થાન પ્રદેશમાં ચિતોડ નજીક ચંદેરિયા ગામે સર્વોદય આશ્રમ સ્થાપીને જાતે કૃષિકાર્યમાં ખૂપી જઈ તેઓ લોકજીવનમાં પણ ઓતપ્રોત બની રહ્યા હતા.

જન્મે ક્ષત્રિય છતાં વિદ્યોપાસનાની લગનીથી એમણે નાનપણમાં સ્થાનકવાસી જૈન સાધુ પાસે દીક્ષા લીધી. એમાં જ્ઞાનપિપાસા ન સંતોષાતાં શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયમાં દાખલ થયા, ને એમાં પણ પોતાના ઉત્કટ વિદ્યાભ્યાસંગને એનાં સંકુચિત રૂઢિબંધનોની મર્યાદા નડતાં એ પણ છોડી દઈ તેઓ એ કાળે અત્યંત હિંમતભર્યું એવું પગલું ભરીને ગૃહસ્થ વેષધારી બન્યા. પણ એમાં યે એમણે બ્રહ્મચર્ય અને ત્યાગની ભાવનાનું જીવંત ને જ્વલંત દષ્ટાંત પૂરું પાડયું. વ્યકિતગત જીવન માટે માત્ર નજીવો જ ખર્ચ રાખી પોતાની આવકનો ઘણો મોટો ભાગ તેઓ અન્યને માટે વાપરી નાખતા. આચાર્ય હરિભદ્ર માટે એમને સવિશેષ ભકિત હતી અને એમના નામના મંદિરના નિર્માણ પાછળ એમણે પોતાની સંપત્તિનો ગજા-ઉપરવટ ઉપયોગ કર્યો હતો. સ્વ. મુનશીજીના 'ભારતીય વિદ્યાભવન'ના નિયામકપદે પણ તેઓ રહી ચૂકેલા. અને આબુને રાજસ્થાનનો જ ભાગ સિદ્ધ કરવા બદલ એમણે એ પદ જતું પણ કરેલું. એમણે અનેક સંસ્થાઓ સ્થાપી અને જરૂર પડયે બિલકુલ આસકિત કે રંજ રાખ્યા વગર એનો ત્યાગ પણ કર્યો.

પાછલાં વર્ષોમાં આંખની મુશ્કેલીને કારણે એમને વાંચવા-લખવાનું બંધ કરવું પડયું એનું એમને દુઃખ રહેતું. છેલ્લેછેલ્લે એમને ફેફસાનું કૅન્સર હોવાનું નિદાન થયા પછી યે પોતાની બીમારીની ચિંતા ન રાખતાં તેઓ ખબર પૂછવા આવનાર સાથે વિદ્યાવિનોદ ને રાષ્ટ્રહિતની જ ચર્ચા કરતા. છેક છેવટ સુધી એમની સ્મૃતિ અજબ રીતે ટકી રહી હતી. રૂઢાચારને ગાંઠયા વિના એમણે સાધુવેશ ત્યજી દીધો ને છતાં પછી સાધુ-

જીવન સ્વીકારી પોતાના વિદ્યાવ્યાસંગને જ્વલંત રાખ્યો. વિષમતા અને પરાધીનતાનો તેઓ સતત સામનો કરતા રહ્યા, પણ હૃદયમાં તો કરુણા ને વાત્સલ્યને છલકતાં જ રાખ્યાં અને એટલે જ એમનો પરિચિત-પરિવાર બહોળો રહ્યો હતો. વિદ્યોપાસકો અને સામાન્ય સંસારીઓ સૌનો એમાં સમાવેશ હતો. એમની અંતિમ ઇચ્છાનુસાર એમના અવસાન પછી અમદાવાદથી એમના દેહને અગ્નિસંસ્કાર માટે ચંદેરિયા લઈ જવામાં આવ્યો ત્યારે એના અંતિમ દર્શન માટે ઊમટેલા સમુદાયમાં મુસલમાનોએ પણ એમના પર ગુલાલનો છંટકાવ કરીને એમને વધાવેલા, એ જાતિ, ધર્મ, સંપ્રદાય કે ભાષાના ફિરકાની મર્યાદા ઓળંગીને એમનો પ્રેમ કેટકેટલાંને સ્પર્શ્યો હતો તેની સાક્ષી પૂરે છે. એમનું તપઃપૂત સારસ્વતજીવન સ્વયં ચિરશાંતિનું અધિકારી છે. (સંકલિત)

હરસ ઉપર માત્ર એક જ પડીકી

ગુજરાતના સુપ્રસિદ્ધ અને સફળ ચિકિત્સક શ્રી ગોવિંદપ્રસાદ વૈદ્યને મોરબીના સ્વ. ડૉ. વલ્લભદાસે, પોતાને કોઈ મહાત્માની પ્રસાદીરૂપ મળેલો આ નીચેનો હરસનો ઉપચાર જણાવેલો, ને તેમણે દર્દીઓ ઉપર અજમાવી જોતાં પરિણામ લાભપ્રદ જણાયું. તેથી વૈદકના માસિક 'નિરામય'માં તેમણે જાહેર લાભાર્થે તે પ્રકટ કર્યું છે :

'હરસ ઉપરના જુદાજુદા ઉપચારો તથા શસ્ત્રક્રિયા થોડીઘણી રાહત આપ્યા સિવાય વિશેષ કામ આપતાં નથી. પરંતુ આ (નીચેની) દવા ફક્ત એક જ પડીકું એક જ વખત લેવામાં આવે તેમ જ તેનો વિધિ બરાબર સાચવવામાં આવે તો સૂકા તેમ જ દૂઝતા બંને જાતના હરસમાં રામબાણ કામ કરે છે....આ ઉપચાર આશરે ૨૫૦ દરદીઓ ઉપર થએલો છે અને તેનું સોએ સો ટકા સફળ પરિણામ આવેલું છે.

બોરસલીના ઝાડનાં બી જે ચોમાસામાં ઘણે ઠેકાણે થાય છે તેવાં બી નંગ ૨૧ સૂકવી, ઉપરનું પડ કાઢી નાખી તેમાં, અગિયાર દાણા મરીના ભેળવી, ઝીણો પાઉડર કરી એક પડીકું તૈયાર કરવું. ચારથી પાંચ આની ભાર પડીકાનું વજન થશે. આખું પડીકું નરણે કોઠે પાણી સાથે લઈ લેવાનું, અને ખાસ પરેજી ગણો કે જે ગણો તે–પડીકું લીધા પછી ૬ કલાક સુધી બેસવાનું નથી. હરવાફરવાનું અગર તો ઊભા રહેવાનું, જેમ કરવું હોય તેમ કરવું, પણ બેસવાનું નહિ. કલાકે કલાકે એક મોસંબીના કટકા કરી ચૂસવા. એકંદર છ મોસંબી વાપરવી. વધારે વાપરવી હોય તો વાપરી શકાય. બીજો કોઈ ખોરાક, ચા, કૉફી આ દરમિયાન લેવાનું નહિ. છ કલાક પૂરા થયા પછી તદ્દન હલકો ખોરાક લેવાનો છે. ગરમ ચીજો લેવાની નથી. આવો નિર્દોષ, સસ્તો અને સરળ ઉપાય અજમાવવાની ભલામણ કરવા માટે દરેક વૈદ્ય તથા ડૉક્ટર બંધુઓને મારી આગ્રહભરી વિનંતી છે.'

આરોગ્યપ્રદ ખનિજ-વિટામિનવાળી સુવાની ભાજી

આપણો ખોરાક મુખ્યત્વે અન્ન-કઠોળનો છે. ગજા પ્રમાણે થોડાં દૂધદહીં છાશ પણ વાપરીએ છીએ. એ ખોરાકમાં કેટલાંક ખનિજ ક્ષાર અને વિટામિનની ઊણપ છે. ફળો ખોરાકમાં સારા પ્રમાણમાં મળે તો આ ઊણપ પુરાય. પણ ફળો મોંઘાં છે એટલે આ ઊણપ ઋતુ અનુસાર મળતી સોંઘી ભાજીઓનો યોગ્ય ઉપયોગ કરી પૂરી કરવી જોઈએ.

સામાન્યરીતે આપણે ભોજનની વાનગીઓમાં તાંદળજા, મેથી અને પાલખની ભાજીઓ વાપરીએ છીએ. સુવાની ભાજી બહુ ઓછી વપરાય છે અને કેટલાંયે કુટુંબો તે વાપરતાં નથી. પણ ઉપર જણાવેલી પ્રચલિત ભાજીઓ કરતાં સુવાની ભાજી વધારે પોષક અને આરોગ્યપ્રદ છે.

સુપાચ્ય ચૂનો અને લોહ તેમ જ સારા પ્રમાણમાં 'એ' અને 'સી' વિટામીનવાળી સુવાની ભાજી આરોગ્યપ્રદ આહાર તરીકે ચડિયાતી છે.

બીજી ભાજીઓની માફક એનું શાક બનાવી ખવાય છે. એને કઢીમાં તેમ જ રાયતામાં પણ નાખવામાં આવે છે. વળી એને ઝીણી સમારી ઘઉં ચણાના લોટના મિશ્રણના યોગ્ય મસાલા નાખી બનાવેલા ખીરામાં ભેળવી પૂડા તથા ઘઉં વગેરેના લોટમાં ભેળવી ઢેબરાં, ભાખરી, બાફેલાં તળેલાં મૂઠિયાં બનાવીને ખવાય છે. જોકે કેટલાકને એની વાસ ગમતી નથી, પણ વાનીઓમાં ઉપયોગ કરતાં બફાતાં-તળાતાં એની વાસ ઘટી જાય છે, એટલે ટેવ પાડવાથી એની વાનીઓ રુચિકર બને છે.

આયુર્વેદની દૃષ્ટિએ સુવા જરા કડવાતીખા, ઉષ્ણ અને વાતકફ નાશક છે. ભાવમિશ્ર સુવાને પચવામાં હલકા, તીક્ષ્ણ (વધુ ખવાય તો) પિત્તકારક, ભૂખ ઉઘાડનાર, તીખા, ગરમ, તાવ, વાયુ, સળેખમ, વ્રણ, શૂળ અને આંખના રોગને મટાડનાર ગણે છે. પશ્ચિમની દૃષ્ટિએ પણ સુવામાં આંખને હિતકારક 'એ' વિટામીન છે. આયુર્વેદ પણ એને આંખના રોગના મટાડનાર ગણે છે. સુવાની ભાજી મધુર, માતાના ધાવણનું દૂધ વધારનારી, દીપક, બળદાયક છે. તે જ્વર, શૂળ, ગોળો તથા વાયુ મટાડે છે.

સુવામાં વાયુ-કફનો નાશ કરવાનો ગુણ હોવાથી સુવાવડી સ્ત્રીઓને મુખવાસ તરીકે અને દિવસમાં ત્રણચાર વખત છડેલા સુવા ને કોપરું ખવડાવે છે. પાચક, વ્રણ વિનાશક અને સુવામાંના ચૂનાને લઈને ધાવણા બાળકની માતાના સ્તનમાં દૂધ વધારવાનો ગુણ છે.

વરિયાળીની માફક જરા શેકી છડેલા સુવા તેમાં સિંધવ ઈત્યાદિ ભેળવી મુખવાસ તરીકે સ્ત્રીપુરુષ બધાં વાપરે તો હિતકારક નીવડે એમ છે.

સુવાને ઉકાળીને તેની વરાળ ઠારી બનાવેલું પાણી તે ડિલવૉટર કહેવાય છે. નાનાં બાળકોને પેટમાં ચૂંક આવે, આફરો થાય ત્યારે આ ડિલવૉટર એક ચમચો પાવાથી ચૂંક-આફરાનું શમન થાય છે.

જે કુટુંબમાં સુવાની ભાજીની વાનીઓ ભોજનમાં અવારનવાર ન ખવાતી હોય તેમણે એની વાનીઓ ખાવી જોઈએ.

(ગુજરાતમિત્ર) —જ. ઓ. કાનુગા

સંસ્કૃતિનાં વહેણ સમજવા

સંસ્કૃતિનાં અનેક ક્ષેત્રમાં કામ કરતી કે કરવા ચાહતી વ્યક્તિઓને સૌથી પ્રથમ જરૂર અમુક વ્યક્તિ, ગ્રંથ કે યુગના કાળ-નિર્ણયની હોય છે. માત્ર લેખકને જ તવારીખો જરૂરી હોય છે એમ નહિ, વાચકને પણ (પ્રત્યેક સંસ્કૃતિ ચાહકને) એની અગત્ય છે. ભગવાન બુદ્ધ ક્યારે થયા કે ગુપ્ત યુગની ગણના ક્યાંથી ક્યાં સુધી થાય છે તે જાણવું સૌકોઈને માટે જરૂરી છે. તવારીખો આપણને સંસ્કૃતિનાં વહેણોને સમજવા માટે સહાયરૂપ થાય છે. આમ સૌકોઈને ઉપયોગી થાય એવી અગત્યની થોડીક તવારીખો અહીં આપી છે:

વેદકાળ: ઈ. સ. પૂર્વે ૪૦૦૦થી ૨૦૦૦.

ઋગ્વેદની રચના વિષે વિદ્વાનોના જુદાજુદા મતે છે: એક મત ઈ. સ. પૂર્વે ૬૦૦૦થી ૩૦૦૦ માને છે. બીજો ઈ. પૂર્વે ૨૫૦૦થી ૨૦૦૦ માને છે. ત્રીજો ઈ. પૂર્વે ૧૨૦૦થી ૧૦૦૦નો છે.

મહાભારત-કાળ: ઈ. સ. પૂર્વે ૨૦૦૦થી ૧૦૦૦.

ઉપનિષદ તથા પાણિનિ: ઈ.સ. પૂર્વે ૧૦૦૦થી ૩૨૫.

મૌર્ય કાળ: ઈ. સ. પૂર્વે ૩૨૫થી ૧૫૦.
(અશોક ઈ. સ. પૂર્વે ૨૬૯થી ૨૩૨)

કુશાણ કાળ: ઈ. સ. પૂર્વે ૧૫૦થી ઈ. સ. ૧૫૦ (૩૦૦ વર્ષ).

શુંગકાળ: ઈ. સ. પૂર્વે ૧૮૮; કનિષ્ક: ઈ. સ. ૭૮.

ક્ષત્રપ કાળ: ઈ. સ. ૧૫૦થી ઈ. સ. ૩૦૦.

ગુપ્ત કાળ: ઈ. સ. ૩૦૦થી ૬૪૭.

મૈત્રક કાળ: (વલભી) ઈ. સ. ૪૭૦થી ૭૮૯.

ગુપ્ત સત્તા ભારતમાં ઈ. ૬૪૭ સુધી રહી, પણ સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી તેઓને ૪૭૦માં દૂર કરાતાં ભાવનગર પાસે વળામાં સૌરાષ્ટ્રનું પ્રથમ જોરદાર (વલભી) રાજ્ય ઈ.સ. ૪૭૦થી શરૂ થયું.

ચાવડા કાળ: ઈ. સ. ૭૮૯થી ઈ. સ. ૯૪૨.

દુર્ગાશંકર શાસ્ત્રી વનરાજ ચાવડાનો સમય ઈ. ૭૪૬થી ૮૦૫ માને છે. અણહિલપુર પાટણની સ્થાપના ઈ. ૭૪૬ મનાય છે. આ મત મુજબ ચાવડાકાળની શરૂઆત ઈ. સ. ૭૦૦ માનવી પડે.

સોલંકી કાળ: ઈ. સ. ૯૪૨થી ૧૨૪૫.

સિદ્ધરાજ ઈ. સ. ૧૧૦૦, કુમારપાલ ઈ. સ. ૧૧૪૩.

વાઘેલા કાળ: ઈ. સ. ૧૨૦૦થી ૧૩૦૦. (કરણઘેલો ઈ. ૧૨૯૭).

સૌરાષ્ટ્રમાં નાનાં રાજ્યો: ઈ. સ. ૮૦૦થી ઈ. ૧૯૪૭ સુધી.

વલભીના પતન પછી ત્યાં જેઠવા, ઝાલા, જાડેજા, ચૂડાસમા શરૂ થઈ ગયા હતા. કોક વંશ ૧૯૪૭ની આઝાદી સુધી ગાદીએ રહ્યા.

અગત્યની વ્યક્તિઓ

પાર્શ્વનાથ	ઈ. સ. પૂર્વે ૭૫૦	રામાનુજાચાર્ય	૧૦૧૭-૧૧૩૭
મહાવીર	ઈ. સ. પૂર્વે ૬૧૮	નિમ્બાર્ક	૧૧૩૦-૧૨૦૦
ભગવાન બુદ્ધ	ઈ.સ. પૂર્વે ૬૨૩	માધવાચાર્ય	૧૧૯૭-૧૨૮૦
ફાહિયાન	ઈ. સ. ૩૯૯	રામાનંદ	૧૩૬૦-૧૪૭૦
હુ-એન-સંગ	ઈ. સ. ૬૩૦	વલ્લભાચાર્ય	૧૪૭૯-૧૫૩૧
ઇત્સિંગ	ઈ. સ. ૬૭૧	રૈદાસ	ઈ. સ. ૧૪૩૦
બૃહત્કથા લેખક ગુણાઢ્ય	૪થી સદી	કબીર	૧૪૪૦-૧૫૧૮
મહાકવિ કાલિદાસ	છઠ્ઠી સદી	ચૈતન્ય	૧૪૮૫-૧૫૩૪
ભર્તૃહરિ	સાતમી સદી	દાદુ	૧૫૪૪-૧૬૪૩
શંકરાચાર્ય	ઈ. સ. ૭૮૮	સહજાનંદ	૧૭૮૧-૧૮૩૦

(પથિક)

—નરોત્તમ પલાણ

વિવિધ ક્ષેત્રે આર્થિક વિકાસની મજલમાં

ક્ષેત્રો	ગુજરાતનું સ્થાન	પ્રથમ કોણ?
રેલવે લાઈનમાં	પહેલું	ગુજરાત
માથાદીઠ કરબોજ	ત્રીજું	પંજાબ
યોજનાકીય ખર્ચમાં	ત્રીજું	પંજાબ
સહકારી આવકમાં	પાંચમું	હરિયાણા
કરવેરાની આવકમાં	પાંચમું	મહારાષ્ટ્ર
વીજળી વપરાશમાં	પાંચમું	પંજાબ
માર્ગવિકાસમાં	નવમું	કર્ણાટક
ખેતીની સિંચાઈમાં	તેરમું	પંજાબ

ગુરુ અને શનિ પરથી રેડિયોતરંગો

ગુરુના ગ્રહ ઉપરથી એકધારા શક્તિશાળી રેડિયો-તરંગો પ્રસર્યા કરે છે. આ રીતે ગુરુ પર પુષ્કળ ઘોંઘાટ છે. હમણાં આપણાં અવકાશયાનો આ ગુરુ પાસે પહોંચ્યાં તે પહેલાં પણ વર્ષોથી આપણને આ તરંગોની જાણ હતી. પૃથ્વીની કક્ષામાં 'આંતરગ્રહ નિરીક્ષણ મંચ' તરીકે ઓળખાતા અમેરિકન ઉપગ્રહ દ્વારા શનિના ગ્રહ પરથી પણ આવા શક્તિશાળી તરંગોના અસ્તિત્વની જાણ થઈ છે. આ તરંગોની એક હજાર કિલો હર્ટ્ઝ જેટલી શક્તિ તથા તેની ગતિ ગુરુ પરથી પ્રસરતાં કિરણો સાથે મળતી આવે છે. મનાય છે કે પોતાની ધરીની આસપાસ દસ કલાકમાં ફરતા શનિ પર ચુંબકીય ક્ષેત્રો અને કિરણોત્સર્ગનો વિસ્તાર પણ હશે. પણ ઈ. ૧૯૭૯ના સપ્ટેમ્બર માસમાં જ્યારે અવકાશયાન 'પાયોનિયર-૧૧' ગુરુના ગ્રહથી દૂર જઈ શનિની નજીક પહોંચશે ત્યારે આ વિષે વધુ ચોક્કસ જાણકારી મળી શકશે.

અનુસંધાન] **હલદીઘાટીનું યુદ્ધ** [પૃ. ૨૭૬થી


શાહબાઝખાનને મેવાડ પર મોકલ્યો. સંખ્યાબળને કારણે એણે ગોગંડા ને ઉદેપુર જીતી લીધાં. પણ રાણો પ્રતાપ ચાવંડ જઈ રહ્યો. ત્યાં એણે બંધાવેલું મંદિર આજે યે એના અટંકીપણાની શાખ પૂરે છે.

સ્વાતંત્ર્યને ટકાવવા રાણાને ઓછી કિંમત નહોતી ચૂકવવી પડી. ખાવાનાં પણ સાંસાં પડે એવા કપરા દિવસો એને કાઢવા પડ્યા હતા. ભોંયપથારી પર પણ એને શાંતિ નહોતી. એના મંત્રી ભામાશાએ આપેલું ધન પણ એને પૂરું પડે તેમ નહોતું. હા, એ પછી એણે કુંભલગઢ પાછું લઈ લીધું, વાંસવાડા ને ડુંગરપુર પર પણ પોતાની આણ સ્થાપી દીધી ખરી. પણ શાહબાઝખાન ફરી ચડાઈ લઈ આવ્યો. ફરી રાણાને ડુંગરોમાં સંતાકૂકડી રમવી પડી. પોતાની પ્રજાને ખેતી કરતી બંધ કરી દઈને અને મુસલમાનોને એક પાઈનો યે કર ન આપવાનું કહીને એણે અકબરને માટે આ પ્રદેશ તદ્દન બિનઉપયોગી બનાવી દીધો. ઈ. ૧૫૮૪માં અકબરે ફરી એક વાર જગન્નાથ કચ્છવાહા તથા જાફરબેગને રાણા સામે મોકલ્યા, પણ પ્રતાપના અટંકીપણાને તેઓ તોડી શક્યા નહિ. પછી તો અકબરને પંજાબ તરફ પણ લક્ષ આપવું પડ્યું, ત્યારે તકનો લાભ લઈ રાણાએ પોતાનો ઘણોખરો પ્રદેશ પાછો જીતી લીધો, અને છેવટ ઈ. ૧૫૯૭માં એનું અવસાન થયું ત્યારે યે મેવાડના ગૌરવને ને સ્વાતંત્ર્યને અણનમ રાખવાનું પોતાનાં સંતાનો ને સરદારો પાસેથી વચન લીધા પછી જ એણે દેહ છોડેલો.

જીવનભર પોતાથી અનેકગણી વિશાળ સલ્તનત સામે ઝઝૂમીને પોતાના સ્વાતંત્ર્ય ને ગૌરવને ટકાવી રાખનાર એ અણીશુદ્ધ વીરે છેવટ સુધી પોતાનું ગૌરવ ઝાંખું પડવા દીધું નહોતું. એના અવસાનથી ખુદ અકબર પણ હલી ઊઠયો હતો. પ્રતાપના જીવનને એણે ઊંચામાં ઊંચા માનનું અધિકારી ગણાવ્યું હતું. પછી તો કાળાંતરે ખુદ મુઘલ સલ્તનત પણ ભૂંસાઈ ગઈ, આગ્રા ને દિલ્હીનો વૈભવ ભુંસાઈ ગયો અને રાણાને નમાવવા નીકળેલા સૌકોઈ ભૂતકાળમાં વિલીન થઈ ગયા. પણ પ્રતાપ અમર છે. સ્વાતંત્ર્યના ચાહકોને આજે યે એ પ્રેરણા આપે છે.

વિજેતા કરતાં વણજિતાએલા પરાજિતો મહાન છે, કારણ એમના આદર્શો ને એમણે આપેલો ભોગ જીવનને અનોખું ગૌરવ પ્રદાન કરે છે. ઇતિહાસ એમનાં નામથી ઊજળો છે. સબળ રાજસત્તાના પડખાંમાં ભરાઇને સુખસાહ્યબી માણનારા કરતાં આત્મગૌરવ અને સ્વાતંત્ર્યના પૂજારીઓને ઇતિહાસ કદી ભૂલતો નથી. પોતાના આદર્શો ને નીતિમયતાથી તેઓ માનવજીવનને સમૃદ્ધ કરે છે, ગૌરવ આપે છે. હલદીઘાટીના યુદ્ધનો આ જ સાર છે. ચાર ચાર સદી પછી એટલે જ એ સ્મરણીય છે. □

માસમાસના આકાશમાં : જુલાઇ–ઑગસ્ટ



દક્ષિણ આકાશમાં 'વૃશ્ચિક' તારામંડળ એના આકાર તથા તેમાંના તેજસ્વી તારાઓને લીધે સારીપેઠે પરિચિત છે. એની પૂછડીના વળાંકનો ભાગ મૂલ નક્ષત્રનો ગણાય છે. એના તારાનો ચળકાટ આમ તો સામાન્ય છે, પણ એક મંડળ તરીકે આપણે તેનો તથા તેની પાસેના એવા જ સામાન્ય તારાવાળાં બીજાં નાનાં તારામંડળોનો પરિચય કરી લઈએ.

પ્રથમ મૂલ નક્ષત્રની નીચેનું મંડળ જોઈએ. એનું નામ છે 'વેદી' (Ara-Altar). યજ્ઞની વેદી તથા તેની પાસે નમેલા પૂજારીની આકૃતિની તેમાં કલ્પના છે. આ ખયાલ પણ આપણો નહિ પશ્ચિમના દેશોનો છે.

મૂલ નક્ષત્રની બાજુમાં, ઉત્તર આકાશના 'કિરીટ' તારામંડળના આકાર જેમ જ ગોઠવાએલા તારાવાળું એક નાનું મંડળ 'દક્ષિણ-કિરીટ' (Corona Australis) નામે ઓળખાય છે. ઉત્તર-કિરીટ કરતાં તે વિસ્તારમાં નાનું અને ઝાંખા તારાઓને કારણે ધ્યાનથી જોવું પડે તેવું છે અને ઉત્તર કિરીટના 'કોહીનૂર' જેવા તેજસ્વી તારાથી એ વંચિત છે. આ દક્ષિણ-કિરીટ અને વેદીની વચ્ચે બે મુખ્ય તારાનું એક ટચૂકડું મંડળ 'દૂરબીન' (Telescopium)ના નામે ઓળખાય છે.

આ ત્રણે મંડળથી આગળ દક્ષિણમાં 'મયૂર' (Alpha Pavonis) નામે એક ચળકતો તારો દેખાય છે. જે તારામંડળનો એ મુખ્ય તારક છે એ મંડળનું નામ પણ મયૂર (Pavo) જ છે. એમાં કળાયલ મોરની કલ્પના છે. આ મયૂરની બાજુમાં જ છે 'સિંધુ' (Indus) તારામંડળ.


આ બધાં નાનાં મંડળો છે અને છેક દક્ષિણ ક્ષિતિજ પરનાં હોઈ તદ્દન સ્વચ્છ રાત્રિ વિના શોધવાં મુશ્કેલ પણ છે. નકશામાં સીધી લીટીઓ દ્વારા એના મુખ્ય તારાઓને જોડીને દર્શાવ્યા છે.

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

તા. ૧/૧૬૫૧ શાહજહાંની સામે બળવો કરવા બદલ મિરઝાખાન સામે કાશ્મીરમાંથી એક સૈન્ય મોકલવામાં આવ્યું. સ્કર્દુનો કિલ્લો જીતી, બળવો દબાવી દઈ તિબેટનો એ તરફનો વિસ્તાર મુઘલ સલ્તનતમાં જોડી દેવામાં આવ્યો.

વ્યક્તિવિશેષ

તા. ૨/૧૯૧૯ સર્વભૂતહિતરત સાધુચરિત લોકસેવક સાહિત્યકાર અમૃતલાલ સુંદરજી પઢિયારનું અવસાન. ચોરવાડમાં ગિરનારા બ્રાહ્મણ જ્ઞાતિમાં એમનો જન્મ. છ જ ધોરણ સુધી ભણ્યા છતાં પોતાની સતેજ જિજ્ઞાસાવૃત્તિથી વાચન અને લેખનનો એમને છંદ લાગેલો. મુંબાઇમાં એક શેઠને ત્યાં છાપાં-માસિકો વાંચી સંભળાવવાની નોકરી કરી એમણે એ શેઠ પાસે પોતાનું પ્રથમ પુસ્તક પ્રકટ કરાવ્યું. લગ્ન માટેના પિતાના અત્યાગ્રહથી આજીવન બ્રહ્મચર્યના પોતાના વ્રતના પાલન માટે ઘર ત્યાગી એ કાશી ગયા. સ્વામી શ્રદ્ધાનંદજી પાસે એમણે વૈદક અને યોગનો અભ્યાસ કરેલો. અલ્પશિક્ષિતો પણ સમજી શકે એ માટે એમણે 'સંસારમાં સ્વર્ગ' નામક ૧૮ ગ્રંથોની એક માળા લખવા ધારેલી, જેમાંના ૧૪ ગ્રંથો તેઓ લખી શકેલા. સ્વામી અખંડાનંદે 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય'નો મુંબાઇમાં પઢિયારના ઘરમાંથી જ આરંભ કરેલો. પઢિયારે પોતાની બધી જ કમાઈ અને સઘળી શક્તિ લોકહિતનાં કાર્યોમાં જ ખર્ચેલી. ઈ. ૧૯૧૮ના દુકાળમાં એમણે આપેલી બહુમૂલ્ય સેવાના શ્રમ બાદ તુરત લાગુ પડેલા કૉલેરામાં એમનું અવસાન થયું.



તા. ૪/૧૯૦૩ આટલાંટિક અને પૅસિફિક મહાસાગર વચ્ચે તાર-લાઈન ખુલ્લી મુકાઈ.
/ **૧૭૭૬** અમેરિકાના સ્વાતંત્ર્યનું જાહેરનામું : જુઓ અન્યત્ર આ અંકમાં.

તા. ૮/૧૯૫૪ ભારતની વિરાટ નહેર-બંધ યોજના 'ભાખરા-નાંગલ'નું પં. નેહરુએ ઉદ્‌ઘાટન કર્યું.

તા. ૯/૧૮૨૭ હિંદીઓને અદાલતની જ્યૂરીમાં બેસવાનો અધિકાર અપાયો.

તા. ૧૧/૧૮૭૨ હિંદમાં પાંચ રૂપિયાની નોટો મુંબાઈથી પહેલવહેલી ચલણમાં મુકાઈ.

તા. ૧૨/૧૮૭૩ હિંદુસ્તાનમાં વરાળથી ચાલતું પહેલવહેલું જહાજ 'ડાએના' બંધાયું.

તા. ૧૯/૧૮૩૫ કાશ્મીરના મહારાજાએ ગિલગિટની વઝારત અંગ્રેજોને સોંપી દીધી.

તા. ૨૪/૧૭૬૦ બાલાજી બાજીરાવના પુત્ર વિશ્વાસરાવ અને સદાશિવ ભાઉની સરદારી તળે મરાઠાઓએ દિલ્હીને ઘેરો ઘાલ્યો. દસ દિવસમાં દિલ્હી શરણે આવ્યું. ભાઉએ ત્યાંના મહેલો ને મકબરાઓની સંપત્તિ લૂંટી અને દીવાને આમની ચાંદીની છત ગળાવી તેના રૂપિયા પાડ્યા.

તા. ૨૬/૧૮૪૭ ઈ. ૧૮૨૨માં ગુલામીમાંથી મુક્તિ પામેલા અમેરિકાના હબસીઓએ પશ્ચિમ આફ્રિકામાં નૅશનલ કૉલોનાઇઝેશન સોસાએટી દ્વારા 'લિબર્ટી' (મુક્તિ) પરથી લાઇબેરિયા નામે પોતાની એક નવી વસાહત સ્થાપી હતી તેને આ દિવસે પ્રજાસત્તાક જાહેર કરવામાં આવી. આફ્રિકામાં એ સૌ પ્રથમ હબસી પ્રજાસત્તાક બન્યું. લગભગ ૪૩૦૦૦ ચો. માઈલના આ દેશમાં આરંભમાં નવા વસાહતીઓને ત્યાંના સ્થાનિક લોકો સાથે મેળ બેસાડવો કઠિન પડચો, પણ ધીરે ધીરે બધું થાળે પડી ઈ. ૧૯૨૬થી અમેરિકાની આર્થિક સહાયના બદલામાં ત્યાં અમેરિકાને રબ્બરની ખેતી તથા અન્ય વિદેશી રોકાણોની છૂટ આપી બીજા વિશ્વયુદ્ધ પછીના સમય સુધીમાં એ પગભર થઈ ગયું. મનરોવિયા એ એનું મુખ્ય શહેર. આદિવાસીઓની પ્રચલિત ધાર્મિક રસમો ઉપરાંત ખ્રિસ્તી અને મુસ્લિમ ધર્મ પાળતી ત્યાંની પ્રજા મુખ્ય અંગ્રેજી સાથે ક્રુ, મૅન્ડિંગો અને ગોલા ભાષા બોલે છે. ચોખા, શેરડી, રબ્બર ને કૉફી એ ખેતીની મુખ્ય પેદાશ. લોઢું, સોનું ને હીરા એની મુખ્ય ખનિજ પેદાશ છે. પેય પદાર્થો, ઈંટ-નળિયાં, સાબુ, પ્લાસ્ટિક અને રંગનું તે ઉત્પાદન કરે છે, ને એના બદલામાં યાંત્રિક સામગ્રી, વાહનો તથા અન્ય બનાવટોની આયાત કરે છે.



દુકાનદાર કાંઈક લેવા અંદર ગયો, એટલે ગ્રાહકે આગળ પડેલાં નાળિયેરમાંથી એક પોતાની થેલીમાં સરકાવી દીધું અને પૂછ્યું : 'શેઠ, હમણાં મરચાંના શા ભાવ છે?'

દુકાનદારે અંદરથી જ જવાબ આપ્યો : 'હમણાં નાળિયેરનો એક રૂપિયો છે; મરચાંનો ભાવ બહાર આવીને કહું છું.'

પત્ની : એ શ્રીમતીજીને તો પોતાનાં બાળકોમાં કદી કંઇ ઊણપ દેખાતી જ નથી.

પતિ : માને કદી એ ન જ દેખાય.

પત્ની : શું તમે ય તે! મને તો આપણાં બાળકોમાં જરૂર દેખાય...જો હોય તો.

રાતની છેલ્લી બસ ભરચક હતી. કમનસીબે એમાં બત્તી બગડી ગએલી. જગ્યાના અભાવે ઊભા રહેલા એક લાંબા માણસે બાજુમાં ઊભેલાં માજીને કહ્યું : 'માજી, આ પટ્ટો પકડી લો.'

'ના રે, મેં તો ક્યારનો પટ્ટો પકડી રાખ્યો છે.'

'તો પછી હવે મારી નેકટાઈ છોડી દેશો?'

'અરે આ વળી કઈ જાતનો કૂતરો પાળ્યો છે?'

'એ પોલીસ-કૂતરો છે.'

'પણ જોતાં તો એ એવો લાગતો નથી.'

'તે ક્યાંથી લાગે? આ તો છૂપી પોલીસમાં છે.'

પિતા (પુત્રને) : નિશાળમાંથી કોઈ છોકરાની પેન્સિલ ચોરતાં તને શરમ ન આવી? શું હું તને ઑફિસમાંથી નથી લાવી આપતો?



('જનસત્તા'માં શિવ)


જો કાંતશું આ જિંદગી, પીંજ્યા પછી પૂણી કરી,
તકલીફની તકલી થકી-સુખનું સૂતર તો આવશે.

—પ્રિયકાન્ત મણિયાર—

વસાઈની લડાઈમાં અલીબાગના આંગ્રે કુટુંબના ત્રણ જુવાનજોધ છોકરાઓ માર્યા ગયા. મરાઠા સરદાર ચિમણાજી અપ્પાએ એમની માતાને આશ્વાસનનો સંદેશો મોકલતાં એ વીર માતાએ જવાબ મોકલ્યો કે 'મને ય દુઃખ તો થયું જ છે. પણ તે હું નિપુત્રિક થઈ તે માટે નહિ, પણ સરકારના કામ માટે બલિદાન આપવા હવે મારી પાસે ચોથો પુત્ર નથી તે માટે મને લાગી આવે છે.'

કહેવતોના અર્થ: 'આટામાં લૂણ સમાય, લૂણમાં આટો નહિ.'-વાજબી અને ગેરવાજબી, શકય અને અશકય વચ્ચેનો ફરક સમજાવવા માટેની ચોટદાર દૃષ્ટાંતવાળી કહેવત.

અનેકાર્થી શબ્દ: **ચંદો** =ચાંદો; ધાતુને પતરે લખી આપેલું બક્ષિશનામું; ચહેરો, મુખવટો; ગોળ આકાર કે ચકતું; ઘડિયાળના જ્યાં આંકડા પાડેલા હોય છે તે તકતી; ટોપીનો મથાળાનો ગોળ ભાગ; ખટપટી માણસ; નિશાન; ફાળો; બીજના આકારનું ઘરેણું કે ચકતું; મહોર કે છાપ; મહાદેવ; મહિનાનો છેલ્લો દિવસ.



કલાકણિકા: તેરમી-ચૌદમી સદીનું વૃષભાકાર મૃદ્-પાત્ર. રોજિંદા વપરાશનાં માટીનાં સામાન્ય પાત્રમાં પણ માણસે રેડેલા કલારસનું દ્યોતક. થોડા માસ પૂર્વે ઈઝરાએલમાં એ પ્રદર્શિત થએલું.

જેવાં લોખંડનાં પરનાળીદાર (કોરૂગેટેડ) પતરાં આવે છે એવાં, કાગળનાં પરનાળીદાર પૂઠાં પૅકિંગ માટે આવે છે. ભરવા-ગૂંથવાના સોયા, એવા પૂઠાની પરનાળીઓમાં ભરાવીને વીંટાળી લઈ મૂકવાથી સોયા સચવાશે.

सदयं हृदयं यस्य
भाषितं सत्य-भूषितम् ।
कायः परहितो यस्य
कलिः तस्य करोति किम्॥

જેના મનમાં દયા છે, જેની વાણી સત્યથી વિભૂષિત છે અને જેમનું શરીર પરોપકાર માટે છે તેને કલિયુગ કશું કરી શકતો નથી.



ટિકિટકથા: ઈ. ૧૯૨૯માં પોસ્ટલ યૂનિયન કૉંગ્રેસ નિમિત્તે બહાર પડેલી એક પાઉન્ડની કિંમતની એક ખાસ ટિકિટ સિવાય બ્રિટનની અર્ધા ક્રાઉનથી એક પાઉન્ડ સુધીની કિંમતની, જ્યૉર્જ પાંચમાની ટિકિટો બધી એકસરખી ડિઝાઈનની હતી. રૉયલ ઍકૅડેમીશીઅન સર બર્ટ્રામ મૅકૅન્લેના ડિઝાઈનવાળી એ ટિકિટો જુદાજુદા સમયે ત્રણ પ્રેસમાં છપાએલી, એટલે એમાં રંગ, કાગળ અને એની પાછળના ગુંદરમાં થોડોશો તફાવત પડતો હતો. સંગ્રાહકોમાં 'સી હૉર્સીઝ' નામે જાણીતી આ ટિકિટોની અછત તો નથી, પણ એની કિંમત પણ ઓછી નથી અંકાતી. એ ટિકિટો રદ્દીકરણની છાપ વિનાની હોય તો મૂળ અર્ધા ક્રાઉનની ટિકિટો ૧૦ પાઉન્ડમાં અને એક પાઉન્ડની ટિકિટો ૩૦૦ પાઉન્ડથી યે વધુ કિંમતે આજે વેચાય છે!



દુનિયા પર વજનમાં હળવામાં હળવું લાકડું બાલ્સા છે. તેના એક ઘનફૂટનું વજન છ જ રતલ થાય છે. જ્યારે ભારેમાં ભારે લાકડું 'બ્લૅક આયર્ન વૂડ' છે. એનું વજન એક ઘનફૂટે ૯૩ રતલ જેટલું થાય છે.

અંકસંદર્ભ: ચાર—ચાર દિશા: પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ; ચાર ખૂણા : ઈશાન, અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય; ચાર યુગ : કૃત (સત્ય) (૧૭ લાખ ૨૮ હજાર વર્ષ), ત્રેતા (૧૨ લાખ ૯૬ હજાર); દ્વાપર (૮ લાખ ૬૪ હજાર), કલિ (૪ લાખ ૩૨ હજાર)-એમ ચાર યુગ મળી કુલ ૪૩ લાખ ૨૦ હજાર વર્ષ મળી બ્રહ્માનો એક દિવસ.

થર્મોસને સાફ કરીને ઢાંકીને મૂકતાં પહેલાં એમાં થોડી ખાંડ નાખી રાખવાથી અંદરનો ભેજ શોષાઈ જઇને તેમાંથી આવતી લાક્ષણિક વાસ દૂર થશે.


લોઢી આદિ જે સાધનો પર રોટલી વગેરે થતાં હોય તેને બરાબર સાફ કરવા તે પર થોડું મીઠું ભભરાવી ભીના કપડા વતી લૂછજો. માત્ર પાણીથી ધોવાથી છિદ્રોનો મેલ સાફ નથી થતો.

'અનિલ'લહરી —————— રતિલાલ 'અનિલ'

ડાબેરીઓની ખુમારી ને જમણેરીઓની ખુવારી.
રાજકારણમાં તો મસોતાના જ વાવટા ફરકે.

ગણિતગમ્મત

૦×૮+૧	=૧
૧×૮+૩	=૧૧
૧૨×૮+૧૫	=૧૧૧
૧૨૩×૮+૧૨૭	=૧૧૧૧
૧૨૩૪×૮+૧૨૩૯	=૧૧૧૧૧
૧૨૩૪૫×૮+૧૨૩૫૧	=૧૧૧૧૧૧
૧૨૩૪૫૬×૮+૧૨૩૪૬૩	=૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭×૮+૧૨૩૪૫૭૫	=૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮×૮+૧૨૩૪૫૬૮૭	=૧૧૧૧૧૧૧૧૧
૧૨૩૪૫૬૭૮૯×૮+૧૨૩૪૫૬૭૮૯	=૧૧૧૧૧૧૧૧૧૧



આ આકૃતિમાં કેટલા ત્રિકોણ સમાયા છે તે તમે શોધી શકશો? માન્યામાં નહિ આવે, પણ એમાં ૪૭ ત્રિકોણ છે!

તુલસીના પાનનો રસ નાખીને ઉકાળી ઠંડા કરેલા તેલનાં ટીપાં કાનમાં મૂકવાથી કાનના ચસકા અને પરુ બંધ થાય છે.